દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 241 ■ વિક્રમ સંવત ૨૦૮૧
આશ્વિન વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 October 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
શનિવાર, ૧૧ ઑક્ટોબર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ટ્રમ્પને ઠેંગોઃ વેનેઝુએલાનાં મારિયા મચાડોને શાંતિનું નોબેલ


ઓસ્લોઃ વેનેઝુએલાના વિપક્ષનાં નેતા મારિયા કોરિના મચાડોને શાંતિ માટેના નોબેલ પુરસ્કાર માટે પસંદ કરાયા હતા, જ્યારે ભારત અને પાકિસ્તાન સહિત આઠ દેશના યુદ્ધ રોકવાનો દાવો કરતા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ આ પારિતોષિકથી વંચિત રહ્યા છે.

નોર્વેની નોબેલ સમિતિના અધ્યક્ષ જોર્ગેન વૉટ્ને ફ્રાઇડનેસે સંબંધિત જાહેરાત કરતા જણાવ્યું હતું કે વેનેઝુએલાના પ્રમુખપદની અગાઉ યોજાયેલી ચૂંટણીમાંના વિપક્ષનાં ઉમેદવાર મારિયા કોરિના મચાડોએ વિભાજિત વિપક્ષને ભેગો કરવામાં અને મુક્ત તેમ જ ન્યાયી ચૂંટણી યોજવાની માગણી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

નિષ્ણાતોના મત મુજબ નોબેલ પ્રાઇઝ (જુઓ પાનું ૨) ▶▶



## રાજકારણ રમાયુંઃ વાઈટ હાઉસનો બળાપો



વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર ન અપાતા વાઇટ હાઉસે નારાજગી વ્યક્ત કરી છે. વાઇટ હાઉસે આ નિર્ણયને રાજકારણથી પ્રેરિત ગણાવી નોબેલ વાઇટ હાઉસે સમિતિની આકરી ટીકા કરી હતી.વાઇટ હાઉસના પ્રવક્તાએ નોબેલ શાંતિ પુરસ્કારના નિર્ણયની ટીકા કરતા કહ્યું કે પસંદગી પ્રક્રિયા રાજકીય રીતે પક્ષપાતી હતી અને વૈશ્વિક શાંતિને પ્રોત્સાહન આપવાની સાચી પ્રતિબદ્ધતા પર (જુઓ પાનું ૨) ▶▶

## ઘૂસણખોરીને લીધે મુસ્લિમોની વસતિ વધી રહી છેઃ અમિત શાહ

નવી દિલ્હીઃ પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી કરવામાં આવતી ઘૂસણખોરીને કારણે દેશમાં મુસ્લિમોની સંખ્યા વધી રહી છે, એમ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કહ્યું હતું. દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધન કરતાં શાહે કહ્યું હતું કે દેશમાં મત આપવાનો અધિકાર માત્ર નાગરિકોને જ હોવો જોઈએ.

દેશમાં મુસ્લિમોની વસતિ ૨૪.૬ ટકા વધી છે તો સામે હિન્દુઓની વસતિ ૪.૫ ટકા ઘટી હોવાનું તેમણે કહ્યું હતું. હું તમને આ જણાવી રહ્યો છું કેમ કે ફર્ટિલિટી રૅટને કારણે નહીં, પરંતુ ઘૂસણખોરીને કારણે આ થયું છે, એમ તેમણે કહ્યું હતું.

ધર્મને આધારે દેશનું વિભાજન થયું હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારતની બંને તરફ પાકિસ્તાનની રચના થઈ હતી, પરંતુ ઘૂસણખોરી પાકિસ્તાન તરફથી કરવામાં (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનમાં ભડકો, અનેક શહેરમાં હિંસા, ઈન્ટરનેટ બંધ

### પેલેસ્ટાઈનના સમર્થકો બેફામ બન્યાઃ દેખાવો બેકાબૂઃ બેનાં મોત, અનેક ઘાયલ

**હિંસા બેફામઃ** પાકિસ્તાનના લાહોરમાં પેલેસ્ટાઈન તરફી દેખાવકારોએ જુમાની નમાજ પછી ભારે પથ્થરમારો કર્યો હતો. (એજન્સી)



રાવલપિંડીઃ છેલ્લા ઘણા દિવસોથી પાડોશી દેશ પાકિસ્તાનમાં પણ હવે સ્થિતિ વણસી રહી છે, દેશના અનેક ભાગોમાં સરકાર સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં જ પીઓકેમાં ઉઠેલા વિરોધ બાદ હવે આ વિરોધની આગ છેક રાજધાની ઇસ્લામાબાદ નજીક રાવલપિંડી સુધી પહોંચી ચૂકી છે અને ટીએલપી પાર્ટી દ્વારા શરૂ કરવામાં આવેલી માર્ચને કાબૂમાં લેવા માટે સરકારે ઈસ્લામાબાદ અને રાવલપિંડીમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે.

મળતી વિગતો અનુસાર, ટીએલપી પાર્ટીએ ઇસ્લામાબાદમાં અમેરિકી દૂતાવાસ બહાર ઈઝરાયલ વિરુદ્ધ એક મોટું પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ પંજાબ પોલીસે પાર્ટીના વડા સા'દ હુસૈન રિઝવીની ધરપકડ કરી હતી અને લાહોરમાં પાર્ટીના (જુઓ પાનું ૨) ▶▶

## ગ્રીન ફટાકડા પર સંપૂર્ણ બંધી સાવ અવ્યવહારુઃ સુપ્રીમ કોર્ટ

### આમ કહી શરતી મંજૂરી આપવાના અદાલતનાં સંકેત

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે શુક્રવારે ગ્રીન ફટાકડાના વેચાણ અંગે એક મહત્ત્વપૂર્ણ સુનાવણી હાથ ધરી હતી. કોર્ટે દિલ્હી-એનસીઆરમાં ગ્રીન ફટાકડાના વેચાણ પર પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યો હતો કે દિવાળી દરમિયાન ચોક્કસ શરતો સાથે ગ્રીન ફટાકડાના ઉપયોગની મંજૂરી આપવામાં આવી શકે છે. દિવાળીના થોડા દિવસો પહેલા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દિલ્હી-એનસીઆરમાં ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ વ્યવહારિક પણ નથી અને આદર્શ પણ નથી. કારણ કે (જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પને નોબેલ પ્રાઇઝ શું કામ ન મળ્યું?

ઓસ્લોઃ ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ સહિત દુનિયાના આઠ યુદ્ધ રોકવાનો દાવો કરનારા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને શાંતિ માટેના નોબેલ પુરસ્કાર માટે પસંદ ન કરાયા, તે માટેના વિવિધ કારણ નીચે મુજબ હોઇ શકે છેઃ

- ▶ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખપદની બીજી મુદત માટે સત્તા પર આવ્યા તેના થોડા દિવસ પછી એટલે કે જાન્યુઆરીના અંત સુધીમાં શાંતિ માટેના નોબેલ પુરસ્કાર માટે કુલ ૩૩૮ અરજી આવી હતી અને વધુ અરજી સ્વીકારવાનું બંધ કરી દેવાયું હતું.
- ▶ બીજું કારણ એ કે આ નોબેલ પુરસ્કાર ૨૦૨૪માં કરાયેલા કાર્ય માટે અપાયો છે. ટ્રમ્પ ૨૦૨૪માં અમેરિકાના પ્રમુખપદની બીજી મુદત માટે ચૂંટાયા હતા, પણ હોદ્દા પર નહોતા આવ્યા.
- ▶ ત્રીજું કારણ એ કે ટ્રમ્પ અમેરિકાના બે વખત પ્રમુખ બન્યા અને તેમનું નોબેલ પુરસ્કાર માટે નામાંકન ઇઝરાયલના બેન્જામીન નેતન્યાહુ, કમ્બોડિયાના વડા (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનને ઝટકોઃ આધુનિક મિસાઇલ આપવાની અમેરિકાની ના

ન્યૂ યૉર્કઃ અમેરિકાએ પાકિસ્તાનને મોટો આંચકો આપ્યો છે. જેમાં અમેરિકાએ પાકિસ્તાનને આધુનિક મિસાઈલ આપવાનો ઇનકાર કરી દીધો છે. આ અંગે અમેરિકા તરફથી એક નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં પાકિસ્તાનને કેટલાક હથિયારો આપવામાં આવશે. પરંતુ નવા કોઈ હથિયાર સપ્લાય કરવામાં નહી આવે. આ અંગે અમેરિકાના દૂતાવાસે એક નિવેદનમાં જણાવ્યું કે, ૩૦ સપ્ટેમ્બરના (જુઓ પાનું ૨) ▶▶

## કાબુલમાં દૂતાવાસ ફરી શરૂ કરશે ભારત

### અફઘાન ધરતીનો ભારત-વિરોધી પ્રવૃત્તિ માટે ઉપયોગ નહીં કરવા દેવાયઃ મુત્તાક્વીની બાંયધરી

નવી દિલ્હીઃ ભારતે કાબુલમાંના પોતાના ટૅક્નિકલ મિશનનો દરજ્જો અપગ્રેડ કરી (વધારી)ને એલચી કચેરીનો કરવાની અને અફઘાનિસ્તાનને ૨૦ એમ્બ્યુલન્સની ભેટ આપવાની જાહેરાત કરી હતી. અફઘાનિસ્તાને પોતાની ભૂમિનો દુરુપયોગ ભારત-વિરોધી પ્રવૃત્તિ માટે નહિ કરવા દેવાની બાંયધરી આપી હતી અને ભારતીય કંપનીઓને અફઘાનિસ્તાનમાં ખનિજોના ખનન માટે આમંત્રણ આપ્યું હતું.

ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર અને (જુઓ પાનું ૨) ▶▶

## ટ્રમ્પનો ગુસ્સો ઊતર્યો નથીઃ હજી વધુ આકરાં નિયંત્રણો એચ-વનબી પર લાવશે

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે તાજેતરમાં એચ-વનબી વિઝાની ફીમાં તોતિંગ વધારો કરીને ફી ૧૦૦,૦૦૦ ડૉલર કરી હતી, જેને કારણે અમેરિકામાં નોકરી ઇચ્છતા હજારો લોકોને ફટકો પડ્યો છે. વિદેશી કમર્ચારીઓને નોકરી આપતી અમેરિકાની કંપનીઓને પણ ફટકો પડ્યો છે. હવે ટ્રમ્પ વહીવટીતંત્ર એચ-વનબી વિઝા પર વધુ કડક નિયામો લાદવાની તૈયારી કરી રહ્યું છે. એમ્પ્લોયર્સ પરમિટનો ઉપયોગ કેવી રીતે કરી શકે અને તેના માટે લાયકાત અંગે વધારાના ઇમિગ્રેશન નિયંત્રણો લાદવામાં આવી શકે છે.

અહેવાલ મુજબ યુએસના હોમલેન્ડ સિક્યુરિટી ડીપાર્ટમેન્ટ તેના રેગ્યુલેટરી એજન્ડામાં એચ-વનબી વિઝા કેટેગરીના નિયમમાં ફેરફાર કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. પ્રસ્તાવમાં એચ-વનબી વિઝા માટેની જરૂરીતોનું ઉલ્લંઘન કરનારા એમ્પ્લોયર્સની વધુ વિગતે તપાસ કરવામાં આવશે, થર્ડ-પાર્ટી પ્લેસમેન્ટ પર દેખરેખ વધારવામાં આવશે, કેપ એક્સેમ્પ્શન માટે યોગ્યતામાં સુધારો કરવો અને અન્ય જોગવાઈઓ પણ શામેલ છે.અગાઉ કેટલાક અહેવાલો એમ પણ જણાવવામાં આવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર એચ-વનબી વિઝા લૉટરીને હટાવી, વેતન-આધારિત સિલેકશન પ્રક્રિયા લાગુ કરી શકે છે.

અમેરિકા સરકારે ૬૫,૦૦૦ એચ-વનબી વિઝાની વાર્ષિક મર્યાદા નક્કી કરી છે, જેમાં યુએસ યુનિવર્સિટીમાંથી માસ્ટર કે તેથી ઉચ્ચ ડિગ્રી ધરાવતા વ્યક્તિઓ માટે ૨૦,૦૦૦ ની છૂટ આપવામાં આવી છે.



ઉત્તરાખંડના હરિદ્વારમાં હર કી પૌડી ખાતે જાળવણી માટે નદીના પ્રવાહને અટકાવવામાં આવ્યા બાદ મૂલ્યવાન વસ્તુઓ શોધી રહેલા લોકો. (એજન્સી)

## ફિલિપાઇન્સમાં બે શક્તિશાળી ભૂકંપ



**વિનાશઃ** દક્ષિણ ફિલિપાઇન્સના દાવાઓ શહેરમાં ભૂકંપને કારણે થયેલી તારાજી. (એજન્સી)

મનિલાઃ દક્ષિણ ફિલિપાઇન્સમાં શુક્રવારે એક જ ક્ષેત્રમાં થોડા કલાકોના સમયગાળામાં બે શક્તિશાળી ભૂકંપ આવ્યા હતા. પ્રથમ ભૂકંપ સવારે ૭.૪ની તીવ્રતાનો આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા હતા. ભૂસ્ખલનની ઘટનાઓ બની હતી. હોસ્પિટલો અને શાળાઓને નુકસાન થયું હતું અને સુનામી ચેતવણીને કારણે નજીકના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી લોકોને અન્ય સ્થળે ખસેડવામાં આવ્યા હતા. (જુઓ પાનું ૨) ▶▶

## સબરીમાલા મંદિરમાં સોનાની હેરાફેરીઃ ફોજદારી કેસ નોંધવાનો હાઇ કોર્ટનો આદેશ

કોચી : કેરળ હાઈકોર્ટે શુક્રવારે રાજ્ય પોલીસને આદેશ આપ્યો હતો કે સબરીમાલા મંદિરના દરવાજાની ફ્રેમ અથવા લિન્ટરમાંથી સોનાના હેરાફેરી અંગે એક ફોજદારી કેસ નોંધીને તપાસ શરૂ કરવામાં આવે. જસ્ટિસ રાજા વિજયરાઘવન વી. અને જસ્ટિસ કે. વી. જયકુમારની ખંડપીઠે આ નિર્દેશ આપતા કહ્યું હતું કે અત્યાર સુધી કરવામાં આવેલી તપાસ સૂચવે છે કે દરવાજાની ફ્રેમનો સંબંધ છે ત્યાં સુધી સોનાની ઉચાપત થઈ છે. બેન્ચે કહ્યું હતું કે તેની સમક્ષ રજૂ કરાયેલ વિજિલન્સ રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે ''સોનાનો મોટો જથ્થો આશરે ૪૭૪.૯ ગ્રામ - ઉન્નીકૃષ્ણન પોટ્ટી (ગોલ્ડ પ્લેટિંગનો પ્રસ્તાવ મૂકનાર પ્રાયોજક) ને સોંપવામાં આવ્યો હતો.

કોર્ટે કહ્યું હતું કે, જોકે, રેકોર્ડમાં એવું જાહેર કરવામાં આવ્યું નથી કે સોનાનો આ જથ્થો ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ (ટીડીબી) ને સોંપવામાં આવ્યું હતું. બેન્ચે તેના દ્વારા રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ને દરવાજાની ફ્રેમના મુદ્દા તેમજ તપાસ દરમિયાન બહાર આવતા અન્ય તમામ પાસાઓની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

તેણે નિર્દેશ આપ્યો હતો કે વિજિલન્સ રિપોર્ટ ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ (ટીડીબી) સમક્ષ રજૂ કરવામાં આવે. જેને રાજ્ય પોલીસ વડાને મોકલવાનો આદેશ આપવામાં આવ્યો હતો. રાજ્ય પોલીસ વડાને એડીજીપી (ગુના અને કાયદો અને વ્યવસ્થા) એચ. વેંકટેશને આ મામલાના સંદર્ભમાં ફોજદારી કેસ નોંધવા અને તપાસ શરૂ કરવાનો નિર્દેશ આપવા કહેવામાં આવ્યું હતું.

નવમી ઓક્ટોબરના રોજ જાહેર કરાયેલા સરકારી આદેશ અનુસાર, એડીજીપી વેંકટેશ સીટનું નેતૃત્વ કરી રહ્યા છે. બેન્ચે સીટને સંપૂર્ણપણે નિષ્પક્ષ અને ઝડપી તપાસ કરવા નિર્દેશ આપ્યો હતો જેથી ગુનેગારો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી શકે. સીટને છ અઠવાડિયામાં રિપોર્ટ દાખલ કરવા અને દર બે અઠવાડિયામાં એકવાર કોર્ટમાં તપાસનો સ્ટેટસ રિપોર્ટ સબમિટ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો. બેન્ચે એમ પણ કહ્યું હતું કે સીટ કોર્ટને સીધી રીતે જવાબદાર રહેશે જેથી તપાસ અત્યંત વિવેક અને પ્રામાણિકતા સાથે હાથ ધરવામાં આવે તેની ખાતરી કરી શકાય. સીટને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તપાસની વિગતો જનતા કે મીડિયા સમક્ષ જાહેર ન કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.



ચાંપતી નજરઃ જમ્મુ-કાશ્મીરના જમ્મુની ભાગોળે ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ પર દૂરબીનની મદદથી ચાંપતી નજર રાખી રહેલો બૉર્ડર સિક્યોરિટી ફૉર્સ (બીએસએફ)નો અધિકારી. (એજન્સી)

## ભોપાલમાં નિવૃત્ત સરકારી ઇજનેર પર દરોડાઃ ત્રણ કરોડનું સોનું, ૧૭ ટન મધ જપ્ત

ભોપાલઃ મધ્ય પ્રદેશના પાટનગર ભોપાલમાં એક નિવૃત ઈજનેરના ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો. એન્ટિકરપ્શન બ્યૂરો દ્વારા પીડબલ્યુડી વિભાગના નિવૃત્ત ચીફ ઇજનેર જી.પી. મેહરાના નિવાસસ્થાન પર પાડવામાં આવેલા દરોડા દરમિયાન કરોડો રૂપિયાની બેનામી સંપત્તિનો પર્દાફાશ થયો હતો.ભ્રષ્ટ નિવૃત્ત એન્જિનિયરના ઘરેથી કરોડો રૂપિયાની રોકડ, ત્રણ કરોડ રૂપિયાથી વધુ કિંમતનું સોનું અને ચાંદી મળી આવ્યું હતું. તેમના ફાર્મહાઉસમાંથી ૧૭ ટન મધ પણ મળી આવ્યું હતું. એસીબીના ચાર ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ સ્તરના અધિકારીઓ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. ભોપાલ અને નર્મદાપુરમમાં ચાર સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.મણિપુરમ કોલોનીમાં આવેલા મહેરાના આલીશાન ઘરમાંથી અધિકારીઓને ૮.૭૯ લાખ રૂપિયા રોકડા, લગભગ ૫૦ લાખ રૂપિયાના દાગીના અને ૫૬ લાખ રૂપિયાની ફિક્સ્ડ ડિપોઝિટ મળી હતી. પરંતુ, તેનો સાચો ખજાનો તેમના બીજા ઘરમાં હતો, જે દાના પાણી પાસેની ઓપલ રીજન્સીમાં આવેલો એક આલીશાન એપાર્ટમેન્ટ હતો.



પશ્ચિમ બંગાળના નાદિયામાં દિવાળીના તહેવાર અગાઉ વર્કશોપમાં દેવી કાલીના માટીના મૉડેલ સાથે યુવતી. (એજન્સી)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જ્ઞાતિવાદ આઈપીએસનો ભોગ લે તેનાથી શરમજનક બીજું શું હોય?

**હરિયાણાના** સિનિયર આઈપીએસ અધિકારી વાય . પૂરણ કુમારની આત્મહત્યાએ ખળભળાટ મચાવ્યો છે. પૂરણ કુમારનાં આઈએએસ અધિકારી પત્ની અમનીત કૌર હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈની સાથે સત્તાવાર રીતે જાપાનની યાત્રાએ ગયેલાં ત્યારે પૂરણે ગોળી મારીને આપઘાત કરી લીધો હતો. પૂરણ કુમારે આપઘાત પહેલાં લખેલી સુસાઈડ નોટમાં હરિયાણાના ૧૫ ઉચ્ચ અધિકારીઓ પર પોતાને માનસિક યાતના આપીને આપઘાત કરવા મજબૂર કર્યા હોવાનો આક્ષેપ મૂક્યો છે.

હરિયાણાના પોલીસ વડા શત્રુઘ્ન કપૂર અને રોહતકના એસપી નરેન્દ્ર બિજરનિયા સહિતના અધિકારીઓએ છેલ્લા પાંચ વર્ષથી પોતાનું જીવવું હરામ કરી નાખ્યું હતું એવો આક્ષેપ પૂરણ કુમારની સુસાઈડ નોટમાં છે. પૂરણ કુમાર ૨૫ સપ્ટેમ્બરથી સુનારિયા-રોહતકના પોલીસ તાલીમ કેન્દ્રના ઇન્સ્પેક્ટર જનરલ (આઈજી) તરીકે ફરજ બજાવતા હતા. અંબાલા, રોહતક અને કુરુક્ષેત્ર સહિતના હરિયાણાના અનેક જિલ્લાઓમાં સેવા આપી ચૂકેલા પૂરણ એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ હતા અને મે ૨૦૩૩માં સત્તાવાર રીતે નિવૃત્ત થવાના હતા પણ ઉચ્ચ અધિકારીઓની કનડગતના કારણે તેમણે જીવનમાંથી જ કાયમી નિવૃત્તિ લઈ લીધી. પૂરણની સુસાઈડ નોટના આધારે પૂરણ કુમારનાં પત્નિ અમનીત પી. કુમારે મુખ્યમંત્રી સૈનીને ચાર પાનાની ફરિયાદ આપી તેમાં સુસાઇડ નોટમાં નામ આપવામાં આવેલા અધિકારીઓ સામે એફઆઈર નોંધાય, તેમને સસ્પેન્ડ કરાય, તેમની ધરપકડ કરવામાં આવે અને પરિવારને કાયમી સુરક્ષા પૂરી પાડવામાં આવે. અમનીતની ફરિયાદના આધારે એફઆઈઆર તો નોંધાઈ પણ હજુ સુધી કોઈ અધિકારી સામે પગલાં નથી લેવાયાં. નથી તેમને સસ્પેન્ડ કરાયા કે નથી તેમની ધરપકડ કરાઈ.

પૂરણ કુમારે સુસાઈડ નોટમાં કરેલા આક્ષેપો હિંદુ સમાજ હજુય જ્ઞાતિવાદના ગંદવાડમાં સબડે છે તેના પુરાવારૂપ છે. પૂરણ કુમારની આઠ પાનાંની સુસાઈડ નોટમાં આક્ષેપ છે કે, તેમને સવર્ણોના મનાતાં મંદિરોમાં જવા બદલ સતત હેરાન કરવામાં આવ્યા હતા. તેનો ડંખ રાખીને રજા મંજૂર ના કરાતાં પૂરણ કુમાર મૃત્યુ પહેલાં તેમના પિતાને મળી શક્યા ન હતા. સતત બદલીઓ કરાતી હતી અને જ્યાં કંઈ કામ ના કરવાનું હોય એવા હોદ્દા ઊભા કરીને ટ્રાન્સફર કરી દેવાતી હતી. ઘણી વાર તો અસ્તિત્વમાં ન હોય તેવા હોદ્દા પર મોકલીને અપમાનિત અને હાંસીને પાત્ર બનાવી દેવાયા હતા.

પૂરણ કુમારે અધિકારીઓના નામજોગ બીજા આક્ષેપો પણ કર્યા છે ને પોતાની કેવી રીતે કનડગત કરાતી હતી તેનો ચિઠ્ઠો ખોલી દીધો છે. પૂરણે આ અંગે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોમાં રજૂઆતો પણ કરેલી પણ કોઈ પરિણામ નહોતું આવ્યું. બલકે પરેશાન કરનારા અધિકારીઓને છાવરાતા તેથી એ બધા ફાટીને ધુમાડે ગયેલા.

પૂરણે મોતને વહાલું કરતાં પહેલાં આ વાતો લોકો સામે મૂકવાની જરૂર હતી ને સૌને ઉઘાડા પાડવાની જરૂર હતી. કમનસીબે પૂરણ એવી હિંમત ના બતાવી શક્યા પણ હવે તેમનાં પત્ની અમનીત કૌર પતિને ન્યાય અપાવવા મેદાને પડ્યાં છે. પૂરણ કુમારનાં પત્ની અમનીત કૌર શીખ છે અને આઈએસ ઓફિસર છે. હરિયાણા સરકારના વિદેશ સહકાર બાબતોના વિભાગમાં સેક્રેટરી અને કમિશનર અમનીત કૌર ૨૦૦૧ની બેચનાં આઈએએસ અધિકારી છે. પૂરણ કુમાર ૨૦૦૧ની બેચના આઈપીએસ અધિકારી હતા. બંને મસૂરીની લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડમી ઓફ એડમિનિસ્ટ્રેશનમાં પહેલી વાર મળ્યાં ને પ્રેમમાં પડીને પરણી ગયાં હતાં.

પૂરણ કુમાર સામાન્ય પરિવારના હતા પણ અમનીત પોતે વગદાર પરિવારમાંથી આવે છે. અમનીતના પિતા બાબુ સિંહ ઈન્કમટેક્સ ઓફિસર હતા જ્યારે અમનીતનો ભાઈ, અમિત રતન પંજાબ વિધાનસભાની ભટિંડા ગ્રામીણ બેઠકનો ધારાસભ્ય છે. અમિતની પત્ની સનમીત કૌર ૨૦૦૭ બેચની નાગાલેન્ડ કેડરની આઈપીએસ અધિકારી છે. સનમીત કૌર હાલમાં રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (NCSC) માં ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (DIGP) છે. ૨૦૨૨ માં સનમીતની પાંચ વર્ષના કાર્યકાળ માટે નિમણૂક થઈ હતી.

અમિત પહેલાં શિરોમણિ અકાલી દળમાં હતો. ૨૦૧૭માં અમિત અકાલી દળના ઉમેદવાર તરીકે હારી ગયેલો. અમિત સામે યુવાઓને સરકારી નોકરીનાં આંબા-આંબલી બતાવીને રૂપિયા ખંખેરવાના આક્ષેપો થયા હતા. આ આક્ષેપોના કારણે ૨૦૨૦માં અકાલી દળે અમિતને તગેડી મૂક્યો હતો. અરવિંદ કેજરીવાલે તેનો હાથ પકડ્યો અને ૨૦૨૨ની ચૂંટણીમાં ટિકિટ આપી. અમિત સામે પંજાબ આપના નેતાઓનો વિરોધ હતો અને કિસાન સંગઠનોએ તો યુવાઓ સાથે ઠગાઈ બદલ તેના ઘર સામે ત્રણ દિવસ ધરણાં કરેલાં છતાં અમિત કૉંગ્રેસ અને અકાલી દળ વિરોધી લહેરમાં ૩૦ હજારથી વધારે મતે જીતી ગયેલો.

ધારાસભ્ય બન્યા પછી પણ અમિત રતન વિવાદોમાં સપડાયો છે. ફેબ્રુઆરી ૨૦૨૩માં પંજાબ વિજિલન્સ વિભાગે અમિત રતનની ચાર લાખ રૂપિયાની લાંચ માગવાના કેસમાં ધરપકડ કરીને જેલભેગો કરી દીધો હતો પણ મુખ્યમંત્રી ભગવંત માનના પગ પકડી લેતાં છોડી મુકાયો હતો. ટૂંકમાં અમનીત કૌરનો પરિવાર ખમતીધર અને વગદાર છે તેથી પતિને ન્યાય અપાવવા માટે અમનીત કૌર લડી શકે છે.

જો કે અમનીત પાવરફુલ છે તો સામે પણ પાવરફુલ લોકો છે. શત્રુજીત કપૂર તો પંજાબ પોલીસના વડા છે ને બીજા પણ સિનિયર પોલીસ અધિકારીઓ છે. એ લોકો પણ પાછલી જિંદગીમાં જેલમાં તળિયા તપાવવા પડે ને ધોળામાં ધૂળ પડે એવું ના જ ઈચ્છે તેથી નિર્દોષ છૂટવા માટે પૂરી તાકાત લગાવી જ દેશે. આ સંજોગોમાં અમનીત માટે ન્યાય માટેની લડાઈ સરળ નથી. અમનીત પોતે સરકારમાં છે અને પાવરફુલ આઈએએસ ઓફિસર છે તેથી આ લડાઈમાં તેમને પાડી દેવા માટે તેમની સામે આક્ષેપો થશે ને બીજા દાવપેચ પણ થશે જ.

અમનીતના જંગનું શું પરિણામ આવશે એ ખબર નથી પણ પૂરણ કુમારનો આપઘાત આપણી કલંક કથા છે તેમાં શંકા નથી. આ દેશમાં એક આઈપીએસ અધિકારીને કહેવાતી નીચલી જ્ઞાતિનો હોવાના કારણે હડધૂત કરાતો હોય, તેની સાથે ભેદભાવ કરાતો હોય તો સામાન્ય દલિતોની શું હાલત હશે એ વિચારવાની જરૂર છે. અમનીત તો પતિ માટે લડી શકે છે કેમ કે આઈએએસ અધિકારી છે પણ પૂરણ જેવા તો કેટલાય મરી જતા હશે ને કોઈને ખબર પણ નહીં પડતી હોય. આઝાદીનાં ૭૮ વર્ષ પછી પણ આ દેશ આવી સંકુચિત માનસિકતા સાથે જીવે છે ને પછાતપણામાં સબડે છે એ જોઈને ખરેખર આઘાત લાગે છે.

આપણે સાંભળ્યા કરીએ છીએ કે, છેલ્લાં કેટલાંક વરસોમાં હિંદુત્વનો પ્રભાવ વધ્યો છે, હિંદુઓમાં એકતા મજબૂત થઈ છે પણ પૂરણ કુમારનો કિસ્સો એ વાતનો પુરાવો છે, આ વાતો એક ભ્રમથી વધારે કંઈ નથી. હિંદુઓમાં હજુય સવર્ણો અને નીચલી જ્ઞાતિ એવા ભેદભાવ છે જ. પૂરણ કુમારે આ ભેદભાવનો ભોગ બનીને જીવ આપ્યો પછી હિંદુઓ જાગે તો સારું કે જેથી ફરી પૂરણ કુમાર જેવા કોઈનો ભોગ ના લેવાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, શનિવાર, તા. ૧૧-૧૦-૨૦૨૫, શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગ

- ભારતીય દિનાંક ૧૯, માહે આશ્વિન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, આશ્વિન વદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે આશ્વિન, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર રોહિણી બપોરે ક. ૧૫-૧૯ સુધી, પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રિ પછી ક.૨૬-૨૩ સુધી, પછી મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૯ (તા. ૧૧)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૫, રાત્રે ક. ૨૦-૨૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ - પંચમી. શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગ (પ્રયાણે વર્જ્ય) સૂર્યોદયથી ક. ૧૫-૨૯. સૂર્ય મહાનક્ષત્ર, ચિત્રામાં, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિ-ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, બ્રહ્માજીનું પૂજન, વડનું પૂજન, વાહન, રથનું પૂજન, શનિ રોહિણી અમૃતસિદ્ધિ યોગમાં વિશેષરૂપે શનિદેવતાનું પૂજન, હવન, નૈવેદ્ય, બ્રહ્માજીનું પૂજન, વસ્ત્ર, આભૂષણ, ઘોડા, હાથી રાજ્યાભિષેક, સ્થિર પ્રકારનાં કાર્યો. પરગામ પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં, રાજ્યાભિષેક, દુકાન-વેપાર, ધાન્ય ભરવું, બી વાવવું, ધાન્ય વેંચવું, લાંબા સમયનાં ઉપયોગી કાર્યો, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ નિષ્ફળતાનો ભય, શનિ-શુક્ર પ્રતિયુતિ ખોટા પ્રકારની આદતો
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, શનિ-શુક્ર પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય કન્યા, મંગળ-તુલા, માર્ગી બુધ-તુલા, ગુરુ-મિથુન, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## અમેરિકાની ઐસી તૈસીઃ રશિયાએ ઑઇલ પર ભારતને ડબલ ડિસ્કાઉન્ટની ઑફર કરી

મૉસ્કોઃ રશિયા સાથેના ક્રૂડતેલના વેપાર બાબતે અમેરિકાએ વધારાનો પચીસ ટકા ટેરિફ લાદ્યો હોવા વચ્ચે ભારત રશિયન ક્રૂડતેલની આયાત કરવા ફરી સજ્જ થઈ ગયું છે.

અમેરિકા સાથે વેપારને મુદ્દે વાતચીત ચાલી રહી છે અને રશિયાએ મોટા પ્રમાણમાં ડિસ્કાઉન્ટ આપવાની અને પૂરતો પુરવઠો ઉપલબ્ધ કરવાની બાંયધરી આપી હોવાને પગલે ભારતની તેલ કંપનીઓ આવનારાં મહિનાઓમાં રશિયાથી તેલની આયાત વધારવાની યોજના બનાવી રહી છે.

એક અહેવાલ મુજબનવેમ્બર માટે ક્રૂડતેલના પ્રતિબેરલ બેથી અઢી ડૉલર ડિસ્કાઉન્ટની રશિયાએ કરેલી જાહેરાત અતિ આકર્ષક છે.

આ ડિસ્કાઉન્ટ જુલાઈ-ઑગસ્ટના પ્રતિબેરલ એક ડૉલરના ડિસ્કાઉન્ટની સરખામણીએ બમણાં કરતાં પણ વધુ છે.

રશિયન ક્રૂડ આ ઑક્ટોબરમાં દૈનિક ૧.૭ મિનિયન બેરલ સુધી પહોંચે એવી શક્યતા છે જે અગાઉના મહિનાની સરખામણીએ છ ટકાનો વધારો સૂચવે છે. (એજન્સી)

## જમ્મુ-કાશ્મીરને સંપૂર્ણ રાજયનો દરજજો કેમ નહીં ?ઃ સુપ્રીમનો સવાલ

નવી દિલ્હીઃ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટેની માગ પ્રબળ થઇ રહી છે. આ માગ સાથેની એક અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે, ગઇ કાલે આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકારને સવાલ કોર્યો કે જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો કેમ ન મળવો જોઈએ? આ પ્રશ્નનો જવાબ દાખલ કરવા માટે કોર્ટે કેન્દ્ર સરકારને ચાર અઠવાડિયાનો સમય આપ્યો છે.

દેશ મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની બેન્ચે જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા માટે કેટલીક અરજીઓ પર સુનાવણી કરી હતી. અરજદારોમાં શિક્ષણવિદ્ ઝહૂર અહમદ ભટ અને સામાજિક-રાજકીય કાર્યકર્તા અહમદ મલિકની અરજીઓનો સમાવેશ થાય છે.અરજીમાં અરજદારોએ જણાવ્યું કે જમ્મુ અને કાશ્મીરને વહેલી તકે રાજ્યનો દરજ્જો આપવા કેન્દ્ર સરકારે વચન આપ્યું હતું, અરજદારોએ અપીલ કરી કે કોર્ટ કેન્દ્રને તેના વચનનું પાલન કરવા આદેશ આપે.સુનાવણી દરમિયાન, અરજદારોના વકીલે સુપ્રીમ કોર્ટે ડિસેમ્બર, ૨૦૨૩માં આપેલા ચુકાદાનો ઉલ્લેખ કર્યો. એ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરવાના નિર્ણયને યોગ્ય ઠેરવી હતી. એ કેસની સુનાવણી દરમિયાન કેન્દ્રએ જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવા બાંયધરી આપી હતી.

## ઇટલીમાં બુરખા પર બંધી મૂકવાની તૈયારી

રોમઃ ઈટલીનાં વડાં પ્રધાન જ્યોર્જિયા મેલોનીની સરકારે દેશમાં સાર્વજનિક સ્થળોએ બુરખા અને નકાબ પહેરવા પર પ્રતિબંધ મૂકવાની દિશામાં મોટું પગલું ભર્યું છે. ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર, સત્તાધારી પક્ષ બ્રધર્સ ઓફ ઈટાલીના સાંસદો દ્વારા સંસદમાં સાર્વજનિક સ્થળોએ બુરખા અને નકાબ પહેરવા પર પ્રતિબંધ સંબંધિત એક બિલ રજૂ કરવામાં આવ્યું હતું, જેનો હેતુ ઈસ્લામ સાથે જોડાયેલા સાંસ્કૃતિક અલગાવવાદનો સામનો કરવાનું છે.

આ બિલ જો કાયદો બનશે, તો તે સમગ્ર દેશમાં તમામ સાર્વજનિક સ્થળો, શાળાઓ, યુનિવર્સિટીઓ, દુકાનો અને ઓફિસોમાં ચહેરો ઢાંકતા કપડાં (બુરખા કે નકાબ) પર પ્રતિબંધ મૂકવામાં આવશે.

## હવાઇ હુમલાઃ પાકિસ્તાનને અફઘાનિસ્તાનની ચેતવણી

નવી દિલ્હીઃ તાલિબાન સરકારે શુક્રવારે રાજધાની કાબુલમાં મોડી રાત્રે થયેલા બે વિસ્ફોટો બાદ પાકિસ્તાન પર સરહદી શહેર પર બૉમ્બમારો કરવાનો અને અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો છે.સંરક્ષણ મંત્રાલયે સોશ્યલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે પાકિસ્તાને અફઘાનિસ્તાનના હવાઇ ક્ષેત્રનું ઉલ્લંઘન કર્યું છે. તેમણે દુરાન્ડ લાઇન નજીક પક્તિકાના માર્ગી વિસ્તારમાં એક નાગરિક બજારમાં બૉમ્બમારો કર્યો અને કાબુલના સાર્વભૌમ ક્ષેત્રનું પણ ઉલ્લંઘન કર્યું છે.

નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે આ એક અપૂર્વ, હિંસક અને ઉશ્કેરણીજનક કૃત્ય છે. અમે અફઘાન હવાઇ ક્ષેત્રના આ ઉલ્લંઘનની સખત નિંદા કરીએ છીએ. અમારા પ્રદેશનું રક્ષણ કરવું અમારો અધિકાર છે.

## અન્ડર ટ્રાયલ કેદીઓ મત આપી શકે?ઃ કોર્ટે જવાબ માગ્યો

નવી દિલ્હીઃ ભારતની જેલમાં સબડી રહેલા અંદાજે સાડાચાર લાખ અન્ડર ટ્રાયલ કેદીઓના મતાધિકારને માન્યતા આપવાની માગણી કરતી જનહિતની અરજીને મામલે સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચની પ્રતિક્રિયા માગી હતી.

રિપ્રેઝન્ટેશન ઑફ પીપલ્સ ઍક્ટ, ૧૯૫૧ની કલમ ૬૨ (૫) હેઠળ અન્ડર ટ્રાયલ કેદીઓના મતાધિકાર પર લાદવામાં આવેલો પ્રતિબંધ બંધારણ અને આંતરરાષ્ટ્રીય લોકશાહીના નિયમોનો ભંગ કરતો હોવાની પ્રશાંતભૂષણની રજૂઆતને મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રનની બનેલી ખંડપીઠે નોંધ લીધી હતી.

પંજાબના પટિયાલાની રહેવાસી સુનિતા શર્માએ કાયદા અને ન્યાય ખાતા મારફતે કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચને પ્રતિવાદી બનાવ્યા હતા.

જે કેદીઓ ચૂંટણી સંબંધિત ગુના કે ભ્રષ્ટાચારને મામલે દોષી ન ઠર્યા હોય તેમને મતદાન કરવાના તેમના લોકશાહી અધિકારથી વંચિત ન રાખી શકાય તેની ખાતરી કરવા ન્યાયતંત્રની દરમિયાનગીરીની અરજીમાં માગણી કરી હતી. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પને ઠેંગોઃ

વિજેતાનું નામ નક્કી કરતી સમિતિએ લાંબા-ગાળાની ટકાઉ શાંતિ સ્થાપવા અને આંતરરાષ્ટ્રીય ભાઇચારાને પ્રોત્સાહન આપવા માટે યોગદાન આપનારી વ્યક્તિ તરીકે વેનેઝુએલાના મારિયા કોરિના મચાડોને વધુ યોગ્ય ગણ્યા લાગે છે.

અગાઉ, જાપાન પરના અણુબૉમ્બના હુમલામાંથી બચી ગયેલા લોકો વતી દાયકાઓ સુધી ચળવળ ચલાવનારા નિહોન હિડાન્ક્યોને ગયા વર્ષે શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર એનાયત કરાયો હતો.

મારિયા કોરિના મચાડોએ શાંતિ માટેનું નોબેલ પ્રાઇઝ જીતવાના સમાચાર સાંભળીને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

મારિયા કોરિના મચાડો પર પ્રમુખપદની ચૂંટણી લડવા પ્રતિબંધ મુકાયો, તે પછી તેમના સ્થાને એડમન્ડો ગોન્ઝાલેઝ ઉર્રુટિઆ ચૂંટણીમાં ઊભા રહ્યા હતા. (એજન્સી)

### કોણ છે આ વેનેઝુએલાની આયર્ન લૅડી?

મારિયા કોરિના મચાડો વેનેઝુએલામાં લોકોના લોકશાહી અધિકારોના સમર્થન માટે કાર્ય કરે છે. તેમને આ પુરસ્કાર સરમુખ્યતારશાહી માંથી લોકતંત્રમાં ન્યાયપૂર્ણ અને શાંતિપૂર્ણ સંક્રમણનો સંઘર્ષ માટે આપવામાં આવ્યો છે.

વેનેઝુએલાની વિપક્ષની નેતા અને હાલ છુપાઈને રહેતા મારિયા કોરિના મચાડોને આયર્ન લેડી નામથી પણ ઓળખવામાં આવે છે. તેમને ટાઈમ્સ મેગેઝિનમાં વર્ષ ૨૦૨૫માં ૧૦૦ સૌથી વધુ પ્રભાવશાળી લોકોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા હતા.

મારિયા કોરિના મચાડોનો જન્મ ૭ ઓક્ટોબર, ૧૯૬૭ ના રોજ થયો હતો. તે વેનેઝુએલાના એક અગ્રણી વિપક્ષી નેતા અને ઔદ્યોગિક ઇજનેર છે. વર્ષ ૨૦૦૨ માં તેમણે વોટ મોનિટરિંગ ગ્રુપ સુમાટેની સ્થાપના કરી અને વેન્ટે વેનેઝુએલા પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક છે. તેમણે વર્ષ ૨૦૧૧-૨૦૧૪ સુધી વેનેઝુએલાની રાષ્ટ્રીય સભાના સભ્ય તરીકે સેવા આપી હતી. નિકોલસ માદુરો સરકારે તેમને દેશ છોડવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

### ટ્રમ્પને નોબેલ

પ્રધાન હુન મેનેટ, યુક્રેનના રાજકારણી સહિત અનેક નેતાએ ઘણી વખત રજૂ કર્યું હતું. આમ છતાં, નોબેલ પારિતોષિક માટે કોઇનું નામાંકન ભરાયું હોય, તો તેનો અર્થ એવો નથી થતો કે તેઓ આ પ્રાઇઝ જીતવા માટે આપમેળે ઉમેદવાર બની જાય છે. નોબેલ સમિતિ વિજેતાનું નામ જાહેર ન થાય ત્યાં સુધી સ્વીકારાયેલા નામાંકન અંગે કોઇ અન્ય લોકોને નથી જણાવતી.

▶ નોબેલ સમિતિએ શાંતિ માટેના નોબેલ પ્રાઇઝના વિજેતા વેનેઝુએલાના વિપક્ષનાં નેતા મારિયા કોરિના મચાડોનું નામ જાહેર કરતી વખતે જણાવ્યું હતું કે મચાડોએ શાંતિ અને લોકશાહીની સ્થાપના માટે અદ્ભુત કાર્ય કર્યું હતું. શાંતિ સ્થાપવા માટે લોકશાહી જરૂરી છે. હાલના વિશ્વમાં લોકશાહીની 'અધોગતિ' થઇ રહી છે અને સરમુખત્યારશાહીનું જોર વધી રહ્યું છે, એવા પડકારરૂપ સંજોગમાં મચાડોએ હિંસા રોકવા ઘણું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.ટ્રમ્પ અમુક વખત સરમુખત્યારની જેમ વર્તન કરતા હોવાથી નિષ્ણાતો અમેરિકાના પ્રમુખને નોબેલ શાંતિ પુરસ્કારથી વંચિત રાખવાનું પગલું યોગ્ય ગણે છે.

### પાકિસ્તાનમાં ભડકો

હેડક્વાર્ટર પર દરોડો પાડ્યો હતો. આ દરમિયાન પોલીસ અને પાર્ટીના કાર્યકર્તાઓ વચ્ચે સંઘર્ષ થયો હતો અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસે અખત્યાર કરેલા કડક વલણના વિરોધઆમ હિંસક પ્રદર્શન શરૂ કરી દેવામાં આવ્યું હતું.

એસોસિએટેડ પ્રેસે અહેવાલ આપ્યો છે કે, પાકિસ્તાનના લાહોરમાં શુક્રવારે જ્યારે સુરક્ષા દળોએ હજારો વિરોધીઓને ઇસ્લામાબાદ જતા અટકાવવાનો પ્રયાસ કર્યો હતો, જ્યાં આંદોલનકારીઓએ યુએસ એમ્બેસી બહાર ગાઝા તરફી રેલી કાઢી હતી ત્યારે પોલીસ અને ઇસ્લામવાદીઓ વચ્ચે હિંસક અથડામણો થઈ હતી, .

ગુરુવારથી પંજાબ પ્રાંતમાં શરૂ થયેલી અશાંતિ આજે વધુ તીવ્ર બની હતી કારણ કે પોલીસે વિરોધીઓને વિખેરવા માટે લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો, જેમણે પછી પથ્થરમારો કર્યો હતો.ઈસ્લામિક તહરીક-એ-લબ્બૈક પાકિસ્તાન (ટીએલપી) પાર્ટીએ જણાવ્યું હતું કે ગુરુવારથી તેના બે સમર્થકો માર્યા ગયા છે અને ૫૦ ઘાયલ થયા છે. મુખ્ય પ્રધાન મરિયમ નવાઝ શરીફના નેતૃત્વ હેઠળની પંજાબ પ્રાંતીય સરકારે હજુ સુધી કોઈ ટિપ્પણી કરી નથી.

### ગ્રીન ફટાકડા

આવા પ્રતિબંધોનું વારંવાર ઉલ્લંઘન કરવામાં આવે છે અને ન્યાય ઉચિત સંતુલન જરૂરી છે.

મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં ગ્રીન ફટાકડા બનાવવા અને વેચવાની પરવાનગી માગતી અરજીઓ પર પોતાનો આદેશ અનામત રાખતા આ ટિપ્પણીઓ કરી હતી. કેન્દ્ર, એનસીઆર રાજ્યો તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા સંપૂર્ણ પ્રતિબંધ હટાવવા માટે રજૂઆતો કરવામાં આવી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે બાળકોને દિવાળી અને અન્ય તહેવારો પર કોઈપણ સમય મર્યાદા વિના ફટાકડા ફોડવાની મંજૂરી આપવી જોઈએ.

દિલ્હી-એનસીઆરમાં ૨૦૧૮થી લાગુ કરાયેલા સંપૂર્ણ પ્રતિબંધ પર પ્રશ્ન ઉઠાવતા બેન્ચે અધિકારીઓ અને અન્યોના વકીલને પૂછ્યું કે શું પ્રતિબંધના પરિણામે વાયુ પ્રદૂષણમાં કોઈ નોંધપાત્ર તફાવત આવ્યો છે.

ચીફ જસ્ટિસે પૂછ્યું હતું કે શું ૨૦૧૮ બાદથી હવા ગુણવત્તા સૂચકાંકમાં સુધારો થયો છે કે ઘટાડો થયો છે? શું તે સમયે પ્રદૂષણ હાલની તુલનામાં ઘણું ઓછું હતું?

### કાબુલમાં

અફઘાનિસ્તાનના વિદેશ પ્રધાન આમિર ખાન મુત્તાક્વી વચ્ચેની મંત્રણા દરમિયાન બન્ને નેતા દ્વિપક્ષી વેપાર વધારવા પગલાં લેવા સહમત થયા હતા.

કાબુલ હવે ભારત સાથેના સંબંધ વધારવા માટે પોતાના રાજદ્વારીઓને ભારત મોકલવાનું તબક્કાવાર શરૂ કરશે. ભારતે અફઘાનિસ્તાનમાં નિરાશ્રિતો માટે ઘર બાંધવામાં મદદ કરવાની તૈયારી બતાવી હતી. ભારત અફઘાનિસ્તાનમાં નવા છ પ્રૉજેક્ટ હાથ ધરશે અને તેની વિગત ટૂંક સમયમાં જાહેર કરાશે.અગાઉ, તાલિબાને અફઘાનિસ્તાનમાં ૨૦૨૧ના ઑગસ્ટમાં સત્તા કબજે કરી, તે પછી ભારતે કાબુલમાંની પોતાની એલચી કચેરીના અધિકારીઓને સ્વદેશ પાછા બોલાવ્યા હતા, પરંતુ બાદમાં અફઘાનિસ્તાનની રાજધાનીમાં પોતાની 'ટૅક્નિકલ ટીમ' મોકલીને રાજદ્વારી સંબંધ ફરી શરૂ કર્યા હતા. હવે આ ટૅક્નિકલ ટીમ એચલી કચેરીનું કામ સંભાળશે.

અફઘાનિસ્તાનના વિદેશ પ્રધાન આમિર ખાન મુત્તાક્વીએ બાંયધરી આપી હતી કે કાબુલમાંના શાસકો પોતાના દેશની ભૂમિનો દુરુપયોગ ભારત-વિરોધી પ્રવૃત્તિ માટે થવા નહિ દે.

બન્ને દેશે ત્રાસવાદી સંગઠન આઇએસઆઇએસને પ્રાદેશિક શાંતિ માટે પડકારરૂપ ગણાવ્યું હતું. (એજન્સી)

### પાકિસ્તાનને ઝટકો

રોજ ડિપાર્ટમેન્ટ ઓફ વોરે પાકિસ્તાન સહિત અનેક દેશોને હથિયાર વેચવાની જાહેરાત કરી હતી. જેમાં કેટલાક મીડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે અમેરિકા પાકિસ્તાનને એડવાન્સ મીડિયા રેન્જ એરટુએર મિસાઈલ આપશે. અમેરિકા આ અંગે સ્પષ્ટ ઇનકાર કર્યો છે.

પાકિસ્તાનની અનેક મીડીયા ચેનલે દાવો કર્યો હતો કે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ વોર દ્વારા પાકિસ્તાનને એએમઆરએએમ મિસાઇલોના વેચાણને મંજૂરી આપવામાં આવી છે. તેમજ ટક્સન, એરિઝોના સ્થિત કંપની રેથિયોન પાકિસ્તાનને અદ્યતન મિસાઇલો સપ્લાય કરશે.

આ રિપોર્ટ્સને પાકિસ્તાનની વાયુસેનાની લશ્કરી ક્ષમતાઓને વધારવા માટે અમેરિકા દ્વારા એક પગલા તરીકે જોવામાં આવી રહ્યું હતું.પરંતુ અમેરિકાએ હવે સ્પષ્ટતા કરી છે કે તેની આવી કોઈ યોજના નથી.

### રાજકારણ રમાયું

આધારિત નહોતી. તેમજ ફરી એકવાર નોબેલ સમિતિએ સાબિત કર્યું છે કે તેઓ શાંતિ કરતાં રાજકારણને મહત્ત્વ આપે છે.

ઉલ્લેખનીય છે કે, વાઇટ હાઉસ અને ડોનલ્ડ ટ્રમ્પે નોબેલ પુરસ્કાર મેળવવા માટે અનેક પ્રયાસો કર્યા હતા. પરંતુ શુક્રવારે સમિતિના નિર્ણયથી ટ્રમ્પ અને વ્હાઇટ હાઉસને મોટો ઝટકો લાગ્યો. સમિતિએ લોકશાહીને પ્રોત્સાહન આપવાના પ્રયાસો બદલ વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોને એવોર્ડ આપવાની જાહેરાત કરીને ટ્રમ્પની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

### ફિલિપાઈન્સમાં

જોકે બાદમાં સુનામીની ચેતવણી પાછી ખેંચી લેવામાં આવી હતી.

બીજા ભૂકંપની પ્રાથમિક તીવ્રતા ૬.૯ની હતી. ફિલિપાઇન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજી એન્ડ વોલ્કેનોલોજીના વડા ટેરેસિટો બૈકોલકોલે જણાવ્યું હતું કે શુક્રવારે રાત્રે દાવો ઓરિએન્ટલ પ્રાંતના મનાય શહેરમાં આવેલો ભૂકંપ ફિલિપાઇન ટ્રેન્ચ નામના ફોલ્ટ લાઇનમાં થયેલી હલનચલનને કારણે આવ્યો હતો. તે સ્પષ્ટ થયું નથી કે તે અલગ ભૂકંપ હતો કે ૭.૪ની તીવ્રતાના ભૂકંપનો આફ્ટરશોક હતો.

તાજેતરના ભયંકર ભૂકંપ અને એક પછી એક વાવાઝોડાના કારણે ફિલિપાઇન્સે તાજેતરમાં જ અનેક કુદરતી આફતોનો સામનો કર્યો છે. રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે જણાવ્યું હતું કે સંભવિત નુકસાનનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે અને બચાવ ટીમો અને રાહત કામગીરી તૈયાર કરવામાં આવી રહી છે.

પહેલો ભૂકંપ દાવાઓ ઓરિએન્ટલ પ્રાંતના મનાય શહેરથી લગભગ ૪૩ કિલોમીટર (૨૭ માઇલ) પૂર્વમાં સમુદ્રમાં ૨૩ કિલોમીટર (૧૪ માઇલ) ની ઊંડાઈએ ફિલિપાઇન ટ્રેન્ચમાં હલનચલનને કારણે આવ્યો હતો.

### ઘૂસણખોરીને લીધે

આવી રહી હોવાને કારણે વસતિમાં આ પરિવર્તન જોવા મળી રહ્યું છે.

એસઆઈઆરને ટેકો આપતાં તેમણે કહ્યું હતું કે મતદાર યાદીમાં ઘૂસણખોરોના નામનો સમાવેશ બંધારણના સાચા અર્થને દૂષિત કરે છે.

તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે દેશમાં મત આપવાનો અધિકાર માત્ર નાગરિકોને જ હોવો જોઈએ.

ઘૂસણખોરી રાષ્ટ્રીય મુદ્દો હોવાને કારણે ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલા મતદાર યાદીના એસઆઈઆરને રાજકીય દૃષ્ટિથી જોવામાં ન આવવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# ગુજરાતમાં ત્રણ વર્ષમાં ૯૦૦૦ બળાત્કારઃ વિવિધ ગુનાના ૮ હજાર આરોપી હજુ ફરાર

અમદાવાદઃ તાજેતરમાં યોજાયેલા વિધાનસભા સત્રમાં સરકારે આપેલી માહિતી મુજબ જૂન ૨૦૨૨થી મે ૨૦૨૫ સુધી, દુષ્કર્મના કુલ કેસમાંથી ગ્રામીણ વિસ્તારોમાં ૬૦ ટકા એટલે કે ૫૩૩૦ અને શહેરી વિસ્તારમાં ૪૦ ટકા એટલે કે ૩૫૧૯ કેસ નોંધાયા હતા. ગુજરાતમાં ૩ વર્ષમાં દુષ્કર્મના ૮૮૪૯ કેસ નોંધાયા છે, એટલે કે દર દિવસે સરેરાશ ૮ દુષ્કર્મના કેસ નોંધાય છે. તે જ પ્રકારે એનસીઆરબીના ડેટા મુજબ, ગુજરાતમાં ૩ ટકા આરોપીઓને પણ દુષ્કર્મના કેસમાં દોષી ઠરાવવામાં આવ્યા નથી. આ સમયગાળા દરમિયાન ૨૮૮૨ હત્યા એટલે કે રોજ સરેરાશ ૨ કે ૩ હત્યા નોંધાઇ છે. આ ઉપરાંત વિદેશી, બિયર, દેશી દારૂ સંબંધિત ૬.૨૦ લાખ કેસ નોંધાયા હતા. વિવિધ પ્રકારના આઠ ગુનામાં ૭૯૫૩ આરોપીની ધરપકડ કરવાની બાકી છે. સંસદમાં કેન્દ્ર સરકારે આપેલા એનસીઆરબીના આંકડા મુજબ, ૨૦૧૮થી ૨૦૨૨ દરમિયાન ૫ વર્ષમાં દુષ્કર્મના કેસમાં ૩૮૨૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જેમાંથી ૯૭(૩ ટકા ઓછા)ને દોષી ઠેરાવવામાં આવ્યા હતા. ૩૭૮૩ આરોપીઓ સામે અને ૨૭૬૬ કેસમાંથી ૨૫૭૨માં ચાર્જશીટ ફાઇલ કરવામાં આવી હતી. માત્ર ૭૦૮ કેસમાં ટ્રાયલ પૂર્ણ થયો હતો. માત્ર ૭૯ કેસમાં નિર્ણય આવી શક્યો હતો.

૩ વર્ષ દરમિયાન નશીલા પદાર્થો, દારૂ, જુગાર, લૂંટ, હત્યા, દુષ્કર્મ, છેડતી અને છેતરપિંડીના કેસ વધ્યા છે. જૂન ૨૦૨૨થી મે ૨૦૨૩ દરમિયાન આ મુખ્ય આઠ ગુનાની કુલ સંખ્યા ૨.૨૫ લાખ હતી, જે જૂન ૨૦૨૪થી મે ૨૦૨૫ દરમિયાન વધીને ૨.૩૦ લાખ થઇ હતી.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવ્યુંઃ જળાભિષેક અને ધ્વજપૂજા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવી પહોંચ્યાં છે. ગુજરાત પ્રવાસના બીજા દિવસે રાષ્ટ્રપતિ શુક્રવારે સવારે રાજકોટથી સોમનાથ જવા હેલિકોપ્ટર મારફત સોમનાથ પહોંચ્યાં હતાં. સોમનાથના ત્રિવેણી સંગમ નજીક હેલીપેડ ખાતે રાષ્ટ્રપતિનું આગમન થતાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શુક્રવારે સવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવનાં દર્શન કર્યા હતા. સોમનાથ મહાદેવના દર્શન સાથે પૂજા-અર્ચન કર્યા હતા. ત્યાર બાદ મંદિર પરિસરમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રાષ્ટ્રપતિ સાથે તેમના દીકરી ઈતિશ્રી મુર્મૂ પણ જોડાયાં હતાં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સોમનાથ ટ્રસ્ટના વીવીઆઈપી ગેસ્ટ હાઉસથી ચાલીને સોમનાથ મહાદેવ મંદિર સુધી પહોંચ્યા હતા. મંદિર ખાતે રાષ્ટ્રપતિએ ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના પ્રતીક સમા પ્રથમ જ્યોતિર્લિંગ સમક્ષ ગંગાજળ અર્પણ કર્યું હતું. દિવ્ય મંત્રોચ્ચાર વચ્ચે તેમણે વિધિવત રીતે સોમેશ્વર મહાપૂજા કરી હતી અને મહાદેવના આશીર્વાદ મેળવ્યા હતા.

પૂજા અર્ચના સંપન્ન થયા બાદ તેઓ સોમનાથ સર્કિટ હાઉસ ખાતે ભોજન માટે રવાના થયા હતા. સર્કિટ હાઉસ ખાતે ભોજન લીધા બાદ રાષ્ટ્રપતિ બપોરે ૩ વાગ્યે સાસણ ગીર જવા માટે પ્રસ્થાન કર્યું હતું.

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ-ઉત્તર ગુજરાતનું સમાપન, ૧૨૧૨ એમઓયુ થયાઃ ૩ લાખ ૨૪ હજાર કરોડનું રોકાણ આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણાની ગણપત યુનિવર્સિટી ખાતે યોજાયેલા બે દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (ઉત્તર ગુજરાત)નું સમાપન થયું હતું.

'રિજિયોનલ એસ્પિરેશન્સ, ગ્લોબલ એમ્બિશન્સ'ની થીમ પર યોજાયેલી બે દિવસીય કોન્ફરન્સ ઉત્તર ગુજરાતમાં ઉદ્યોગ, રોકાણ અને રોજગારીની નવી તકો ઊભી કરશે. બે દિવસમાં ૧૨૧૨ એમઓયુ થયા હતા. તેનાથી ૩ લાખ ૨૪ હજાર કરોડનું રોકાણ આવશે.

પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની સફળતા અંગે વાત કરતા ઉદ્યોગ પ્રધાન બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, આ રિજનલ વાઇબ્રન્ટ કોન્ફરન્સમાં અંદાજિત ૩૦ હજાર જેટલા લોકોએ ભાગ લીધો હતો અને ૭૨ જેટલા દેશોના લોકો આ સમિટમાં જોડાયા હતા. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ રિજનલ કોન્ફરન્સ દરમિયાન ૧૨૧૨ જેટલા એમઓયુ થયા હતા. આ એમઓયુ થકી અંદાજિત ૩ લાખ ૨૪ હજાર કરોડનું રોકાણ ઉત્તર ગુજરાતમાં આવનારા દિવસોમાં થશે.

ઉદ્યોગ પ્રધાને કહ્યું હતું કે, વિવિધ દેશોના ઉદ્યોગકારો અને સંગઠનો આ વાઇબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આવ્યા હતા, તેઓની સાથે ગુજરાતના ઉત્પાદનોની નિકાસ અંગે બેઠકો પણ થઈ હતી અને અને આ બેઠકો થકી પણ રૂ.૫૦૦ કરોડનો વેપાર થયાનો અંદાજ છે.

આ કોન્ફરન્સ ઉત્તર ગુજરાત માટે નવી તકો લઈને આવ્યું હતું અને રોકાણ તથા ઇનોવેશનના કેન્દ્ર તરીકે રાજ્યના સ્થાનને મજબૂત કરશે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ કોન્ફરન્સ માટે ૨૯,૦૦૦થી વધુ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જ્યારે ૭૦થી વધુ દેશો ભાગીદાર થયા હતા અને ૪૪૦થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. તેમજ જાપાન, વિયેતનામ, ન્યૂઝીલેન્ડ, રવાન્ડા, ગયાના, યુક્રેન સહિતના દેશોના રાજદ્વારીઓ વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા. સંમેલન દરમિયાન ૧૬૦થી વધુ બિઝનેસ ટુ બિઝનેસ અને ૧૦૦થી વધુ બિઝનેસ ટુ ગવર્નમેન્ટ બેઠકોનું આયોજન થયું હતું.

આ ઉપરાંત ૪૧૦થી વધુ પ્રદર્શકોએ ભાગ લીધો, જેમાં ૧૭૦થી વધુ એમએસએમઈ અને સ્ટાર્ટઅપ્સની સક્રિય ભાગીદારી નોંધાઈ હતી. સમિટમાં ૩૪ વિદેશી ખરીદદારો સાથે રિવર્સ બાયર-સેલર મીટનું આયોજન કરાયું હતું. બે દિવસમાં કુલ ૪૬થી વધુ મુખ્ય સત્રો યોજાયા હતા.

# રાજકોટમાં ધારાસભ્ય દર્શિતા શાહ અને મેયર નયનાબેન પેઢડિયા બાખડયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ભાજપનો આંતરિક ડખો ફરી એક વખત બહાર આવ્યો હતો. મેયર નયનાબેન પેઢડિયા અને ધારાસભ્ય દર્શિતા શાહ વચ્ચે બોલાચાલી થઈ હતી. જેને પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો હતો. બંને વચ્ચે કાર્નિવલમાં નામ લખવા અંગે બોલાચાલી થઈ હતી.

મેયરે દાવો કર્યો હતો કે, કાર્નિવલમાં આમંત્રણમાં ધારાસભ્ય દર્શિતા શાહે માત્ર પોતાનું નામ લખવા કહ્યું હતું. તેમણે અન્ય ધારાસભ્યોના નામ નહીં લખવા કહ્યું હતું. ધારાસભ્ય દર્શિતા શાહે મારી સાથે તું તારી કરીને વાત કરી હતી. રાજકોટ કાર્નિવલ આખા શહેરનો છે પણ ધારાસભ્યએ જીદ કરી હતી કે, તેમનું એકલાનું જ નામ લખવામાં આવે. આ ઉપરાંત મેયરે સ્પષ્ટ જણાવ્યું હતું કે, મેયર તરીકે મારે બધાને સાથે રાખીને ચાલવું જોઈએ. જેને લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. દિવાળી કાર્નિવલ દર વર્ષે થાય છે. પણ અત્યાર સુધી માત્ર પોતાનું નામ લખવાનો આગ્રહ આ વિસ્તારના કોઈ ધારાસભ્યએ રાખ્યો નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભાજપ એક સંગઠિત પક્ષ હોવાનો દાવો કરે છે, ત્યારે મેયર અને ધારાસભ્ય જેવા જવાબદાર હોદ્દા પર બેઠેલા નેતાઓ વચ્ચે જાહેર મંચ પર આ પ્રકારનો વિવાદ થવો, પાર્ટીની આંતરિક એકતા પર ચોક્કસપણે પ્રશ્નાર્થ ઊભો કર્યો હતો.

# કચ્છના ખડીર વિસ્તારમાં નર્મદાનાં નીર પહોંચશે, ધોળાવીરા સહિત ૧૦ ગામોને લાભ મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કચ્છના ખડીર વિસ્તારમાં નર્મદાનું પાણી પહોંચાડવા માટે રૂ. ૪૫૧ કરોડથી વધુના ખર્ચે એક યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. જળ સંપત્તિ પ્રધાન કુંવરજી બાવળિયાએ આ નિર્ણય અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ યોજના થકી ખડીરના ૧૯૪ તળાવો અને ૬ નાની સિંચાઈ યોજનાઓમાં પાણી પહોંચશે, જેના પરિણામે ઐતિહાસિક ધોળાવીરા સહિત ૧૦ ગામોની ૫,૪૯૨ હેક્ટર જમીન નવપલ્લવિત થશે.

કચ્છના ખડીર વિસ્તારમાં મા નર્મદાના પૂરના વધારાના પાણી વિતરણના આયોજન થકી નાના-મોટા તળાવ અને નાની સિંચાઈ યોજનાઓ પાઇપલાઈન દ્વારા ભરવામાં આવશે. જેના માટે રૂ. ૪૫૧.૬૭ કરોડના કામોને ભૂપેન્દ્ર પટેલ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપીને આ વિસ્તારના નાગરિકો-ખેડૂતો તેમજ પશુધનના હિતમાં રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે તેમ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા પ્રધાન કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું. કુંવરજી બાવળિયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખડીર વિસ્તાર માટે પાણીની સમસ્યાના નિવારણ અને ભૂગર્ભ જળનો વપરાશ ઘટાડી ભૂગર્ભ જળ સપાટી ઉંચી લાવવા માટે નર્મદાના પૂરના વધારાના પાણીને પાઇપલાઇન દ્વારા પહોંચાડવા માટેના આ નિર્ણય કરવામાં આવ્યો છે. આ યોજના દ્વારા કચ્છ બ્રાંચ કેનાલમાંથી સુવઈ ડેમમાં પાણી ભરી તેમાંથી પમ્પિંગ સ્ટેશન મારફતે પાણી ઉપાડી, ભચાઉ તાલુકાના ખડીર વિસ્તારમાં આવેલા ૧૯૪ તળાવો અને ૬ નાની સિંચાઈ યોજનાઓમાં પાઈપલાઈન મારફતે પાણીથી ભરવામાં આવશે. આ યોજનામાં કુલ ૨૨.૦ એમસીએમ પાણીની જરૂરિયાત રહેશે.

આ યોજના હેઠળ ખડીર વિસ્તારમાં આવેલા ઐતિહાસિક અને યુનેસ્કોના વારસાની યાદીમાં સામેલ એવા ધોળાવીરા ઉપરાંત અમરાપર, બાંભણકા, બાપુઆરી, ગઢડા, ગણેશપર, જનાણ, કલ્યાણપુર, ખારોડા અને રતનપર એમ કુલ ૧૦ ગામોનો સમાવેશ થાય છે. આ યોજના અમલી બનવાથી ખરીફ અને રવી સિઝનમાં આશરે ૫,૪૯૨ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળવાથી જમીન નવ પલ્લવિત થશે.

# રાજ્ય સરકારના કર્મચારી અને પેન્શનર્સના પગાર-ભથ્થાં દિવાળી પહેલાં જ જમા થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્યના સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે રાજ્ય સરકારે એક મહત્ત્વનો અને રાહતરૂપ નિર્ણય લીધો હતો. ચાલુ વર્ષે દિવાળીનો તહેવાર તા. ૨૦ ઓક્ટોબરના રોજ હોવાથી કર્મચારીઓ અને પેન્શનરો ઉત્સાહપૂર્વક તહેવારની ઉજવણી કરી શકે તે માટે ઑક્ટોબર-૨૦૨૫ માસના પગાર-ભથ્થાં અને પેન્શનની ચુકવણી વહેલી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે રાજ્ય સરકારના કર્મચારીઓના પગાર જે માસના ચૂકવવાપાત્ર હોય તેના પછીના માસના પ્રથમ ત્રણ કામકાજના દિવસો દરમિયાન સ્ટેગરિંગ પ્રથા અનુસાર ચૂકવવામાં આવે છે. જોકે, દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને આ જૂના ઠરાવમાં છૂટછાટ આપવામાં આવી છે. આ નિર્ણય અનુસાર, ઑક્ટોબર-૨૦૨૫ના સરકારી કર્મચારીઓ/પેન્શનરોના પગાર-ભથ્થાં/પેન્શનની ચુકવણી તબક્કાવાર રીતે ૧૪, ૧૫ અને ૧૬ ઓક્ટોબર દરમિયાન કરવામાં આવશે.

# સુરત બન્યું દેશનું સૌથી મોટું 'માલવેર કેપિટલ', ઈન્ડિયા સાયબર થ્રેટ રિપોર્ટમાં દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાયબર ક્રાઇમની ઘટનાઓમાં ગુજરાતનું ડાયમંડ સિટી સુરત હવે એક નવી, ચિંતાજનક ઓળખ સાથે ઊભરી આવ્યું છે. 'ઈન્ડિયા સાયબર થ્રેટ રિપોર્ટ ૨૦૨૫' મુજબ, સુરત દેશનું સૌથી વધુ માલવેર સંક્રમિત શહેર બન્યું હતું. એક રિપોર્ટ મુજબ, ઓક્ટોબર ૨૦૨૩ થી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ૮.૪૪ મિલિયન ઉપકરણો પર ૩૬૯ મિલિયન માલવેર ડિટેક્શન નોંધાયા હતા, જેનો અર્થ છે કે દર મિનિટે સરેરાશ ૭૦૨ સંભવિત હુમલા થયા હતા. સુરત એકલાએ દેશનો કુલ ૧૪.૬ ટકા હિસ્સો નોંધાવ્યો હતો અહીં પ્રતિ ડિવાઇસ ૬૯.૩ ધમકીઓ મળી હતી.

સુરતે આ મામલે બેંગલુરુ (૫૬.૭) અને હૈદરાબાદ (૫૪.૯)ને પાછળ છોડ્યા હતા. ગુજરાતનું અન્ય મોટું શહેર અમદાવાદ પણ પ્રતિ ડિવાઇસ ૩૮.૯ ડિટેક્શન સાથે રાષ્ટ્રીય સ્તરે સાતમા ક્રમે હતું. સાયબર ગુનેગારો હવે મોટા ટેક હબને બદલે ઝડપથી ડિજિટલ બની રહેલા ટાયર-૨ અને ટાયર-૩ બિઝનેસ સેન્ટરોને નિશાન બનાવી રહ્યા હોવાનું સામે આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સુરતના ઉદ્યોગોમાં સાયબર સિક્યુરિટીનું નબળું પાસું જ આ વધતા હુમલાઓનું મુખ્ય કારણ છે. સુરતનો મેન્યુફેક્ચરિંગ સેક્ટર મોટાભાગે શેર્ડ ડેટા સર્વર અને પોર્ટેબલ સ્ટોરેજ (જેમ કે પેન ડ્રાઇવ) પર આધાર રાખે છે. આ જગ્યાઓ ફાઇલ-ઇન્ફેક્ટિંગ માલવેર ફેલાવવા માટે આદર્શ છે.

એક સર્વે મુજબ, સુરતની ૪૫ ટકા નાની અને મધ્યમ કદની કંપનીઓ પાસે સાયબર સિક્યુરિટી માટે કોઈ બજેટ નથી. લગભગ ૩૫ ટકા એસએમઈ પાસે ડિજિટલ જોખમોનો સામનો કરવા માટે પૂરતા કુશળ આઈટી સ્ટાફનો અભાવ છે.

# ૨૦૦ કરોડના સાયબર ફ્રોડ કેસમાં બે આરોપીને સુરત પોલીસે ઝડપ્યાઃ ગુજસીટોકના ગુનામાં વોન્ટેડ હતા

અમદાવાદઃ સુરત શહેરની ચોકબજાર પોલીસે આંતરરાષ્ટ્રીય સાઇબર ક્રાઇમ આચરતી અને દુબઇથી સંચાલિત થતી 'મિલન દરજી ગેંગ'ના બે મહત્ત્વના સભ્યોને ઝડપી પાડીને મોટી સફળતા મેળવી છે. ૨૦૦ કરોડના સાઇબર ફ્રોડમાં આ આરોપીઓ લોન કન્સલ્ટન્સીના ધંધાની આડમાં મુખ્યત્વે બેંક એકાઉન્ટની કીટ સપ્લાય કરીને ગેંગ માટે નાણાકીય જીવાદોરી બન્યા હતા. ગુજસીટોક જેવા ગંભીર ગુના હેઠળ છેલ્લા ૯ મહિનાથી નાસતા ફરતા આ બંને આરોપીઓને કતારગામના પોશ વિસ્તારમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા, જેમની પાસેથી પૈસા ગણવાનું મશીન અને અન્ય ગુનાહિત સાધનો મળી આવ્યાં હતાં.

ઝોન-૩ લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને ચોકબજાર પોલીસની સંયુક્ત ટીમે કતારગામના ઉદયનગર વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. સિદ્ધિ વિનાયક એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૫૦૧માંથી આરોપીઓની ધરપકડ બાદ તેમની પાસેથી મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ફ્લેટ માત્ર રહેઠાણનું નહીં, પણ સાઇબર ક્રાઇમ દ્વારા મેળવેલાં નાણાંના સંગઠિત વ્યવહાર માટેની ગુનાહિત ઓફિસ હતી. ધરપકડ કરાયેલા આરોપીઓ નિખિલ દિનેશભાઈ મકવાણા (ઉ.વ. ૨૬) અને પ્રતીક દિનેશભાઈ મકવાણા (ઉ.વ. ૨૦) બંને ભાઈઓ હતા અને લોન કન્સલ્ટન્સીના નામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતા હતા. આ ગેંગમાં નિખિલની ભૂમિકા સૌથી મહત્ત્વની હતી. નિખિલ સીધો ગેંગ લીડર મિલન ઉર્ફે કાનો વાઘેલા સાથે જોડાયેલો હતો.તે નિર્દોષ કે જરૂરિયાતમંદ લોકોને સસ્તામાં લોન અપાવવાની લાલચ આપીને તેમના નામે બેંક એકાઉન્ટ ખોલાવતો હતો. ઓનલાઈન એક્સેસની કીટ તે એકાઉન્ટ ધારક પાસેથી ભેગી કરી લેતો. આ કીટો નિખિલ મુખ્ય સૂત્રધાર મિલન અને તેના સાગરીતો જેમ કે અજય ઇટાલિયાના કહેવાથી અન્ય આરોપીઓ જલ્પેશ નડિયાદરા, વિશાલ ઠુમ્મરને ઊંચા કમિશન પર વેચી દેતો હતો. નિખિલની આ ભૂમિકાએ જ ગેંગને છેતરપિંડીથી મેળવેલા નાણાંને 'ડમી એકાઉન્ટ' દ્વારા સરળતાથી ટ્રાન્સફર કરવાની સુવિધા પૂરી પાડી હતી. તે ગોધરા સાઇબર ક્રાઇમ કેસમાં પણ વોન્ટેડ હતો.

સુરત સાઇબર ક્રાઇમે ગુજસીટોક સહિત ભારતીય ન્યાય સંહિતાની ગંભીર કલમો હેઠળ તેમની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછમાં ગેંગના લીડર અને અન્ય સભ્યો વિશે માહિતી મળવાની શક્યતા છે.

# પૂર્વ આઈપીએસ કુલદીપ શર્મા સામે ભુજ કોર્ટે ધરપકડ વોરંટ કાઢ્યુંઃ ૧૫ દિવસમાં હાજર થવા હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભુજની સેસન્સ કોર્ટે પૂર્વ આઈપીએસ અધિકારી કુલદીપ શર્મા સામે ધરપકડ વોરન્ટ જારી કર્યું હતું. ૧૯૮૪માં કોંગ્રેસના નેતાને માર મારવાના ગુનામાં તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. જે બાદ કુલદીપ શર્માએ સરેન્ડર ન કરતાં કોર્ટે ધરપકડ વોરન્ટ કાઢ્યું હતું અને ૧૫ દિવસમાં હાજર થવા આદેશ કર્યો હતો. મહત્ત્વનું છે કે, કુલદીપ શર્મા અગાઉ કચ્છમાં પોલીસ અધિક્ષક (એસપી) તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. પૂર્વ આઈપીએસ કુલદીપ શર્મા સામે કોર્ટે અરેસ્ટ વોરંટ કાઢતા ખળભળાટ મચી ગયો હતો. આ કેસ ૧૯૮૪માં કચ્છ કોંગ્રેસના અગ્રણી ઇભલા શેઠને માર મારવા સંબંધિત છે. કોર્ટે તેમને દોષિત ઠેરવ્યા બાદ પણ તેમણે સરેન્ડર ન કરતા ફરિયાદી પક્ષની અરજીને માન્ય રાખીને કોર્ટે આ ધરપકડ વોરન્ટ જારી કર્યું હતું. ફરિયાદી પક્ષના વકીલ આર.એસ. ગઢવીએ જણાવ્યું હતું કે, કુલદીપ શર્મા સામે માર મારવાના ગુનામાં દોષ સાબિત થતાં કોર્ટે સજાનો આદેશ કર્યો હતો. તેમણે સજા સામે આગોતરા જામીન અરજી કરી હતી, જે રદ કરવામાં આવી હતી.

આરોપી પક્ષે ૨૪ સપ્ટેમ્બરે હાઈ કોર્ટમાં અપીલ કરવા માટે મુદ્દત માંગી હતી, જેની સમયમર્યાદા ૮ ઓક્ટોબરે પૂરી થઈ ગઈ હતી. આ મુદ્દત પૂરી થતાં ફરિયાદી પક્ષે વાંધા અરજી રજૂ કરી હતી, જેને ભુજ સેસન્સ કોર્ટના ન્યાયાધીશ દિલીપ મહિડાએ મંજૂર રાખીને આરોપી સામે ધરપકડ વોરન્ટનો આદેશ કર્યો હતો. આ કેસની સુનાવણી ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અંતિમ તબક્કે પહોંચી હતી અને ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ભુજ સેશન્સ કોર્ટમાં ચુકાદો આવ્યો હતો, જેમાં કુલદીપ શર્મા અને સાથી કર્મચારી ગિરીશ વસાવડા દોષી જાહેર થયા હતા.

# સુરતના ભટાર ફ્લાય ઓવરબ્રિજના એપ્રોચ પર પાંચ ફૂટ ઊંડું ગાબડું પડ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરની ઓળખ બ્રિજ સિટી તરીકેની પણ છે. આ દરમિયાન એક ચોંકાવનારો મામલો સામે આવ્યો હતો. સુરતના ભટાર ફ્લાય ઓવરબ્રિજના એપ્રોચ પર ૫ ફૂટ ઊંડું ગાબડું પડ્યું હતું. આ ગાબડું એટલું મોટું છે કે તેમાંથી બ્રિજની નીચેનો રસ્તો સ્પષ્ટ દેખાય છે, છતાં કલાકો સુધી પાલિકાના અધિકારીઓ ત્યાં ફરક્યા નહોતા.

ભટાર ફ્લાય ઓવરબ્રિજ યુનિવર્સિટી રોડ અને ઉધના તરફના ટ્રાફિક માટે જીવાદોરી સમાન છે. આ લાઇફ લાઇન પર બપોર બાદ અચાનક એપ્રોચના ભાગમાં ગાબડું પડ્યું હતું. આ ગાબડાની બરાબર બાજુમાં એપ્રોચના ભાગમાં મોટી અને ગંભીર તિરાડ પણ જોવા મળી હતી.

ભારે ટ્રાફિકથી ધમધમતા આ બ્રિજ પર આટલું મોટું ગાબડું પડ્યાના કલાકો બાદ પણ સુરત મહાનગરપાલિકા દ્વારા ઘટનાસ્થળે કોઈ પણ પ્રકારનું બેરીકેડિંગ કરવામાં આવ્યું નહોતું. જેના કારણે સતત વાહન વ્યવહાર ચાલુ રહ્યો હતો.પસાર થતા નાગરિકો અને વાહનચાલકોએ પાલિકાની આ નિષ્ક્રિયતા સામે ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. વડોદરા કે અન્ય શહેરોમાં બ્રિજની દુર્ઘટનાઓનું ઉદાહરણ તાજું છે ત્યાં સુરતમાં પણ બ્રિજ દુર્ઘટના બને તે પહેલા તાત્કાલિક ધોરણે સમારકામ કરવામાં આવે તેવી માગ ઊઠવા પામી હતી.

# ગુજરાતમાં ₹ ૫૬૦ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ ઝડપાયુંઃ જામનગરના સીએ પર ₹ ૧૧૨ કરોડની કરચોરીનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગે રૂ. ૫૬૦ કરોડના બોગસ બિલિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, જામનગર સ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અલ્કેશ પેઢડિયા આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર છે. માલની હેરફેર વિના નકલી ઇનપુટ ટેક્સ ક્રેડિટનો દાવો કરીને આશરે રૂ. ૧૧૨ કરોડની કરચોરી કરવામાં આવી હતી.

ચોક્કસ બાતમીના આધારે, વિભાગે ૩ ઓક્ટોબરના રોજ ૨૫ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આમાં પેઢડિયા જે સીએ ફર્મમાં ભાગીદાર છે તે બ્રહ્મ એસોસિએટ્સની ઓફિસો અને તેના નિવાસસ્થાનનો સમાવેશ થતો હતો. એસજીએસટીની ૨૭ ટીમો દ્વારા હાથ ધરવામાં આવેલા આ ઓપરેશનમાં ૧૪ બિન-વાસ્તવિક કરદાતા ફર્મ્સનું નેટવર્ક સામે આવ્યું હતું, જે કથિત રીતે પેઢડિયા દ્વારા બનાવવામાં અથવા નિયંત્રિત કરવામાં આવતી હતી. આ ફર્મ્સ માલની વાસ્તવિક હેરફેર વિના નકલી ઇન્વોઇસ (બિલ) જારી કરતી અને ખોટી રીતે આઈટીસીનો દાવો કરતી હતી. અધિકારીઓએ જણાવ્યું કે જીએસટી અનુપાલન (કમ્પ્લાયન્સ) સેવાઓના બહાને સાચા કરદાતાઓના ઓળખપત્રોનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન, અધિકારીઓએ કાલ્પનિક બિલિંગ અને અનેક બેંક ખાતાઓ દ્વારા ભંડોળના ડાયવર્ઝનના પુરાવા ધરાવતા વાંધાજનક દસ્તાવેજો, કોમ્પ્યુટર્સ અને ડિજિટલ સ્ટોરેજ ઉપકરણો જપ્ત કર્યા હતા. અત્યાર સુધીની તપાસમાં રૂ. ૫૬૦ કરોડના નકલી બિલિંગ અને રૂ. ૧૧૨ કરોડની કરચોરી પકડાઈ છે.

# મુખ્ય પ્રધાને નવી ૨૦૧ એસ.ટી. બસને લીલીઝંડી આપી ગાંધીનગરથી પ્રસ્થાન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ (જીએસઆરટીસી) દ્વારા ૨૦૧ નવી બસોના લોકાર્પણ તથા દિવાળીના તહેવારોમાં એક્સ્ટ્રા બસોની શરૂઆત ગાંધીનગરથી કરવામાં આવી હતી. એલ.આઈ.સી. ગ્રાઉન્ડ ખાતેથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નવીન ૨૦૧ એસ.ટી. બસને લીલીઝંડી આપી ગાંધીનગરથી પ્રસ્થાન કરાવ્યું હતું. આ નવી બસોમાં ૧૩૬ સુપર એક્સપ્રેસ, ૬૦ સેમી લક્ઝરી અને ૫ મીડી બસોનો સમાવેશ થાય છે. કૃષ્ણનગર, અમરેલી, ધારી, કોડિનાર, ભાવનગર, મહુવા, જુનાગઢ, પોરબંદર, ભૂજ, પાલનપુર, પાટણ, થરાદ, ઉદયપુર, શિરડી, દ્વારકા, સોમનાથ, અંબાજી, સુરત, વાપી, દાહોદ, ગોધરા અને ઝાલોદ રૂટ પર દિવાળી વધારાની ૧૬૦૦ બસ દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.ગાંધીનગરમાં યોજાયેલા બસોના લોકાર્પણ સમારોહમાં મુખ્ય પ્રધાન અને વાહન-વ્યવહાર રાજ્ય મંત્રીએ બસનું વિધિવત રીતે લોકાર્પણ કરીને બસના ડ્રાઇવર-કંડક્ટરોનું અભિવાદન કર્યું હતું.

આ ઉપરાંત મુખ્ય પ્રધાને દિવાળીના તહેવારોમાં રાજ્યનો દરેક નાગરિક પોતાના પરિવાર સાથે તહેવાર ઉજવી શકે તે માટે દિવાળી નિમિત્તે એક્સ્ટ્રા ૪,૨૦૦ બસોના સંચાલનનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

# ભરૂચ પોલીસે સાયબર ફ્રોડના માસ્ટરમાઇન્ડને ઝડપ્યોઃ એક જ કંપનીના ૧૯૮૦ નંબરનો ઉપયોગ કર્યો

અમદાવાદઃ ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે ટેકિનકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ઝારખંડના જામતારાથી જિલ્લામાંથી એક વ્યક્તિને ઝડપ્યો હતો. આ વ્યક્તિએ બે હજારથી વધુ લોકોના એકાઉન્ટ ખાલી કર્યા હતા અને આ માટે તેણે એક જ કંપનીના ૧૯૮૦ મોબાઈલ નંબરનો ઉપયોગ કર્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી અગાઉ પણ મધ્ય પ્રદેશ અને ઝારખંડ રાજ્યોમાં છેતરપિંડીના અનેક કેસોમાં વોન્ટેડ હતો. આરોપી અને તેના સાથીઓ ખૂબ જ ચાલક હતા. તેઓ લોકોને છેતરવા માટે ખોટી મોબાઈલ એપ્લિકેશન્સ બનાવતા હતા. તેઓ આ ખોટી એપ્સ લોકોને વોટ્સએપ દ્વારા મોકલતા હતા. એકવાર કોઈ વ્યક્તિ આ એપ ઇન્સ્ટોલ કરે, પછી આરોપીઓ તેમની બેંકની બધી માહિતી મેળવી લેતા હતા. લોકોની જાણ બહાર જ તેમના ખાતાનો નેટબેંકિંગ પાસવર્ડ બનાવીને તેઓ લાખો રૂપિયાની છેતરપિંડી કરતા હતા.

# ગ્રીન ફ્યુઅલમાં રૂપાંતરિત થવામાં આનકાની કરનારી બેકરીઓને બંધ કરી દેવાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઍર પોલ્યુશન રોકવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ કોલસા અને લાકડાનો ઉપયોગ કરતી બેકરીઓને અન્ય ઈંધણ (ગ્રીન ફ્યુઅલ)નો ઉપયોગ કરવાનો નિર્દેશ આપ્યો હતો. વારંવાર ચેતવણી આપ્યા બાદ પણ તેનો અમલ નહીં કરનારી બેકરીઓને હવે મુંબઈ મહાનગરપાલિકાએ કારણદર્શક નોટિસ ફટકારવાની તૈયારીમાં છે. પાલિકાના ઉચ્ચ અધિકારીએ ચેતવણી આપી હતી કે જો બેકરીના માલિકો આ ગ્રીન ફ્યુઅલને અમલમાં નહીં મૂકે તો તેમની બેકરીઓ બંધ કરાવા સહિતના અન્ય આકરા પગલાં તેમની સામે લેવામાં આવી શકે છે.

પાલિકાના આંકડા મુજબ શહેરમાં હજી સુધી ૨૯૫ બેકરીઓએ ગ્રીન ફ્યુઅલમાં રૂપાંતર કર્યું નથી. મુંબઈ હાઈ કોર્ટના નિર્દેશને અનુસરીને પાલિકાએ પાઈન નેચરલ ગેસ (પીએનજી), લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) અથવા ઈલેક્ટ્રિક ઓવન જેવા વિકલ્પોમાં રૂપાંતર કરવામાં બેકરીઓને મદદ કરવા માટે તેના પ્રયાસો વધી તીવ્ર બનાવ્યા છે. આ પહેલના ભાગરૂપે બેકરીઓના માલિકોને માર્ગદર્શન અને મદદ કરવા માટે સપ્ટેમ્બરમાં એક સમર્પિત વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પાલિકાના પર્યાવરણ વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે હાલમાં ૧૬૦ બેકરીઓને ગ્રીન ફ્યુઅલમાં રૂપાંતરિત કરવા માટે ટેક્નિકલ રીતે શક્ય હોવાનું જણાયું છે. વર્કશોપ દરમ્યાન લગભગ ૭૬ બેકરીઓએ રૂપાંતર માટે અરજી કરી હતી પણ તેમાંથી કેટલા લોકો પોતાની બેકરીઓને ગ્રીન ફ્યુઅલમાં રૂપાંતર કરે છે તે આગામી દિવસમાં જણાશે.

આ દરમ્યાન ચોમાસાની વિદાય સાથે જ વાતાવરણમાં હવાની ગુણવત્તામાં ઘટાડો જણાયો છે. છેલ્લા એક અઠવાડિયામાં એર ક્વોલિટી ઈન્ડેકમાં સતત વધારો જણાયો છે. આગામી દિવસમાં શિયાળામાં વાતાવરણમાં પ્રદૂષણમાં હજી વધારો થવાની શક્યતા છે. તેથી પાલિકાના પર્યાવરણ વિભાગે વાયુ પ્રદૂષણને રોકવા માટે પગલાં અમલમાં મૂકવાનું શરૂ કર્યું છે.

હાઈ કોર્ટે ગ્રીન ફ્યુઅલમાં રૂપાંતર કરવા માટે આઠ જુલાઈની અગાઉની સમયમર્યાદાને લંબાવવાનો ઈનકાર કર્યો છે. તેથી તેને અમલમાં મૂકવાનું ટાળનારી બેકરીઓ સામે કાર્યવાહી કરવાનો પાલિકાને અધિકાર છે. પ્રશાસન તરફથી સ્પષ્ટ સૂચનાઓ મળી છે બેકરીઓ નિર્દેશનો કડક રીતે અમલ કરે અન્યથા તેમની સામે આવશ્યક કાર્યવાહી કરવામાં આવે.

અધિકારીએ વધુમાં કહ્યું હતું કે પાલિકાના આરોગ્ય વિભાગ દ્વાર નોટિસનો એક નવો રાઉન્ડ જારી કરવામાં આવશે, જેમાં બેકરી માલિકોને સ્વચ્છ ઈંધણના સ્રોતમાં રૂપાંતર કરવામાં તેમની નિષ્ફળતા બાબતે સમજાવવામાં આવશે. પાલિકાએ ઓક્ટોબર, ૨૦૨૪માં સૌ પ્રથમ કોલસા અને લાકડાથી ચાલતા ઓવનનો ઉપયોગ કરતી બેકરીઓને નોટિસ જારી કરી હતી, જેમાં ફરજિયાત ગ્રીન ઈંધણમાં રૂપાંતર કરવા માટે માર્ચ, ૨૦૨૫ની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ નવ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ હાઈ કોર્ટે તમામ બેકરીઓ માટે ગ્રીન ફ્યુઅલમાં રૂપાંતરિત થવા માટે આઠ જુલાઈની અંતિમ ડેડલાઈન નક્કી કરી આપી હતી. ૨૧ ઑગસ્ટના રોજ હાઈ કોર્ટ દ્વારા બેકર્સ એસોસિએશનની મુદત વધારવાની અરજી ફગાવી દેવામાં આવી હતી.

# મેટ્રો-૩માં સતત બીજા દિવસે દોઢ લાખથી વધુ લોકોએ પ્રવાસ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કફ પરેડથી આરે જેવીએલઆર વચ્ચે દોડનારી મુંબઈ મેટ્રો-ત્રણ (એક્વા લાઈન)માં સતત બીજા દિવસે પણ મુંબઈગરાએ મોટી સંખ્યામાં પ્રવાસ કર્યો હતો. ગુરુવાર, નવ ઓક્ટોબરના પહેલા દિવસે મેટ્રો-ત્રણમાં ૧,૫૬,૪૫૬ લોકોએ પ્રવાસ કર્યો હતો. મેટ્રો રેલના પ્રવક્તાના જણાવ્યા મુજબ સતત બીજા દિવસે શુક્રવારે પણ વહેલી સવારથી મેટ્રોમાં પ્રવાસ કરનારાની સંખ્યામાં વધારો થયો હતો. સાંજના છ વાગ્યા સુધીમાં મેટ્રો-ત્રણમાં કુલ ૧,૧૧,૬૯૬ લોકોએ પ્રવાસ કર્યો હતો. મેટ્રો-ત્રણના કારણે દક્ષિણ મુંબઈમાં મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તથા ચર્ચગેટથી વિધાનભવન અને કફપરેડ જનારા પ્રવાસીઓની સંખ્યામાં મોટો વધારો જોવા મળ્યો હતો. જોકે મેટ્રોને કારણે આ રૂટ પર બેસ્ટની બસમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો જણાયો હતો. બેસ્ટમાં ઑગસ્ટ, ૨૦૨૫ દરમ્યાન સરેરાશ રોજના ૨૫ લાખની આસપાસ મુંબઈગરા પ્રવાસ કરતા હતા. જોકે છેલ્લા થોડા સમયથી તેમાં સતત ઘટાડો નોંધાયા બાદ મેટ્રોને કારણે તેમાં આગામી દિવસમાં હજી ઘટાડો થવાની શક્યતા છે. બુધવાર, ૮ ઓક્ટોબરના બેસ્ટમાં સરેરાશ ૨૪,૦૮,૫૯૭ લોકોએ પ્રવાસ કર્યો હતો. તો ગુરુવાર, ૯ ઓક્ટોબરના ૨૪,૧૪,૯૪૮ લોકોએ બેસ્ટમાં પ્રવાસ કર્યો હતો.

# છોટા રાજનના સાગરીત ડી.કે. રાવ સહિત ત્રણની ખંડણી, ધમકીના કેસમાં ધરપકડ

મુંબઈ: ગેન્ગસ્ટર છોટા રાજનના નિકટવર્તી સાગરીત ડી.કે. રાવ અને તેના બે સાથીદારની શુક્રવારે મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ખંડણી અને ધમકીના કેસમાં ધરપકડ કરી હતી. સેશન્સ કોર્ટ પરિસરમાં શુક્રવારે સાંજે ડી.કે. રાવને ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ તાબામાં લીધો હતો. ડી.કે. રાવ કેસની સુનાવણી માટે સેશન્સ કોર્ટમાં આવ્યો હતો. રાવ સાથે તેના બે સાથીદાર મિમિત ગુથા અને અનિલ સિંહ પણ હતા. આ કેસના ફરિયાદીએ ૧.૫ કરોડ રૂપિયા બિલ્ડરને આપ્યા હતા. બિલ્ડરે બાદમાં રાવને ફરિયાદીને ધમકાવવા માટે કહ્યું હતું. આ કેસમાં રાવ સહિત ત્રણની ધરપકડ કરવામાં આવી હોઇ તેમને શનિવારે કોર્ટમાં હાજર કરવામાં આવશે.

નવમા પાનાનું ચાલુ

## કાયદો તોડનારા

મહારાષ્ટ્રના ગૃહ રાજ્યપ્રધાન યોગેશ કદમની ભૂમિકા તપાસના ઘેરામાં આવી હતી. સચિન ઘાયવળને આપવામાં આવેલા હથિયાર લાઇસન્સ અંગેના વિવાદનો ઉલ્લેખ કરતા, પવારે કહ્યું કે,ગૃહ વિભાગે હથિયાર લાઇસન્સ જારી કરવાની મંજૂરી આપી હોવા છતાં પુણે પોલીસ વડાએ તે મંજૂર કર્યું નથી.

નાયબ મુખ્યપ્રધાન, જે પુણેના પાલક પ્રધાન પણ છે, તેમણે કહ્યું કે તેઓ ખાતરી કરશે કે આ કેસમાં કોઈ રાજકીય હસ્તક્ષેપ ન થાય. મુખ્ય પ્રધાને (દેવેન્દ્ર ફડણવીસ) પણ આ કેસમાં જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવા ભારપૂર્વક જણાવ્યું છે. ઘાયવળના પાસપોર્ટ અંગે તપાસ ચાલી રહી છે. (પીટીઆઈ)

## હવા બગડી

એકંદરે હવાની ગુણવત્તા ૫૦ની આસપાસ રહી હતી.

જોકે છેલ્લા અઠવાડિયાથી મુંબઈમાંથી વરસાદ ગેરહાજરીને કારણે હવાની ગુણવત્તામાં ઘટાડો જોવા મળ્યો છે. ગુરુવારે સાંજે મુંબઈમાં સરેરાશ એક્યુઆઈ ૧૦૦ને વટાવી ગયો હતો. તો શુક્રવારે સાંજના સરેરાશ એક્યુઆઈ ૧૩૦ની આસપાસ નોંધાયો હતો. નિષ્ણાતોના કહવા મુજબ આગામી મહિનામાં શિયાળાને કારણે હવાની ગુણવત્તામાં હજી ઘટાડો થવાની શકયતા છે. તો આવતા અઠવાડિયાથી દિવાળી શરૂ થઈ રહી હોવાથી ફટાકડાને કારણે હવામાં પ્રદૂષણનું પ્રમાણ વધવાની શકયતા છે.

સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બૉર્ડે આપેલા આંકડા મુજબ શનિવાર સુધી એક્યુઆઈ ૪૯ રહ્યો હતો પણ રવિવારે તે ૬૧ સુધી પહોંચી ગયો હતો. બુધવાર સુધીમાં વધીને ૭૧ અને ગુરુવારે સાંજે ૧૦૫ સુધી પહોંચી ગયો હતો. શુક્રવારે સાંજના ૧૩૦ની આસપાસ નોંધાયો હતો. હાલ ૨૭ એર મોનિટરિંગ સ્ટેશન છે, તેમાંથી ઓછામાં ઓછા નવમાં એક્યુઆઈ ૧૦૦થી વધુ નોંધાયો હતો.

શુક્રવારે સૌથી ઊંચો એક્યુઆઈ સાયનમાં ૨૨૬ નોંધાયો હતો. એ બાદ કુર્લામાં ૧૨૬, સાંતાક્રુઝ છત્રપતિ શિવાજી મહારાજ એરપોર્ટ વિસ્તારમાં ૯૮, પવઈમાં ૧૧૨, વિલેપાર્લેમાં ૮૨ બોરીવલીમાં ૭૩, વરલીમાં ૧૧૭, કોલાબામાં ૧૧૧, બીકેસી ૧૪૫, મઝગાંવ ૧૫૪, દેવનાર ૧૭૩, મલાડ ૧૫૩, ઘાટકોપરમાં ૧૪૪ જેટલો એક્યુઆઈ નોંધાયો હતો.

## એનડીએ કૅડેટનો

કે એકેડેમીમાં વરિષ્ઠો દ્વારા ત્રાસ આપવામાં આવતો હતો અને આ અંગે અંતરિક્ષે તાજેતરમાં એનડીએના સત્તાવાળાઓને ફરિયાદ કરી હતી. હતાશામાં તે તાલીમ અધવચ્ચે જ છોડી દેવાની વાત કરતો હતો. એક નિવેદનમાં એનડીએ જણાવ્યું હતું કે ફર્સ્ટ ટર્મના કૅડેટ અંતરિક્ષ કુમાર સિંહનું શુક્રવારની વહેલી સવારે મૃત્યુ થયું હતું. એનડીએમાં તાલીમ લેતો કૅડેટ તેની કેબિનમાં નિર્જીવ અવસ્થામાં મળ્યો હતો. તાલીમ દરમિયાન ગેરહાજર રહ્યા પછી તેના સાથી કૅડેટની નજર અંતરિક્ષ પર પડી હતી. તેને તાત્કાલિક ખડકવાસલાની મિલિટરી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં સવારે ૬.૩૦ વાગ્યે તેને મૃત જાહેર કરાયો હતો, એવું નિવેદનમાં જણાવાયું હતું. આ બાબતે કૅટેડના પરિવારજનો અને પોલીસને જાણ કરાઈ હતી. ઘટનાની સઘન તપાસ માટે કોર્ટ ઑફ ઈન્ક્વાયરીનો પણ આદેશ અપાયો હતો, એવું એકેડેમીનું કહેવું છે. (પીટીઆઈ)

## ડેમ બેકવોટર્સની

હતું. મહારાષ્ટ્રમાં ૩,૨૫૫ સિંચાઈ પ્રોજેક્ટ્સ છે, જેમાં ૧૩૮ મુખ્ય, ૨૫૫ મધ્યમ અને ૨,૮૬૨ નાના સિંચાઈ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે, જેમાંથી ઘણા પર્વતીય અને મનોહર વિસ્તારોમાં સ્થિત છે, જ્યાં નજીકમાં ઘણા આરામ ગૃહો, બંગલા અને સ્ટાફ ક્વાર્ટર્સ આવેલા છે. અધિકારીએ જણાવ્યું હતું કે સ્ટાફ અને જાળવણીના અભાવે આમાંની મોટાભાગની મિલકતોનો ઉપયોગ નથી થતો. આ સંપત્તિઓના વાણિજ્યિક ઉપયોગ અને જાળવણી માટે, વિભાગે ૧૭ જૂન, ૨૦૧૯ના રોજ જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) અથવા બિલ્ડ-ઓપરેટ-ટ્રાન્સફર (બીઓટી) મૉડેલ હેઠળ જળાશયોની નજીક જમીનના વિકાસને મંજૂરી આપી હતી. જોકે, ૨૦૧૯ના જીઆર માં દારૂના વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, અને ઉલ્લંઘનના કિસ્સામાં કરાર સમાપ્ત કરવાની જોગવાઈ હતી. ૮ ઓક્ટોબરના રોજ જારી કરાયેલ નવો જીઆર આ પ્રતિબંધને દૂર કરે છે અને આવા પરિસરમાં દારૂ પીરસવા અને વપરાશની મંજૂરી આપે છે. પહેલા લીઝનો સમયગાળો, ૧૦ કે ૩૦ વર્ષ સુધી હતો, હવે તેને ૪૯ વર્ષ સુધી વધારી શકાય છે, એમ અધિકારીએ જણાવ્યું. આતિથ્ય પ્રવૃત્તિઓને નિયમન હેઠળ લાવીને, વિભાગ કાયદાનું પાલન સુનિશ્ચિત કરી શકે છે, પર્યટનને પ્રોત્સાહન આપી શકે છે, સ્થાનિક લોકો માટે રોજગારીનું સર્જન કરી શકે છે અને રાજ્યની તિજોરી માટે આવક વધારી શકે છે, એમ જળ સંસાધન વિભાગના અધિકારીએ ઉમેર્યું હતું. (પીટીઆઈ)

## મુંબઈમાં ચોમાસાની

હવે ચોમાસાએ વિદાય પણ વહેલી લઈ લીધી છે. આ વર્ષે ચોમાસાની વિદાય મોડી થવાની હોવાની શક્યતા વચ્ચે હવામાન વિભાગે ૧૦ ઑક્ટોબર, શુક્રવારના મુંબઈમાંથી ચોમાસાએ વિદાય લીધી હોવાની સત્તાવાર જાહેરાત કરી હતી. એ સાથે જ છેલ્લા સાત વર્ષમાં આ વર્ષે પહેલી વખત તો છેલ્લા બે દાયકામાં આ બીજી વખત ચોમાસું જલદી ખેંચાયુ છે. આ અગાઉ ૨૦૦૬ની સાલમાં પણ ચોમાસાએ વહેલી વિદાય લીધી હતી.

હવામાન વિભાગના અધિકારી સુષમા નાયરે જણાવ્યું હતું કે નૈર્ઋત્યના ચોમાસાએ ૧૦ ઓક્ટોબર, શુક્રવારે મુંબઈની સાથે જ ગુજરાતના અમુક વિસ્તાર તેમ જ મહારાષ્ટ્રના અમુક વિસ્તાર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ સહિત બિહારના અમુક વિસ્તારમાંથી વિદાય લીધી હતી. એ સાથે જ સમગ્ર મહારાષ્ટ્રમાંથી પણ ચોમાસાની વિદાય માટે પરિસ્થિતિ અનુકૂળ છે.

મુંબઈમાં એક તરફ ચોમાસાએ વિદાય લીધી છે. તો બીજી તરફ મુંબઈગરા બે-ત્રણ દિવસથી ગરમી અને ઉકળાટ સાથે ઓક્ટોબર હીટનો અનુભવ કરી રહ્યા છે. શુક્રવારે સાંતાક્રુઝમાં દિવસ દરમ્યાન મહત્તમ તાપમાનનો પારો લગભગ ૩૩.૭ ડિગ્રી અને કોલાબામાં ૩૨.૫ ડિગ્રીની આસપાસ નોંધાયો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ અનુક્રમે ૭૨ ટકા અને ૮૧ ટકા નોંધાયું હતું.

મુંબઈમાં સામાન્ય રીતે ચોમાસાની સત્તાવાર વિદાય આઠ ઑક્ટોબરના થાય છે પણ આ વર્ષે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ચોમાસાની વિદાયમાં વિલંબ થવી શક્યતા જણાતી હતી. ગયા અઠવાડિયે મુંબઈમાં વરસાદના હળવા ઝાપટાં પણ પડી ગયા હતા. જોકે આ અઠવાડિયામાં મંગળવારથી શહેર અને ઉપનગરમાં વરસાદ નોંધાયો નથી.

હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે વાતાવરણમાં ભેજમાં ઘટાડો, પવનની દિશામાં ફેરફાર અને ઓછામાં ઓછા પાંચ દિવસ સુધી શુષ્ક વાતાવરણ જેવા પરિબળોનું અવલોકન કર્યા બાદ ચોમાસાની વિદાયની જાહેરાત કરવામાં આવે છે.

### સરેરાશ ૧૧૭ ટકા વરસાદ

આ વર્ષે જૂનથી સપ્ટેમ્બર સુધીના ચોમાસાના ચાર મહિનામાં મુંબઈમાં સરેરાશ ૩,૧૦૦.૪ મિલીમીટર એટલે કે ૧૧૭.૮ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. કોલાબામાં ૨,૩૩૫.૨ મિલીમીટર અને સાંતાક્રુઝમાં ૩,૧૪૩.૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો ઓક્ટોબર મહિનામાં કોલાબામાં ૭૨ મિ.મી. અને ઉપનગરમાં ૩૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

## રાજકારણીઓ

પર બેફામ નિવેદનો ન કરવા જોઈએ. મહાયુતિ ગઠબંધનના ચૂંટણી ઢંઢેરામાં સ્પષ્ટપણે પાત્ર ખેડૂતો માટે લોન માફીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ખરેખર જરૂરિયાતમંદ ખેડૂતોને આ લાભ મળવો જોઈએ. રાજ્યભરમાં એક સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે અને ઉમેર્યું હતું કે એકવાર તે પૂર્ણ થઈ જાય પછી યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

શિવસેનાના પ્રધાન સંજય શિરસાટે જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદે અને અજિત પવારે ભૂતકાળમાં સૂચનાઓ આપી હતી કે વિવાદાસ્પદ નિવેદનો ન આપવા જોઈએ. મુખ્યપ્રધાન ચોક્કસપણે આવા નિવેદનોની નોંધ લેશે, એમ શિરસાટે ઉમેર્યું.

સપ્ટેમ્બરમાં ભારે વરસાદ અને પૂરથી રાજ્યભરમાં ૬૮.૬૯ લાખ હેક્ટર જમીન પર પાકનો નાશ થયો હતો, જેના કારણે લાખો ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા.

રાજ્ય સરકારે મંગળવારે ભારે નુકસાન સહન કરનારા ખેડૂતો માટે ૩૧,૬૨૮ કરોડ રૂપિયાના વળતર પેકેજની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, વિપક્ષી પાર્ટીઓ પાકના નુકસાનને ધ્યાનમાં રાખીને રાજ્યના ખેડૂતો માટે લોન માફીની માગ કરી રહ્યા છે. (પીટીઆઈ)

## મુંબઈ ગ્રાહક

'કોલ્ડ્રિફ' તરીકે માર્કેટિંગ કરાયેલ અને શ્રેસન ફાર્માસ્યુટિકલ્સ દ્વારા ઉત્પાદિત કફ સિરપ, ડીઇજી મિશ્રિત હોવાની પ્રયોગશાળા પુષ્ટિ બાદ ઘણા રાજ્યોમાં પ્રતિબંધિત કરવામાં આવી છે. ડીઇજી એક ઝેરી ઔદ્યોગિક દ્રાવક છે જે કિડની ફેલ્યોર અને મૃત્યુનું કારણ બને છે. એમજીપીએ ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૨૦૧૯ ની કલમ ૨૦(ફ) હેઠળ આવા શંકાસ્પદ સિરપને તાત્કાલિક રાષ્ટ્રવ્યાપી ફ્રીઝ કરવા અને પાછા ખેંચવાની હાકલ કરી હતી, અને દાવો કર્યો હતો કે આવા જોખમી અને અસુરક્ષિત ઉત્પાદનો ગ્રાહકોના સલામતીના અધિકારને ગંભીર રીતે જોખમમાં મૂકે છે.

ગ્રાહક અધિકાર સંગઠને બાળરોગ ફોર્મ્યુલેશનમાં ડીઇજી ના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ અને કડક ફાર્માકોવિજિલન્સ પ્રોટોકોલ માટે પણ વિનંતી કરી. તેણે સીસીપીએને રાષ્ટ્રીય ગ્રાહક વિવાદ નિવારણ આયોગમાં ફરિયાદ નોંધાવવા અને મૃતક બાળકોના પરિવાર માટે વળતર મેળવવા માટે પણ કહ્યું. એમજીપી એ કહ્યું કે આ કોઈ નવી ઘટના નથી કારણ કે જમ્મુ (૨૦૨૦), ગુડગાંવ (૧૯૯૮), અને ચેન્નઈ (૧૯૭૨), તેમજ ગામ્બિયા અને ઉઝબેકિસ્તાનમાં ડીઇજી-ને કારણે મૃત્યુ થયા છે.

આ દુર્ઘટના ગ્રાહક સુરક્ષા કાયદામાં સમાવિષ્ટ સલામતીના અધિકારનું ગંભીર ઉલ્લંઘન છે. અમે સીસીપીએ ને નિર્ણાયક રીતે કાર્ય કરવા અને દવા સલામતીમાં જાહેર વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા વિનંતી કરીએ છીએ, એમ એમજીપીના અધ્યક્ષ શિરીષ વી. દેશપાંડેએ ભારપૂર્વક જણાવ્યું.

## 'સચિન ઘાયવળને

લાઇસન્સ આપવામાં આવ્યું નથી. આ મુદ્દે યોગેશ કદમે પોતે પણ એક્સ પર એક પોસ્ટ શેર કરી અને પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. શિક્ષક અને ઉદ્યોગપતિ સચિન ઘાયવળ દ્વારા દાખલ કરાયેલા શસ્ત્ર લાઇસન્સ અપીલ કેસમાં, પોલીસ વિભાગ તરફથી મળેલા અહેવાલ મુજબ, સુનાવણીના દિવસ સુધી તેમની સામે કોઈ કેસ પેન્ડિંગ નહોતો. ઉપલબ્ધ દસ્તાવેજો અને નામદાર કોર્ટ દ્વારા નિર્દોષ ઠરાવવાના આદેશની સમીક્ષા કર્યા પછી, ઉપરોક્ત કેસમાં નિયમો અનુસાર જરૂરી કાર્યવાહી કરવામાં આવી છે તેથી, અપીલમાં મારી પ્રક્રિયાગત કાર્યવાહીને હાલમાં ચર્ચા હેઠળના અન્ય મુદ્દા સાથે જોડવી સંપૂર્ણપણે ખોટી અને ગેરમાર્ગે દોરનારી છે,'' તેમણે કહ્યું.

શિવસેના (ઠાકરે) ના નેતા ધારાસભ્ય અનિલ પરબે ગુરુવારે (૯ ઓક્ટોબર) એક પ્રેસ કોન્ફરન્સમાં તેમના તાત્કાલિક રાજીનામાની અને જો ન આપે, તો તેમને હાંકી કાઢવાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે, હત્યા અને ખંડણીના ગુનાહિત રેકૉર્ડ ધરાવતા વ્યક્તિને હથિયારનું લાઇસન્સ આપવામાં આવ્યું છે. યોગેશ કદમને મુખ્યપ્રધાનનું પીઠબળ હોવાથી રાજ્યમાં મનસ્વીપણે વર્તી રહ્યા છે.

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર હાલ સાંતાક્રુઝ સ્વ. પ્રભાબેન માણેકલાલ શાહના જયેષ્ઠ પુત્ર શાંતિલાલ (ઉં. વ. ૯૨) તા. ૯-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મુકતાબેન, સ્વ. કુસુમબેનના પતિ. હિતેશ તથા રીટાના પિતા. સોનલ તથા તુષારકુમારના સસરા. સ્વ. હીરાભાઇ, અરવિંદભાઇ, પ્રફુલ્લભાઇ, સ્વ. દમયંતીબેન વીકમચંદ ગાંધી તથા હંસાબેન પ્રવીણચંદ્ર સંઘવીના મોટાભાઇ. તે વનેચંદ વખતચંદ મહેતા તથા મુગટલાલ નંદલાલ લોદરીયાના જમાઇ. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

વડાલ નિવાસી હાલ મલાડ ગં. સ્વ. જ્યોતિબેન રમેશભાઇ દોશી (ઉં. વ. ૭૮) તા. ૯-૧૦-૨૫ના ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મણીલાલ દેવકરણ રૂપાણીના દીકરી. પંકજ, સ્વાતિના માતુશ્રી. અ. સૌ. પૂર્વી અને તુષાર શેઠના સાસુ. હાર્દિક, અ.સૌ. ભાવિ, પ્રથમના દાદી. ક્રિના, હિમાના નાની. તે સુરેશભાઇ, સ્વ.હેમન્દ્રભાઇ, રશ્મિકાંત, રાજેશ તથા સરોજના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૨-૧૦-૨૫ રવિવારના ૪થી ૬. ઠે. ફલેગ હોલ, મહેતા એસ્ટેટની બાજુમાં, લિબર્ટી ગાર્ડન, મલાડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**વેરાવળ વિશા ઓશવાળ જૈન**

વેરાવળ નિવાસી હાલ અંધેરી રમેશભાઇ શાહ (ઉં.વ.૮૩) તે સ્વ. પ્રભાવતીબેન ગીરધરલાલના પુત્ર તા. ૯-૧૦-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. હંસાબેનના પતિ. સોમિલ (બબલ)ના પિતા. નિકિતાના સસરા. સ્વ. જમનાદાસ પ્રેમજી શાહના જમાઇ. ધ્રૂવિલના દાદા. સ્વ. પ્રવીણભાઇ, દીનેશભાઇ, મહેન્દ્રભાઇ, સ્વ. કુસુમબેન, ભદ્રાબેન, તરુબેન, મીનાબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પીઠવડી નિવાસી હાલ ડોમ્બીવલી, કેશવલાલ રામચંદ શેઠના સુપુત્ર ભાવેશ (ઉં. વ. ૪૯) તા. ૦૮/૧૦/૨૫ને બુધવારના સ્વર્ગવાસ થયેલ છે. તે નીપાના પતિ. ભવ્યા - દ્રષ્ટીના પિતાજી. કનુભાઇ, ભરતભાઇ, અજીતભાઇ, અલકેશ તથા મહેશના નાના ભાઈ. ભુપતરાય રાયચંદ મહેતા દુદ્દાણાવાળાના જમાઇ. વનમાળીભાઇ મગનલાલ ભાણજી બાબરા (લુણકી)વાળાના ભાણેજ. ૬, પારીજાત બિલ્ડીંગ, સંગીતા વાડી, શિવમંદિર રોડ, વેદ ૐ શાંતિની બાજુમા, ડોમ્બીવલી (ઈ) લૌકિક વ્યવહાર તથા સાદડી રાખેલ નથી.

**ઝાલાવાડી દશાશ્રીમાળી જૈન**

રાણપુર નિવાસી, હાલ મલાડ (પ.)ના વિક્રમભાઈ નટવરલાલ શાહ (ઉં. વ. ૬૯) તા. ૦૮-૧૦-૨૫, બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. રેણુકાબેનના પતિ. સ્વ. નિરંજનાબેન નટવરલાલ શાહના દીકરા. સ્વ. કનકલતા ચંદુલાલ મેહતાના જમાઈ. ગૌરવ શાહના પપ્પા. અ.સૌ. શ્વેતા શાહના સસરા. અ.સૌ. કૃતિ સિધ્ધાર્થ ગાંધીના પિતા. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

વાસુપૂજ્યની શેરીના હાલ નેપીયન્સી રોડ મુંબઈ, નેમચંદ જેસીંગલાલ (ગુંદરવાલા)ના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં. વ. ૮૩) તે તરુણાબેનના પતિ. કૌશલ અને જીગ્નાના પિતાશ્રી. પાયલ અને કમલભાઇના સસરા. જીયા અને આહાનનાના દાદા. શાંતીલાલ ફુલચંદ (ખંભાત)ના જમાઈ, શુક્રવાર તા.૧૦-૧૦-૨૫ ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૨-૧૦-૨૫, ભારતીવિદ્યા ભવન, ચોપાટી, ૧૦ થી ૧૨.

**ઝાલાવાડી વિ. શ્રી. મુ. પુ. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી, ભીખાલાલ કેવલદાસ વોરાના ધર્મપત્ની સ્નેહલતાબેન (ઉં. વ. ૮૯) તે મુકેશભાઈ તથા ભાવનાબેનના માતુશ્રી. માયાબેનના સાસુ. હર્ષના દાદી. હર્ષદકુમારના સાસુ. સ્વ. શાંતિલાલ દુર્લભજી શાહના સુપુત્રી. તા. ૦૬/૧૦/૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ મલાડ, સ્વ. કાંતાબેન રમણીકલાલ મોદીના પુત્ર સ્વ. સુરેશભાઈના ધર્મપત્ની સ્વ. આશાબેન (યોગીની) (ઉં. વ. ૭૨) ૮/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અંકુર, મમતાના માતુશ્રી. પ્રકાશકુમાર તથા બીજલના સાસુ. કુસુમબેન ચીનુભાઈ કોઠારીના દીકરી. કેતન, સૌરભ તથા તૃપ્તિના બેન. પ્રાર્થનાસભા ૧૧/૧૦/૨૫ના ૩ થી ૫. સ્થાનકવાસી જૈન મંદિર, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

શિહોર નિવાસી હાલ કાંદિવલી, સ્વ. તારાબેન અમૃતલાલ ભાઈચંદ શાહના પુત્ર સુભાષભાઈ (ઉં. વ. ૭૩) ૮/૧૦/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વિનોદભાઈ, ડૉ. દિનેશભાઇ, પ્રવીણભાઈ, ડૉ. દીપકભાઈ, સરોજબેન જીતેન્દ્રભાઈ શાહ, રૂપાબેન (ચંદ્રિકાબેન) રમણલાલ શાહના ભાઈ. સ્વ. સુશીલાબેન, વિનાબેન, અરૂણાબેનના દિયર. ડૉ. સ્વીટાના જેઠ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. બી ૩૦૨, હમસબ બિલ્ડીંગ કાંદિવલી વેસ્ટ.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચલાલા નિવાસી હાલ બોરીવલી, રાજેશભાઇ લાખાણીના ધર્મપત્ની અ.સૌ. વર્ષાબેન (ઉં. વ. ૪૭) તા. ૯/૧૦/૨૫, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નિર્મળાબેન પ્રાણલાલ લાખાણીના પુત્રવધૂ. અક્ષતના માતુશ્રી, પૂનમબેન જયેશભાઇ દોશીના ભાભી. પિયરપક્ષે કડી નિવાસી નિરુબેન પ્રમોદભાઈ સોનીના પુત્રી. ઝંખનાબેન મિલનભાઈ લાખાણીના જેઠાણી, પ્રાર્થનાસભા તા. ૧૨/૧૦/૨૫ના રવિવાર ૩.૦૦ થી ૫.૦૦. વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રયએલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી પશ્ચિમ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર- હાલાર વીસા શ્રીમાળી જ્ઞાતિ જૈન**

જામનગર નિવાસી હાલ મુંબઈ, સ્વ. નીતિન ધીરજલાલ હીરાબેન ઠક્કર તથા ગં.સ્વ. દર્શનાબેનનાં પુત્રવધૂ મિતી વિરલભાઈ ઠક્કર (ઉં. વ.૩૫) તા. ૯-૧૦-૧૫ના અરિહંતશરણ પામ્યાં છે. તે ખુશ્બુ શાલિન સંઘવી, ડેલીનાં ભાભી. વીણાબેન મુકેશકુમાર વોરા, બીનાબેન રવિન્દ્રભાઈ દોશીનાં ભત્રીજાવહુ, ગં. સ્વ. વર્ષાબેન પ્રકાશભાઈ પોપટલાલ શાહનાં પુત્રી, આસ્થા હિમાંશુ શાહ, સિદ્ધિ આશય શાહનાં બેન, પ્રદીપભાઈનાં ભત્રીજી. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૧-૧૦-૨૫ના ૩ થી ૫. જૂની ભાટિયા મહાજન વાડી એસી હૉલ, કાલબાદેવી રોડ, મું-૨.

**ઘોઘારી સ્થાનકવાસી જૈન**

ભાવનગર નિવાસી હાલ ગોરેગાંવ, ગ. સ્વ. પદમાબેન શાહ (ઉં. વ. ૯૦) તા. ૯-૧૦-૨૫ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મનસુખલાલ નરોત્તમદાસ શાહના ધર્મપત્ની, પિયરપક્ષે સ્વ. શાંતિલાલ શાહના દીકરી. અજયભાઇ તથા રેખાબેન દિલીપભાઈ શેઠના માતા, દક્ષાબેનના સાસુ. વાગેશ્રી અને વિનીતના દાદી. રીતલ-હિરલના નાની. પ્રાર્થનાસભા ૧૧-૧૦-૨૫ના શનિવાર ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ (મોટો ઉપાશ્રય), પાંચમા માળે, એસ.વી.રોડ, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના નુતન ઉપેન્દ્ર કલ્યાણજી લાલન (ઉં. વ. ૬૫) તા. ૮-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી ચંચળબેન કલ્યાણજી લાલનના પુત્રવધૂ. ઉપેન્દ્રના પત્ની. ધ્વનિના માતૃશ્રી. નાના ભાડીયાના સ્વ. હેમલતા લખમશી ગણશીના પુત્રી. સ્વ. કોકીલા, સ્વ. હર્ષદ, પ્રીતિના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઍડ્રેસ : ઉપેન્દ્ર લાલન, જી-૧૦૨, મયુરેશ પાર્ક, લેક રોડ, ભાંડુપ (વેસ્ટ).

ગઢશીશાના જયંતીલાલ દેઢિયા (ઉં. વ. ૬૯) તા. ૭-૧૦-૨૫ના અવસાન પામેલ છે. વેજબાઇ સોજપારના પુત્ર. જ્યોતિ (ભાનુ)ના પતિ. વિશાલ, શિલ્પાના પિતાશ્રી. પ્રેમજી, મણીલાલ, વેલબાઇના ભાઇ. મોટા રતડીયા નેણબાઈ રતનશી નાગડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન, ત્વચાદાન કરેલ છે. નિ. જયંતીલાલ દેઢીયા, એ/૩, માણેક સ્મૃતિ, ગવણપાડા, મુલુંડ (ઇ).

## પારસી મરણ

બચા દીનશા દાદીના તે મરહુમ દીનશાના ધનિયાની. તે મરહુમો આલામાય મહીયર ગુલેસ્તાનના દીકરી. તે પરસી, જેસમીન ને મેહેરના માતાજી. તે નીલુફર, અદીલ ને મરહુમ અસપીના સાસુજી. તે એરચ તથા મરહુમો ફરદુન, નોઝર, મેહરુ, દોલત તથા બખતાવરના બહેન. તે બીનાઝ ને વાબીઝ મામીજી. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૨૭૫, ન્યુ કામા બિલ્ડિંગ, પહેલા માળે, તારદેવ રોડ, ભાટીયા હોસ્પિટલની નજદીક, તારદેવ, ગ્રાન્ટરોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૧-૧૦-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં-૫માં ડુંગરવાડી પર.

## હિન્દુ મરણ

સ્વ. કાકુભાઇ દેવજી કેસરિયા ગામ સાભરાઇ હાલ મુલુંડ ચેકનાકાના ધર્મપત્ની ગં. સ્વ. વાસંતીબેન (વસુબેન) (ઉં. વ. ૮૩) તે મટુબેન મોરારજી આઇયા ગામ મોટી વિરાણી (નખત્રાણા)નાં મોટીપુત્રી. તે અરવિંદભાઇ કેસરિયા, સ્વ. લક્ષ્મીબેન વસંતભાઇ, સ્વ. મણીબેન જીતેન્દ્રભાઇ મોટનપુત્રા તથા કેસરબેન દિનેશકુમાર અનમનાં મોટાભાભી. મંજુલાબેનનાં જેઠાણી. પ્રીતિબેન શંકરભાઇ કતીરા, જીગ્ના મુકેશભાઇ જોબનપુત્રા તથા દીપક કેસરિયાના મોટા દાદી. નેહા દીપક કેસરિયાના મોટાસાસુ તા. ૯-૧૦-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૧-૧૦-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ). બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**ગીરનારા પરજીયા સોની**

સ્વ. હસમુખભાઇ બાબુભાઇ લોઢીયા (ઉં.વ.૭૧) મુંબઇ નિવાસી તા. ૭-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે અંજુબેન લોઢિયાના પતિ. ભાનુબેન, નિર્મળાબેન, દક્ષાબેન તથા સ્વ. નવનીતભાઇના ભાઇ. સમીર અને વિશાલના કાકા. નિકુંજભાઇ અને દર્શનાબેનના પિતાશ્રી. લૌકિક પ્રથા બંધ રાખવામા આવેલ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

કુકડ નિવાસી હાલ (ભાવનગર) અરુણકુમાર અમૃતલાલ ભટ્ટના ધર્મપત્ની નયનાબેન (ઉં. વ. ૭૬) મંગળવાર, તા. ૭-૧૦-૨૫ના કૈલાસવાસી થયેલ છે. તે આરતી જતીનકુમાર મહેતા, ગં. સ્વ. તૃપ્તિ જયેશકુમાર પંડયા તથા કેતન (ચિન્ટુ)ના માતુશ્રી. અ. સૌ. દીપીકા કેતન ભટ્ટના સાસુ. જીતુભાઇ, સ્વ. અશ્વિનભાઇ, સ્વ.જુગલભાઇ, ગં. સ્વ. મીનાબેન જગદીશકુમાર વ્યાસ, પંકજભાઇ તથા ગીરીશભાઇના ભાભી. સ્વ. અનસુયાબેન કાંતિલાલ પંડયાના દીકરી. અરવિંદભાઇ, સ્વ. નિર્મળાબેન કુમુદરાય મહેતા, સ્વ. જસુમતીબેન પ્રવીણચંદ્ર દેસાઇના બેન. બન્ને પક્ષની સાદડી તા. ૧૨-૧૦-૨૫ના રવિવારે સાંજે ૪થી ૬. ઠે. સાઇ લીલા બંગલો, રાજાવાડી હોસ્પિટલ પાસે, ઘાટકોપર (ઇસ્ટ).

**મેઘવાળ**

મૂળગામ ટીમાણાના હાલ મુલુંડ પૂર્વ સ્વ. હામજીભાઇ પ્રેમજીભાઇ રાઠોડ તે સ્વ. શ્યામબેન રાઠોડના પુત્ર. તે માખણીયા નિવાસી વાઘેલાના ભાણેજ. બેલા પડાયાના જમાઇ. ગં. સ્વ. મણીબેનના પતિ. લલિતભાઇ, દીલીપભાઇ, લીલાબેન, હંસાબેનના પિતાશ્રી. સ્વ. નાથાભાઇ, સ્વ. રત્નાભાઇ, સવજીભાઇ, વાલજીભાઇના ભાઇ. તેમનું બારમું (કારજ) તા. ૧૨-૧૦-૨૫ને રવિવારના સાંજે ૫.૦૦ કલાકે. ઠે. કચ્છી લુહાણા મહાજનવાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ રેલવે સ્ટેશન (વેસ્ટ).

**પાવરાઇ ભાટીયા**

સ્વ. મહેન્દ્ર ખટાઉ ખીમજી (ઉં. વ. ૮૮) તે મીનાબેનના પતિ. હરેન, આનંદના પિતા. દિપ્તી, ગાયત્રીના સસરા. પ્રણય, નિલ, નિધીના દાદા. મુલી, જયંત, લક્ષ્મી, જયમલ, ઊષાના ભાઇ. તે લક્ષ્મીદાસ તુલસીદાસના જમાઇ તા. ૯-૧૦-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૨-૧૦-૨૫ના સવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. કે. સી. કોલેજ ઓડિટોરિયમ, ચર્ચગેટ, ખાતે રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મંજુલાબેન મોહનલાલ દનાણીના પુત્ર. સ્વ. કસ્તુરબેન કરમશી દનાણીના પૌત્ર અને સ્વ. સાકરબેન પુરુષોતમ રાયમંગીયાના દોહિત્ર અજયભાઇ (પપ્પુ) (ઉં. વ.૫૦) કચ્છ ગામ વરાળિયા હાલ ભાંડુપ તે ઉર્મિબેનના પતિ. પલકના પિતાશ્રી. તૃપ્તિ (મૈયા) નિલેશ પટેલના ભાઇ તા. ૯-૧૦-૨૫ના ગુરુવારના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગીતા હોલ, ભાંડુપ સ્ટેશન રોડ, ભાંડુપ (વે.) મધ્યે શનિવાર, તા. ૧૧-૧૦-૨૫ના ૫થી ૬.૩૦. મહિલાઓએ તે જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સ્વ. ચકુભાઇ બેચરદાસ ચિતલિયાના સુપુત્ર તથા સ્વ. લલ્લુભાઇ બેચરદાસ ચિતલીયાના ભત્રીજાના સુપુત્ર વામનભાઇ ચિતલિયા (ઉં. વ. ૭૨) તે મહુવા તા. ૭-૧૦-૨૫ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે અરુણાબેનના પતિશ્રી. અમીત, માધવ, શિવાલીના પિતાશ્રી. હિંમતભાઇ, હસમુખભાઇ, બિપીનભાઇ, મૃદુલાબેન નવનીતભાઇ મહેતા, અનસુયાબેન રમણીકલાલ, કુંદનબેન પ્રકાશભાઇ મહેતાના ભાઇ. સસુરપક્ષે ડાહ્યાભાઇ હરિભાઇના જમાઇ. પ્રાર્થનાસભા સાંજે ૫થી ૭, તા. ૧૨-૧૦-૨૫ના રવિવારે. ઠે. અમન એપાર્ટમેન્ટ, સુમન કો.ઓપ. હાઉસિંગ સોસાયટીની પાછળ, શંકરલેન, કાંદિવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**લોહાણા**

મૂળ ગામ ડમરાળા, હાલ કલ્યાણ, ઠા.ભગવાનજીભાઈ ત્રિભોવનદાસ મજીઠિયાના પુત્રવધુ અ. સૌ. જ્યોત્સનાબહેન ચંદુલાલ મજીઠિયા (ઉં. વ. ૮૦) બુધવાર તા. ૦૮/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. ચૈતાલીબહેન ભરતકુમાર મસરાણીના માતુશ્રી. ગં.સ્વ.જ્યોતિબહેનના જેઠાણી. સ્વ.રાજેન્દ્રભાઈ, કિશોરભાઈ, રિતેશભાઈ, તુષારભાઈ, મિતુલભાઈ, બિંદુ બહેન, દિવ્યેશભાઈ, જીજ્ઞેશભાઈના કાકી. સ્વ.શાંતાબહેન રામદાસભાઈ રૂપારેલના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

મુંબઈ નિવાસી, દક્ષાબેન (ઉં. વ. ૭૬) તે ભરતભાઈ મદનલાલના ધર્મપત્ની. સ્વ. વિજયાબેન નટવરલાલના માલવિયાના દીકરી, સ્વ. મહેન્દ્રભાઈ, પંકજભાઈ, ઉમેશભાઈના ભાભી. પ્રતિભાબેન, સર્યુબેન, સોનલબેનના જેઠાણી. સ્વ. નિર્મળભાઈ, પરેશભાઈ, દીપકભાઈ, જશુંબેન, મધુબેન, હીનાબેન, અમિતાબેનના બેન. રિતેશ-નેહા, તેજસ-શૈલી, ધવલ-મીનલ, દિવ્યા ધ્રુવિનના મોટામમ્મી. ૮/૧૦/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૧/૧૦/૨૫ના ૧૦ થી ૧૨. કોમ્યુનિટી હોલ, બીમાં નગર, વિશાલ હોલની સામે, મથુરાદાસ વસનજી લેન, અંધેરી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ સાવરકુંડલા હાલ કાંદિવલી, સ્વ.નલિનીબેન પ્રભુદાસ જોગીના પુત્ર જસવંતરાય જોગી (ઉં. વ. ૭૧) તા. ૭/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે યશોધરાબેનના પતિ. પરાગ તથા અમિષાના પિતા. રશ્મિબેનના સસરા. દિપકભાઈ, માલતીબેન, શૈલેષભાઈ તથા બાલકૃષ્ણભાઇના મોટાભાઈ. ભાવનગરવાળા સ્વ. હરગોવિંદદાસ જીવણલાલ સોપારિયાના જમાઈ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# વીક એન્ડ




## સ્પોર્ટ્સવુમન

સાશા
feedback@bombaysamachar.com

# ઑસ્ટ્રેલિયન ક્રિકેટમાં શર્મા - વર્મા - પટેલ ને સિંહનો ફેલાવો વધે છે


### ભારતમાંથી ટૅલન્ટેડ બાળકોને આકર્ષવાની ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડની બે વર્ષ પહેલાંની યોજના હવે રંગ લાવી રહી છે

ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે ચાલી રહેલા મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયા વતી રમી રહેલી અલાના કિંગે કરીઅરની ૧૦૦મી વન-ડે વિકેટ લેવાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે. શું તમે એ જાણો છો કે લેગ-સ્પિનર અલાના કિંગ કોણ છે? એક રીતે તેનું તમિળનાડુ સાથે કનેક્શન છે. જાણીને નવાઈ લાગીને! આ ખેલાડીનાં મમ્મી-પપ્પાનો જન્મ તમિળનાડુના ચેન્નઈ શહેરમાં થયો હતો અને એ રીતે અલાના ભારતીય મૂળની છે. અલાના ઑસ્ટ્રેલિયાની વાઇટ-બૉલ ક્રિકેટ ટીમનો મહત્ત્વનો હિસ્સો છે. ૨૯ વર્ષની સ્પિન ઑલરાઉન્ડર અલાના કિંગ પાંચ ટેસ્ટ તથા ૨૭ ટી-૨૦ ઇન્ટરનૅશનલ પણ રમી ચૂકી છે અને બુધવારે કોલંબોમાં પાકિસ્તાન સામે તેણે ૫૧ રનની આક્રમક અણનમ ઇનિંગ્સ રમવા ઉપરાંત એક વિકેટ પણ લીધી હતી. રવિવારે આંધ્ર પ્રદેશના વિશાખાપટનમમાં ભારત સામે રમાનારી મૅચમાં ભારતીય મૂળની અલાના કિંગ ઑસ્ટ્રેલિયાને વિજય અપાવવા કોઈ કસર નહીં છોડે, ખરુંને?

અલાના કિંગની રાહ પર અન્ય ભારતીય મૂળની મહિલા ક્રિકેટરો પણ ઑસ્ટ્રેલિયન ક્રિકેટના ફલક પર જોવા મળી છે. જેમ કે, હસરત ગિલ, સમારા દુલવિન અને રિબ્યા સિયાન. તે ગયા વર્ષે ઑસ્ટ્રેલિયાની અન્ડર-૧૯ ટીમનો હિસ્સો હતી. ૨૯ વર્ષીય કિંગ કહે છે, 'એક બાબતનું મને વાસ્તવમાં ઝનૂન છે અને એ બાબત એ છે કે હું ભારતીય ઉપખંડની યુવા મહિલા ખેલાડીઓને બૅટ અને બૉલ ઉઠાવવા પ્રેરિત કરું. આશા રાખું છું કે તેઓ પણ મારી જેમ એક દિવસ ઑસ્ટ્રેલિયન જર્સીમાં હશે.'

વાસ્તવમાં, ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ ફલક પર ભારતીય મૂળની માત્ર છોકરીઓ જ નહીં, પણ છોકરાઓ પણ પગપેસારો કરી રહ્યા છે અને તેમની સંખ્યા સતત વધતી રહી છે. ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના જણાવ્યા અનુસાર ૨૦૨૪-'૨૫ની સીઝન માટે ૫-૧૨ વર્ષની ઉંમરના વર્ગમાં ૧,૦૩,૨૩૨ સાઉથ એશિયન ઑસ્ટ્રેલિયનોએ રજિસ્ટ્રેશન કરાવ્યું અને સતત છઠ્ઠા વર્ષે એમાં સૌથી મોટી સંખ્યા 'સિંહ' અટકવાળા બાળકોની છે. બે વર્ષ પહેલાં ઑસ્ટ્રેલિયન બોર્ડે બહુસાંસ્કૃતિક બૅકગ્રાઉન્ડવાળા બાળકોને આકર્ષવા માટેનો એક ઍક્શન-પ્લાન બનાવ્યો હતો અને એ યોજના હવે રંગ બતાવી રહી છે. કારણ એ છે કે ઑસ્ટ્રેલિયન પિચ પર મોટી સંખ્યામાં શર્મા, વર્મા, પટેલ, સિંહ અને ખાન અટકવાળા ખેલાડીઓ જોવા મળી રહ્યા છે.

ઑસ્ટ્રેલિયાની વન-ડે અને ટી-૨૦ ટીમોમાં પણ ભારતીય મૂળના ખેલાડીઓની ઝલક જોવા મળી છે. ઑસ્ટ્રેલિયાનો લેગ-સ્પિનર તનવીર સંઘા મૂળ ભારતના પંજાબનો છે. ઑસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે દેશમાં ક્રિકેટના વિકાસ માટે જે જૂથ બનાવ્યું છે એમાં પણ ઇન્ડિયન કનેક્શન છે. આ જૂથના મેમ્બર નિવેથાન રાધાક્રિષ્નનનો જન્મ ચેન્નઈમાં થયો હતો.



ઑસ્ટ્રેલિયાના તનવીર સંઘાનો જન્મ જલંધરમાં થયો હતો. તેના પિતા સિડનીમાં ટેક્સી ચલાવતા હતા.


યશ દેશમુખ ઑસ્ટ્રેલિયાની અન્ડર-૧૯ ટીમનો કૅપ્ટન છે.

ઑસ્ટ્રેલિયા-એ ટીમનો ખેલાડી જેસન સંઘા મૂળ પંજાબનો છે. તે કહે છે, 'ઑસ્ટ્રેલિયન ઓપનર ઉસમાન ખ્વાજા મૂળ પાકિસ્તાનનો છે. તે ઘણા સમયથી ઑસ્ટ્રેલિયન ટીમમાં છે. ઑસ્ટ્રેલિયાની અન્ડર-૧૯ ટીમનો કૅપ્ટન યશ દેશમુખ છે અને તેના સુકાનમાં ટીમ તાજેતરમાં જ ઇન્ડિયા-એ ટીમ સામે રમી હતી જેમાં ભારતીય ટીમે ક્લીન સ્વીપ કરી હતી. આર્યન શર્મા અને જૉન જેમ્સ પણ યશ દેશમુખની ટીમમાં છે. ઑસ્ટ્રેલિયાની બિગ બૅશ લીગ (બીબીએલ)ની વાત કરીએ તો હૉબાર્ટ હરિકેન ટીમમાં નિખિલ ચૌધરી, મેલબર્ન રેનીગેડ્સમાં ગુરિન્દર સંધુ, સિડની થન્ડરમાં જેસન અને સિડની થન્ડરમાં તનવીર સંઘા સામેલ છે. જેસન કહે છે, 'હું ગુરિન્દરને રમતો જોવા બિગ બૅશની મૅચો જોવા જતો હતો. તેના મમ્મી-પપ્પા પંજાબના છે. તેમણે જ મને પ્રેરિત કર્યો. પોતાના આઇડલને રમતા જોઈને લોકો પોતે રમવા માટે આકર્ષિત થતા હોય છે.

હવે આ જ સંદર્ભમાં ભારતીય મહિલા ખેલાડીઓની વાત કરીએ તો હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના અને જેમાઇમા રૉડ્રિગ્સ વગેરે ભારતીય ખેલાડીઓ વિમેન બિગ બૅશમાં ભાગ લેતી હોય છે અને ભારતીય મૂળની આ છોકરીઓને રમતી જોઈને ઑસ્ટ્રેલિયામાં છોકરીઓ ક્રિકેટના મેદાન પર પગ મૂકવા પ્રેરિત થતી હોય છે. ટૂંકમાં, ક્રિકેટના વિકાસમાં આ બધુ અરસપરસ છે. ઑસ્ટ્રેલિયન ક્રિકેટને ભારતીય મૂળની ટૅલન્ટેડ ક્રિકેટરો મળી રહ્યા છે અને ભારતની ખેલાડીઓ ઑસ્ટ્રેલિયામાં યુવા વર્ગ માટે પ્રેરક બની રહી છે. આવતી કાલે ઑસ્ટ્રેલિયામાં બ્રિસ્બેનના ઐતિહાસિક ગૅબાના ગ્રાઉન્ડ પર 'કેરળ વિરુદ્ધ પંજાબ'ની મૅચ રમાશે તો નવાઈ નહીં પામતા. મુલગ્રેવ કમ્બાઇન્ડ સીએ નામની ક્લબ ક્વીન્સલૅન્ડની ટોચની ક્લબ છે અને એની એક 'પંજાબી' ટીમ છે જે સ્ટેટ લીગની સેકન્ડ ડિવિઝનમાં રમે છે. એની જ એક 'કેરળ' ટીમ પણ છે જે થર્ડ ડિવિઝનમાં રમે છે. ક્લબના મંત્રી ઍલન રિચર્ડ્સનું કહેવું છે, 'આ બન્ને ટીમમાં માત્ર પંજાબ અને કેરળના મૂળના ખેલાડીઓ જ સામેલ છે. કેરળની ટીમે તો ક્લબમાં ઓનમનું પણ આયોજન કર્યું હતું. આવી પ્રકારના કાર્યક્રમોથી ટીમમાં એકતા અને ભાઈચારો વધે છે.'

ઑસ્ટ્રેલિયાની મહિલા ખેલાડી અલાના કિંગનાં મમ્મી-પપ્પાનો જન્મ તમિળનાડુના ચેન્નઈમાં થયો હતો.

આના પરથી જ અંદાજ આવે છે કે ઑસ્ટ્રેલિયન ક્રિકેટમાં ભારતના મૂળિયાં કેટલાં બધાં પ્રસરી રહ્યાં છે.

હવે તો ભારતનો સ્પિન-લેજન્ડ રવિચન્દ્રન અશ્વિન પણ બિગ બૅશ લીગ (બીબીએલ)માં રમવાનો છે. તે સિડની થન્ડર ટીમ વતી રમવાનો છે અને ડેવિડ વૉર્નર એ ટીમનો સુકાની છે.

ઉલ્લેખનીય છે કે ઑસ્ટ્રેલિયામાં ઇંગ્લૅન્ડ સામેની ઍશિઝ સિરીઝ પછી ભારત સામેની બોર્ડર-ગાવસકર ટ્રોફી સિરીઝ સૌથી વધુ લોકપ્રિય છે. 'ડાઉન અન્ડર' એટલે કે ઑસ્ટ્રેલિયામાં જ્યારે પણ ભારતીય ટીમ રમતી હોય તો એને ભારતીય મૂળના લોકોનું સમર્થન અચૂક મળે છે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ક્યોટોની ક્રિયેટિવ આબોહવામાં...

બુલેટ ટ્રેન ક્યોટો સ્ટેશન પર પહોંચી ત્યારે માન્યામાં નહોતું આવતું કે હવે અમે સકુરાના મેઇન સ્ટોપ પર આવી પહોંચ્યાં હતાં. દુનિયામાં વસંતમાં જવાની જો કોઈ એક જગ્યા હોય તો તે ક્યોટો છે. થોડું ઐતિહાસિક, અત્યંત પારંપરિક, એકદમ કુદરતી મહેરથી લદાયેલું અને પાક્કું આંતરરાષ્ટ્રીય ક્યોટો એક સમયે જાપાનની રાજધાની જ હતું. થોડા સમય પહેલાં એક બુક વાંચી હતી, જેમાં એક બાપ-દીકરી ક્યોટોમાં એક રમણીય જગ્યા પર કોઇ પણ જાતની જાહેરાત કર્યા વિના એક રેસ્ટોરાં અને ફૂડ ડિટેક્ટિવ એજન્સી ચલાવે છે. એમને ત્યાં જે પણ પહોંચી જતું તેમને એ લોકો તેમની બાળપણની કે જિંદગીની બેસ્ટ વાનગી રિક્રિયેટ કરીને આપતાં. મને ખબર હતી કે એ જગ્યા તો કાલ્પનિક જ છે, તે છતાંય, ક્યોટો પહોંચીને પહેલો વિચાર તો એ લોકોનો જ આવ્યો. એ ખરેખર વાસ્તવિક હોત તો હું સીધી જ કુમારને એમને ત્યાં ખેંચીની લઈ ગઈ હોત. જોકે તેના માટે મારે કઈ વાનગી રિક્રિયેટ કરાવવી એ પ્રશ્ન જરૂર થાત. મારી જિંદગીની સૌથી યાદગાર વાનગી કઈ છે તે તો કહેવું મુશ્કેલ છે. વળી જાપાનમાં રામેન અને સુશીમાં ભલે ગમે તેટલી મજા આવતી હોય, મારી જિંદગીનું સૌથી યાદગાર ભાણું તો ભારતીય જ હોવાનું. એ પણ કંઇક માએ બનાવેલું.



ક્યોટોમાં માએ બનાવેલું ભારતીય ભોજન તો નહોતું હાથ આવવાનું, પણ ત્યાં જાપાનનાં થોડાંક યાદગાર મિલ જરૂર મળી ગયેલાં. હું તો ત્યાંનું હાકાઇડો મિલ્ક જ સાથે રાખતી. જાપાનમાં જ્યાં પણ જાઓ, મજેદાર દૂધ મળી જતું. ક્યોટો પહોંચ્યાં ત્યારે હજી ટ્રેનનું બેન્ટો બોક્સ પચ્યું પણ ન હતું અને અમે ફરી ક્યાં ખાવાનું તેની ચર્ચાઓ ચાલુ કરી લીધી. દરેક શહેરનું અમારું લિસ્ટ તો તૈયાર હતું જ. છતાંય અમે લિસ્ટની બહાર કંઇક મનને જામી જાય તો ત્યાં ખાવામાં અચકાતાં નહીં. એમ જ અમે અત્યાર સુધીમાં ઘણી મજાની તૈયાકી, રામેન, સુશી, જાપાનીઝ કરી જેવું ઘણું ગપચાવી ગયેલાં. સૌથી વધુ મજા મોચીમાં આવતી. પહેલાં તો મોચી જરા વધુ પડતી ચાવવી પડે તેવી લાગતી, પણ જર્મનીમાં ખાધેલી પેકેજ્ડ મોચી અને જાપાનમાં બનતી તાજી મોચીમાં પણ ફર્ક તો હોવાનો જ.

ટોક્યો એટલું બધું ધમધમતું હતું કે ક્યોટો ટૂરિસ્ટથી ઊભરાતું હોવાં છતાં ત્યાં જરા વધુ પડતી શાંતિ હોય તેવું લાગતું હતું. હજી અહીં સકુરાને બે અઠવાડિયાંની વાર હતી, એટલે અમે તો ગુલાબી પ્લમનાં ફૂલોથી જ કામ ચલાવી લીધું હતું. કારણ કે એક વાર સકુરા સિઝન ચાલુ થાય તે પછી તો આખી દુનિયા જાણે ક્યોટો જ આવી પહોંચે છે. અમને સકુરાની હજી થોડી અધકચરી ખૂલેલી કળીઓ જોવા મળવાની હતી, પણ તેના માટે ત્યાંનાં ખ્યાતનામ બાગ અને શ્રાઇન તો બારેમાસ મનને ખુશ કરી દે તેવા હાજર જ હોય છે.

ક્યોટોમાંનો મર્યાદિત સમય અમે જિયોન રિજનમાં વિતાવવાનાં હતાં. ઐતિહાસિક રિજન આમ પણ પારંપરિક ર્‌યોકાનથી ભરેલો હતો. અમારી ર્‌યોકાનમાં નીચાં જાપાનીઝ ટેબલ, નેતરનું ફર્નિચર અને ચટાઈ વચ્ચે ત્યાં વાતાવરણ કોઈ સ્પા કે હોટ ટબમાં ગયા વિના પણ રિલેક્સ થવા માટે મજબૂર કરી દે તેવું હતું. ખરાં જાપાનીઝ લોકો તો અહીં ધીરજથી ટી સર્વિસ, સૉના, બધું માણીને આનંદ લેવામાં પડી જાત, પણ અમે તો સીધાં શહેરને અનુભવવા તરત જ નીકળી પડ્યાં. તે પહેલાં અમે વેલકમ ડ્રિંકમાં માચાની મજા લઈ લીધી હતી.

જિયોન વિસ્તારમાં માંડ કોઈ ઇમારત ઊંચી દેખાઈ. જિન્ઝાનો જાણે આ સીધેસીધો વિરોધી શબ્દ હતો. આ પહેલાં ટોક્યોની શ્રાઇન પાસે લોકો ગીશા જેવાં કિમોનો અને મેક-અપમાં ફોટા પડાવતાં હતાં. અહીં જિયોનમાં તો શહેરમાં ચાલતાં ખરાં ગાઇકો એટલે કે ક્યોટોનાં ગીશા નજરે પડતાં હતાં. તેમનો દેખાવ અને ચાલમાં જરા મુશ્કેલ નિયમોમાં વિકસેલું એટિટ્યૂડ સ્પષ્ટ દેખાઈ આવતું હતું. અમે પહેલેથી જ જાણતાં હતાં કે તેમને રોકીને તેમની સાથે અથવા તેમને ખબર ન હોય તે રીતે તેમના ફોટા પાડવા જરા ખોટું કહેવાય. એટલે અમે તો તેમને જોઈને જ સંતોષ માની લીધો. પણ ઘણાં લોકો તેમને ફોટો પાડવાનું પૂછવા પ્રયત્ન કરતાં તો તે લોકો શરમાઈને કે ડરીને તેમનાથી દૂર નીકળી જતાં હતાં. ટૂરિસ્ટ આમ પણ લોકોનાં ઘરોની પ્રાઇવસીની ચિંતા તો કરતાં નથી. એવામાં અહીં તો લોકોની પ્રાઇવસી પણ ભાગ્યે જ મળે છે.

અમે આ પહેલાં ટોક્યોમાં શોપિંગ ઘણા ઓછા પ્રમાણમાં કર્યું હતું. ખાસ તો એટલા માટે કે બધે મર્યાદિત સામાન સાથે ફરી શકાય. હવે એકવાર ઓસાકા આવે પછી અમે પેટ ભરીને શોપિંગ કરવા માટે તૈયાર હતાં. જાપાનની ખ્યાતનામ લગેજ સર્વિસ આજકાલ એટલી ઓવરલોડેડ છે કે ત્યાં સામાન સમયથી નથી પહોંચી રહ્યો, એવું ન થાય તેના માટે તેમણે નવા ઓર્ડર લેવાનું જ બંધ કરી દીધેલું. એવામાં અમે તો બધે લગેજ સાથે જ લઈને ફરી રહ્યાં હતાં. જોકે હવે તો બધું હોટલ પર હતું અને અમે કિયોમિઝુ ડેકા ટેમ્પલ સુધી પહોંચી ગયેલાં. ક્યોટોની એનર્જી એકદમ ફીલ થઈ શકે તેમ હતું. ત્યાં શાંતિથી હાથમાં ગરમ માચા સાથે ફરી શક્યાં હોત તો મજા આવત, પણ જાપાનમાં ખાવા-પીવાનું બેસીને જ માણવું એનો પણ આગ્રહ હતો. મંદિર આમ પણ એક ટેકરી પર હતું. ત્યાંથી નજીકની પહાડીઓનો વ્યુ પણ ત્યાં રોકાઈ જવાની જ વાત કરી રહ્યો હતો. ક્યોટોમાં ભલભલાને વખવા, વાંચવા, ચીતરવા, ગાવા કે પછી કૂકિંગ કરવાની ઇચ્છા થઈ આવે તેવી ક્રિયેટિવ પ્રેરણાથી ભરેલી આબોહવા હતી.

ક્યોટોના તે પહેલા અડધા દિવસનો અંત યુડોફુથી આવ્યો. તેમાં ગ્રિલ થયેલાં રીંગણ, મીસો સૂપ, સાશિમી અને તોફુવાળી આ વાનગીમાં પણ શહેરનો સ્વાદ હતો જ. હવે ક્યોટોને માણવા માટેનું મેનુ પણ બની ચૂક્યું હતું. ■










# રેઈનકોટ



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

**ટીના દોશી**

**વીરચંદ** વિરાણી અત્યંત સફળ અને સમૃદ્ધ ઉદ્યોગપતિ હતા. નગરમાં નામ હતું. પ્રતિષ્ઠા હતી. દબદબો હતો દેશદેશાવરમાં એમનો વ્યાપાર વિસ્તરેલો, વિકસેલો હતો. લોખંડથી લઈને સોના સુધીનો. કન્સ્ટ્રકશનથી માંડીને પાવર પ્લાન્ટ નાખવા સુધીનો. કેટલીયે ધમધોકાર ચાલતી ઓફિસો હતી. કેટલાંયે કારખાનાં હતાં. એમના હાથ નીચે સાતેક હજાર લોકો તો કામ કરતા. એમની કંપનીઓના શેર ખરીદવા લોકોમાં પડાપડી થતી. પડતીઓના અનુભવી એવા વીરચંદની ચડતી ઈશ્વરકૃપાને જ આભારી હતી. બાકી ગામડાની ધૂળમાં રગદોળાતો, રખડતો, આખડતો ને ઠોકરો ખાતો વીરચંદ આવડો મોટો શેઠ કેવી રીતે બની જાય?

ગામડેથી દોરીલોટા સાથે કિસ્મત અજમાવવા વીરચંદ વિરાણી મોટા શહેરમાં આવ્યા ત્યારે નસીબનું ચક્કર ફર્યું. ફર્યું તે કેવું ફર્યું! રાહુ, કેતુ, મંગળ, શનિ...અત્યાર સુધી જે ગ્રહો વીરચંદ સામે ડોળા તતડાવતા હતા તે બધા જ ભયભીત થઈને પોતપોતાના ઘરમાં ચાલ્યા ગયા. બીજા નડતરરૂપ ગ્રહો અને નક્ષત્રોએ વીરચંદ સાથે દોસ્તીનો હાથ મિલાવી લીધો. એને પ્રતાપે વીરચંદના એવા રૂડા દિવસો આવ્યા કે સહુ મોંમાં આંગળાં ઘાલી ગયાં. દંગ રહી ગયા. નાનકડી હોટલમાં દિવસે ચા બનાવવાનું કામ કરતો અને રાત્રે એ જ હોટલના બાંકડે સૂઈ રહેતો વીરચંદ ઝૂંપડેથી મહેલમાં આવી ગયો. મલમલી તળાઈઓમાં ને રેશમી ઢોલિયામાં પોઢતો થઇ ગયો.

આગળપાછળ નોકરચાકરની ફોજ! રૂપિયાની રેલમછેલ થઇ ગઈ. ગણ્યા ગણાય નહીં, વીણ્યા વિણાય નહીં, તોય વીરચંદ વિરાણીની છાબડીમાં માય!

વેપારના વિસ્તારની સાથે વીરચંદના અંગત જીવનમાં પણ વિકાસ થયેલો. સારા ઘરની સંસ્કારી વિમળા સાથે લગ્ન થયાં. સુખી દાંપત્યના પરિપાકરૂપે બે દીકરા અને એક દીકરીના પિતા બન્યા. મોટો અરમાન અને નાનો અનિકેત. સૌથી નાની અંબર. વીરચંદની લાડકી. આંખનો તારો. કાળજાનો ટુકડો. હવે તો ત્રણેય સંતાનો ઉંમરલાયક થઇ ગયેલાં. એમનાં પણ લગ્ન લેવાયાં. ઘરમાં બે સભ્યનો ઉમેરો થયો. અરમાનની પત્ની અનીતા અને અનિકેતની પત્ની અનુજા. આ બેના ઉમેરણ સામે વિરાણીવિલામાંથી અંબરની બાદબાકી થઇ. એ અમનને પરણીને સાસરે ગઈ.

અંબર નજરથી જરૂર દૂર થઇ હતી, પણ વીરચંદના હૃદયથી નહીં. કન્યાવિદાય પછી તો વીરચંદને અંબર ખૂબ જ યાદ આવતી.

અંબરના વિયોગમાં ઝૂર્યા કરતા. જોકે અંબર લગભગ રોજ કે એકાંતરે દિવસે પિયરે આવતી, છતાં ઘણી વાર વીરચંદ વિમળાબહેન સામે બળાપો કરતા કે, અંબરને વહેલી પરણાવી દીધી! હસીને વિમળાબહેન કહેતાં કે, ‘હું મા છું અંબરની. એ મારી પણ લાડકી છે.પણ દીકરી તો પરાયું ધન કહેવાય. એક દિવસ તો એને સાસરે મોકલવાની જ હતી ને? સારું ઘર ને વર મળે ત્યારે હાથ પર હાથ ધરીને બેસી ન રહેવાય. લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મોઢું ધોવા ન જવાય, એવું તમે જ કહેલું ને?’

‘હા, એ તો બરાબર, પણ તોય...’ વીરચંદ વળી વસવસો વ્યક્ત કરતા.

હવે પણ ને બણ... વિમળાબહેન સમજાવવાનો પ્રયાસ કરતાંઃ ‘એમ કહોને કે જમાઈ આટલો સારો મળ્યો છે તે અંબર રોજ રોજ આપણે ઘેર આવી શકે છે. બાકી તમે જ કહો, પરણ્યા પછી અંબર પિયરે આટલું આવી શકે?’

સામાન્યપણે જમાઈને દસમો ગ્રહ કહેવાય છે. જમાઈને જમ સાથે સરખાવવામાં આવે છે, પણ અમન ખરેખર સારો જમાઈ પુરવાર થયેલો. એ પોતે ઉદ્યોગસાહસી હતો. મહેનતુ હતો. પાણીમાં પાટુ મારીને પૈસા પેદા કરવાની તાકાત ધરાવતો હતો. અમનની નજર સસરાની સંપત્તિ પર નહોતી. અંબરને હથેળીના છાંયડા કરતો. કોઈ પણ બાબતે ન રોકતો ન ટોકતો. અંબર એની સાથે સુખી હતી.

દીકરીને સુખી જોઇને માબાપની આંખ ઠરતી. અમન અને અંબરની જોડી જોઈ બેયનાં હૈયા હરખાતાં. અંબરને સાસરે કોઈ ખોટ નહોતી, છતાં એ પિયરે આવે ત્યારે વીરચંદ એને મોંઘી ભેટસોગાદો, ઘરેણાં અને તરેહ તરેહની મહામૂલી સામગ્રીથી નવાજતા. અંબર રોજેરોજ આવતી. ક્યારેક આંતરે દિવસે!

આ રીતે તમારા બાપા રોજેરોજ રૂપિયા લૂંટાવશે તો એક દિવસ એવો આવશે કે આપણે ભીખનો કટોરો લઈને રસ્તે રઝળતાં થઇ જઈશું. અરમાનની પત્ની અનીતાને અંબરનું રોજ આવવું આંખમાં કણાની જેમ ખટકતું હતું. એટલે એક સાંજે ચારે જણા ભવ્ય બંગલાની અતિ ભવ્ય લોનમાં ચર્ચા કરી રહ્યાં હતાં ત્યારે અનીતાએ દેરાણી સાથેની સાંઠગાંઠ અનુસાર ચાયની ચુસ્કી લેતાં મમરો મૂક્યો.

એ દિવસ બહુ દૂર નથી.. અનિકેતની પત્ની અનુજાએ જેઠાણીની ચિંતામાં સૂર પુરાવ્યો.

અંબર અરમાનની લાડકી બહેન હતી. પરણેલી બહેન પિયરે આવે તો એને ખાલી હાથે પાછી ન મોકલાય એ સ્વાભાવિક હતું. એટલે પિતા એને પ્રેમના પ્રતીકરૂપે કશુંક આપતા હોય એમાં એને કઇ વાંધાજનક લાગતું નહોતું. એ બોલ્યોઃ પિતાજીએ એમની દીકરીને જે આપવું હોય એ આપે. એમની મરજી. એમાં આપણે શું? વળી પિતાજીની માલમિલકતમાં અંબરનો ભાગ પણ છે જ. ઉપરાંત સાગરમાંથી ગાગર જેટલું પાણી ઓછું થાય તો એથી દરિયો ખાલી નથી થઇ જતો.!’

‘હવે શેનો હક? ગાડાંનાં ગાડાં ભરીને કરિયાવર તો કર્યો છે!’ મનોમન બબડતી અનીતાને થયું કે પોતાની દાળ નહીં ગળે. એણે અનિકેત અને અનુજાને ઈશારો કર્યો. એટલે અનિકેત બોલ્યોઃ ‘તારી વાત સાચી છે અરમાન... પણ એમ દોલત લૂંટાવાથી તો કુબેરનો ખજાનો પણ ખાલી થઇ જાય. આપણી પાસે લખલૂટ સંપત્તિ છે એની ના નથી, પણ એને કારણ વગર ઉડાડાય ઓછી! અને કાલ કોણે દીઠી છે? આપણે પૈસાને સાચવીશું તો પૈસો આપણને સાચવશે!’

અરમાન કંઇ વિચારે ત્યાં તો અનુજાએ મોરચો સંભાળ્યોઃ ‘જેઠજી, અંબર અમારી નણંદ છે. આ ઘરની દીકરી છે. પણ ચાર મહિને એક વાર આવતી હોય તો એને ખાલી હાથે વિદાય ન કરીએ એ બરાબર કહેવાય. પણ આ તો રોજ આવે છે. રોજ રોજ શેનું આપવાનું? મને તો લાગે છે એ કીમતી સોગાદો લેવા જ રોજ આવે છે. મને તો લાગે છે કે અમન જ અંબરને રોજ મોકલે છે.’ અનીતા ફુત્કાર કરતાં બોલીઃ

‘મોઢે તો મીઠડો થાય છે અમન, પણ એ કાંઈ ઓછો નથી. મહા મીંઢો છે. ખંધો ખેલાડી છે. અંબરને અછોવાનો કરે છે, પણ એની નજર તો આપણી મિલકત પર જ છે! જોજોને એક દિવસ અંબરને આગળ કરીને એવું પરાક્રમ કરશે કે આપણે સહુ હાથ ઘસતાં રહી જઈશું!

ગરમાગરમ ચર્ચાને અંતે ચારેયમાં આ બાબતે વીરચંદ વિરાણી સાથે વાત કરવાનું નક્કી થયું. સારી પેઠે સંતલસ કરીને સાંજે પાંચેક વાગ્યે ચારેય વીરચંદના આલીશાન ઓરડામાં ગયા. બેઠક લીધી.

‘અરે વાહ, ચારેય સાથે આવ્યાં છો ને કંઇ...’ વીરચંદ સમજી ગયા કે જરૂર કોઈ વાત છે. એ દીકરા-વહુઓને બરાબર ઓળખતા હતા. રૂપિયા જોઈતા હશે બીજું શું? લાલો લાભ વગર ન લોટે!

પિતાજી, વાત એમ છે કે... અરમાન મનની વાત કઈ રીતે કહેવી એની અવઢવમાં પડ્યો. પણ પછી હિંમત કરીને એકશ્વાસે બોલી ઊઠ્યોઃ ‘હું એમ કહેતો હતો કે અંબર...’

‘અંબર? શું થયું અંબરને? ઠીક તો છે ને?’ વીરચંદના હૈયામાં ફાળ પડી.

‘અરે અંબરને કાંઈ નથી થયું.’ અરમાન નહીં બોલી શકે એમ માનીને અનિકેતે કમાન સંભાળી. કહેવા લાગ્યોઃ

‘એવું છે કે લગ્ન પછી અંબર રોજ રોજ અહીં આવી પડે છે તે સારું નથી લાગતું.’

‘આ એના બાપનું ઘર છે. એ જયારે ઈચ્છે ત્યારે આવી શકે છે!’ વીરચંદની આંખમાંથી તણખા ઝર્યા.

‘હા, એનો વાંધો નથી. પણ...એને રોજ રોજ કીમતી ભેટ આપવી જરૂરી છે?’ અનીતાએ છણકો કર્યો અને અનુજાએ મૂક ટેકો આપ્યો.

‘અચ્છા, તો એમ વાત છે? હવે સમજ્યો.’ વીરચંદે ઘાંટો પાડ્યોઃ ‘તમને સહુને દુઃખે છે પેટ ને કૂટો છો માથું!

ચારેય જણા કાન ખોલીને સાંભળી લ્યો. આ બંગલો, ગાડીઓ અને નોકરચાકરોની સાહ્યબી તમે ભોગવો છે તે મારી કમાણીની છે. મારા બાપદાદા મને વારસામાં આપીને ગયા નથી. એટલે હું ધારું તો તમને કોઈને ફૂટી કોડી પણ નહીં મળે, સમજ્યા?’

પણ પિતાજી... અરમાને હથિયાર હેઠાં મૂકતાં કહ્યુંઃ ‘અમે તો એટલું જ કહેવા માંગીએ છીએ કે અંબર તો ભોળી છે. આ તો અમનનો ડોળો આપણી સંપત્તિ પર લાગે છે!’

‘તે એટલું તો કેટલું મેં અંબરને આપી દીધું મારા કુંવર?’ વીરચંદે ફૂંફાડો માર્યો :.

‘અરમાન, અનિકેત, તમે લોકો મારા રૂપિયા પર તાગડધિન્ના નથી કરતા? અરમાન, તારે કોઈ કંપનીમાં રોકાણ કરવું હતું ત્યારે દસ કરોડ મારી પાસે માંગવા આવેલો કે બીજા કોઈ પાસે? અનિકેત, ઘરને આંગણે સત્તર ગાડીઓ ઊભી છે પણ તારે પેલી મોંઘીદાટ ગાડી જોઈતી હતી તેય મેં ખરીદી આપેલી. તારી ત્રેવડ છે એટલી મોંઘી ગાડી ખરીદવાની? અને વહુઓ, તમને તો હું કાંઈ કહેવા જ માગતો નથી. તમે કરો એ લીલા ને અંબરને હું આપું એ...!’ કહેતાં વીરચંદ મૌન થઇ ગયા. બોલીને એ મર્યાદાલોપ કરવા માગતા નહોતા. પણ એમની આંખોમાં ધિક્કાર હતો.

‘પિતાજી, અંબર હવે પરણી ગઈ છે. હવે એનું સાસરું જ એનું સાચું ઘર છે...’ અનિકેત લડી લેવાના મૂડમાં હતો. વ્યંગમાં બોલ્યોઃ

‘તમે અમારા પર જે ખર્ચ કર્યો એ તો ગણાવી દીધો, પણ અમનને ઓડી એવેન્ટ જર્મનીથી મંગાવી આપેલી એનું કાંઈ નહીં. એની હેસિયત છે ઓડી ગાડી ખરીદવાની? એને ધંધા માટે પાંચ કરોડ આપેલા. એણે ટુકડે ટુકડે પૈસા પાછા આપવાની વાત કરેલી. કેટલા પૈસા આવ્યા હજુ સુધી? એની વાત કરોને?’

વીરચંદ એકદમ ઊભા થઇ ગયા. અને કાળઝાળ થઈને બોલ્યાઃ ‘બસ કરો. બહુ થયું. હું બેઠો છું ને અંબરના આ હાલ છે તે હું નહીં હોઉં ત્યારે શું થશે? તમે લોકો તો એની સામું પણ નહીં જુઓ. મેં અમન પાસે પણ ઉઘરાણી કરી છે. એ પાઈ પાઈ ચૂકવી દેશે. ચાલો, હવે નીકળો બહાર અહીંથી...’

વીરચંદનું રૌદ્ર સ્વરૂપ જોઇને ચારેય છોભીલાં પડીને બહાર નીકળી ગયાં. બંને ભાઈ પોતપોતાની ગાડીમાં બહાર ઊપડી ગયા. બંને વહુ નવેસરથી યોજના બનાવવામાં પરોવાઈ ગઈ.

એ જ રાત્રે વીરચંદ વિરાણીની હત્યા થઇ ગઈ!

એ રાત્રે બિનમોસમનો વરસાદ ખૂબ પડેલો. વીરચંદ વિરાણી આલીશાન ઓરડામાં પોતાની નકશીકામ કરેલી ઝૂલણખુરસીમાં ઝૂલતા હશે ત્યારે જ પાછળથી કોઈએ એમની પીઠમાં ખંજર હુલાવી દીધેલું!

ઇન્સ્પેક્ટર કરણ બક્ષીએ તપાસ શરૂ કરી ત્યારે આગલા દિવસની બોલાચાલી અંગે માહિતી મળી. વળી એણે જોયેલું કે બંગલાની પરસાળમાં કાળા રંગના ત્રણ રેઇનકોટ પડ્યા હતા. એમાંથી એક રેઈનકોટની ડાબી બાજુની આખી બાંય પલળેલી હતી. ત્રણેય રેઈનકોટની ફોરેન્સિક તપાસમાં ખબર પડેલી કે ત્રણમાંથી એક રેઈનકોટ પર પહેલી નજરે દેખાય પણ નહીં એવાં લોહીનાં એકાદ બે સાવ ઝાંખાં ટીપાં બાઝેલાં હતાં. એ વીરચંદનું જ લોહી હતું એ સ્પષ્ટ હતું. ખંજર પર કોઈનાં આંગળાંની છાપ નહોતી. આ ખૂનીઓ બહુ ચાલાક થતાં જાય છે, કરણે વિચાર્યું. કોઈ અજાણ્યાં પગલાંનાં નિશાન નહોતાં. એનો અર્થ એવો થતો હતો કે ઘરનું જ કોઈ ઘાતકી બન્યું હતું!

અરમાન અને અનિકેત અનીતા અને અનુજા સાથે હાજર હતાં. અમન પણ અંબર સાથે પહોંચી ગયેલો. વિમળાબહેનનું રડવાનું બંધ જ થતું નહોતું.

શોક અને વિષાદભર્યા વાતાવરણમાં પણ ફરજ બજાવવી જ પડતી હોય છે. બક્ષીએ પણ કર્તવ્યના ભાગ રૂપે પૂછપરછ શરૂ કરીઃ

‘આ રેઇનકોટ કોના છે?’

અરમાન, અનિકેત અને અમને સ્વીકાર્યું કે રેઇનકોટ એમના જ હતા, પણ ત્રણે રેઈનકોટ એકસરખા હોવાથી કોનો કયો રેઈનકોટ હતો એ કહેવું મુશ્કેલ હતું. પછી કરણ બક્ષીના પૂછવાથી ઘટના બની ત્યારે કોણ ક્યાં હતું તે અંગે સહુ કેફિયત નોંધાવવા લાગ્યા. શરૂઆત અરમાનથી થઇ. એણે કહ્યું કે, ‘પિતાજી સાથે નાની અમથી બોલાચાલી થઇ હોવાથી હું મનને શાંત કરવા બહાર નીકળી ગયો. એ જ વખતે કમોસમી વરસાદ શરૂ થયો હોવાથી મેં રેઈનકોટ પહેરી લીધેલો. હું પાછો ફર્યો ત્યારે રેઈનકોટ ઉતારતાં મેં જોયું કે પિતાજીના ઓરડાની બત્તી બળતી હતી.’

પછી અનિકેતે કહ્યું કે, ‘હું પણ એ જ કારણસર બહાર જતો રહેલો. પાછો આવ્યો ત્યારે અમન જીજાની ઓડી એવેન્ટ ગાડી અમારા પોર્ચમાં ઊભેલી જોયેલી. પછી હું રેઈનકોટ પરસાળમાં ઉતારીને મારા કમરામાં સૂવા જતો રહેલો.’

અમને પોતે મોડેથી આવ્યો હોવાનું સમર્થન કરીને કહ્યું કે, ‘મારે સસરાજીને રૂપિયા ચૂકવવાના હતા એટલે એની વાત કરવા આવેલો. અને થોડી વાર પછી હું જતો રહેલો. એ વખતે વરસાદ બંધ થઇ ગયેલો એટલે મારો રેઈનકોટ અહીં જ રહી ગયો.’

હુંઅં... કરણ બક્ષીને થયું કે ખૂની આ ત્રણમાંથી જ કોઈ એક છે! અને જેના રેઇનકોટ પર ખૂનના ધબ્બા છે એજ હત્યારો છે! કોનો છે એ રેઈનકોટ? સંપત્તિ માટે ખૂન કરવામાં કોઈ સંબંધો આડા આવતા નથી. ચાહે એ સંબંધ દીકરાનો હોય કે જમાઈનો. કંઈક વિચારીને કરણે અમનને કહ્યુંઃ ‘વીરચંદ વિરાણીનું ખૂન કરવા બદલ તમારી ધરપકડ કરવામાં આવે છે!’

‘સાબિત કરો!’ અમને ઠંડે કલેજે કહ્યું. એને ખાતરી હતી કે પોતે કોઈ પુરાવો પાછળ છોડ્યો નહોતો.

‘આપણે ત્યાં સામાન્ય પણે રાઈટ હેન્ડ ડ્રાઈવની ગાડીઓ જોવા મળે છે. પણ તમારી પાસે જર્મન બનાવટની ઓડી ગાડી છે, જેમાં લેફ્ટ હેન્ડ ડ્રાઈવ હોય છે... કરણ બક્ષીએ સૂક્ષ્મ નિરીક્ષણશક્તિનો પરિચય આપતાં ઠાવકાઈથી કહ્યુંઃ આ ગાડીમાં બેસનારે પાછળની ગાડી વાળાને સિગ્નલ આપવો હોય ત્યારે ડાબી બાજુએથી હાથ બહાર કાઢવો પડે છે. અરમાન અને અનિકેતની ગાડી રાઈટ હેન્ડ ડ્રાઈવ છે, એટલે એ લોકો ગાડીમાંથી હાથ બહાર કાઢે તો રેઈનકોટની જમણી બાંય પલળે. અને તમારા રેઈનકોટની ડાબી બાંય ભીંજાય. કાલે જે વરસાદ થયો તેમાં તમે કોઈ કારણસર હાથ બહાર કાઢ્યો હશે એટલે જ તમારા રેઇનકોટની ડાબી બાંય ભીંજાઈ ગઈ છે. વળી, વીરચંદને છેલ્લે મળનારા પણ તમે જ હતા. અરમાન પહેલાં આવ્યો, પછી અનિકેત અને પછી તમે. અનિકેત આવ્યો ત્યારે તમારી ગાડી પોર્ચમાં ઊભેલી. તમે પોતે પણ એ કબૂલ કર્યું છે! બોલો, તમે જ ખૂન કર્યું છે ને? ખરું કે ખોટું?’

‘હા, મેં જ ખૂન કર્યું છે!’ અમન ભાંગી પડ્યો.

‘સસરાજી મારી પાસે રૂપિયાની કડક ઉઘરાણી કરતા હતા. ગઈ કાલે રાત્રે પણ એમણે મને ફોન કરેલો. મને પારાવાર ગુસ્સો ચડ્યો. એટલે એમનું ખૂન કરવાના ઈરાદે જ હું ખંજર લઈને મોડી રાત્રે નીકળ્યો. એ મને ઓળખી ન શકે એ માટે રેઈનકોટ પહેરીને જ એમના ઓરડામાં ગયો. અમારો જોરદાર ઝઘડો થયો. એમણે અઠવાડિયામાં જ રૂપિયા ચૂકવી દેવાની ચીમકી આપી. ક્રોધમાં મેં એમની પીઠમાં ખંજર ભોંકી દીધું. પણ એમનાં લોહીનાં છાંટા મારા રેઈનકોટ પર ઊડ્યા.

એટલે મેં એને હાથેથી જ ભૂંસી દીધા. પછી મને કોઈ જોઈ જાય એ પહેલાં ઝડપથી નીકળી ગયો. પરસાળમાં મેં બે રેઈનકોટ જોયા એટલે મારો રેઈનકોટ ઉતારીને એની સાથે મૂકી દીધો. ગુસ્સામાં મેં એમનું ખૂન કરી નાખ્યું. મમ્મીજી...અંબર, મને માફ કરી દો!’

મા-દીકરી નફરતભરી આંખે જોઈ રહ્યાં. એમની આંખમાંથી ફિટકાર વરસી રહ્યો હતોઃ

‘ફટ ભૂંડા, આખરે તો તું જમ જ પુરવાર થયો!’■

**આવતા અઠવાડિયે નવી કથા**

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# જગ્યાઃ સ્થાપત્યનો આત્મા...

**હેમંત વાળા**
feedback@bombaysamachar.com

**દીવાલો** એટલા માટે બનાવાય છે કે જગ્યા નિર્ધારિત થાય. છત એટલા માટે તે દીવાલ ઉપર ટેકવાય છે કે તેનાથી તે જગ્યાને આબોહવાના અને અન્ય કેટલાક વિપરીત પરિબળો સામે રક્ષણ મળે. દીવાલોમાં બારી એટલા માટે રાખવામાં આવે છે કે તે જગ્યામાં યોગ્ય પ્રમાણમાં હવા-ઉજાસ પ્રવેશે. તે જગ્યામાં આવનજાવન શક્ય બને તે માટે દીવાલોમાં બારણા ગોઠવવામાં આવે છે. નીચે ફરસ પર લાદી એટલા માટે જડવામાં આવે છે કે તેનાથી તે સ્થાનની ઉપયોગિતામાં સરળતા રહે. અહીં રંગરોગાન પણ એટલા માટે જ કરાય છે કે જેનાથી તે જગ્યાની દૃશ્ય અનુભૂતિ સમૃદ્ધ બને. સ્થાપત્યમાં કેન્દ્રમાં તે જગ્યા અર્થાત્ સ્પેસ હોય છે. જે કંઈ કરવામાં આવે છે તે આ જગ્યા સ્થાન માટે જ છે.

આ જગ્યાની ઉપયોગિતામાં સરળતા રહે - અને સાથે કંઈક અંશે ઉપયોગિતા વધે - તે માટે રાચરચીલું ગોઠવવામાં આવે છે, કૃત્રિમ પ્રકાશ વ્યવસ્થાનું આયોજન કરાય છે, શણગાર માટે વિગતિકરણ તથા વધારાની વસ્તુઓ ગોઠવાય છે, જરૂરી સંરચનાકીય સવલતો ઉમેરાય છે, સાંસ્કૃતિક સંબંધ સ્થાપવા માટે પ્રતીકાત્મક રીતે અમુક બાબતો ઉમેરાય છે અને એ બધા ઉપરાંત તે જગ્યા સાથે જે તે વ્યક્તિનો મનોવૈજ્ઞાનિક તેમજ લાગણીમય સંબંધ સ્થાપવા માટે સંવેદનાઓને યોગ્ય મહત્ત્વ અપાય છે. આ સમગ્ર પ્રક્રિયાના કેન્દ્રમાં તે જગ્યા છે.







આ જગ્યા એટલે સ્થાપત્યનો આત્મા. બધું જ તેને કેન્દ્રમાં રાખીને કરવામાં આવે છે. બધું જ તેને કારણે થાય છે. આ જગ્યામાં અપાર સંભાવનાઓ રહેલી હોય છે - તેની રચના માટે અને તેની ઉપયોગિતા માટે પણ. આ જગ્યા બનાવવાતી નથી હોતી પણ બની જાય છે. આમ જોવા જઈએ તો તે જગ્યા ત્યાં હતી જ, માત્ર મકાનના વિવિધ અંગોથી તેની સીમા નક્કી થઈ - તેનું નિર્ધારણ થયું. આ જગ્યાને ક્યારેય ઓપ નથી અપાતો, તે ઉદ્ભવે છે. તેની રચના તો તેને નિર્ધારિત કરતા અંગ - અવરોધોની કરાય છે. આ અંગોના સ્થાન, પ્રમાણમાપ તથા રચનાથી તે જગ્યાની ગુણવત્તા સ્થાપિત થાય છે. જગ્યા તો પરિણામ છે. જગ્યા તો હેતુ છે. જગ્યાનું જ પ્રયોજન છે. જગ્યાને જ અર્થ સાથે સાંકળવામાં આવે છે. આ જગ્યા તો ઊભરી આવે છે. વાસ્તવમાં આ જગ્યા આત્મા સમાન છે, દિવાલ - છત - ફરસ તથા બારીબારણા જેવાં બાંધકામથી - શરીરથી તેને બંધન મળે છે, ઓળખ મળે છે, તેનો પ્રકાર નિર્ધારિત થાય છે. ધરતીકંપમાં દીવાલો તૂટે, આ જગ્યા ક્યારે તૂટતી નથી. સમુદ્રના વાવાઝોડામાં મકાન તણાઈ જાય, આ જગ્યા તો ત્યાંની ત્યાં જ રહે. આ આત્માની ખાસિયત છે.

આ જગ્યા નીરસ પણ બની શકે અને સરસ પણ. આ જગ્યા અંતર્મુખી પણ હોઈ શકે અને બહિર્મુખી પણ. અહીં ચોક્કસ કાર્યહેતુમાં વ્યક્તિ સરળતાથી અને ઈચ્છાથી સંલગ્ન થઈ શકે તેવો પ્રયાસ પણ હોય અને સાથે સાથે વ્યક્તિને મુક્તતાની અનુભૂતિ મળે તેનું પણ ધ્યાન રખાય. અહીં સાંસ્કૃતિક પરંપરાનું પ્રતિબિંબ પણ દેખાય અને સાથે સાથે વ્યક્તિગત મૂલ્યો પણ અંકિત થાય. જગ્યાનું નિર્ધારણ કરતી વખતે કાયદાનું પાલન પણ અગત્યનું ગણાય અને સાથે સાથે સર્જનાત્મકતાને પણ પૂરતો અવકાશ સ્કોપ મળે તેનું ધ્યાન રખાય.


અહીં કેટલીક જગ્યાઓ ચોક્કસ કાર્યહેતુ માટે હોય તો કેટલીક મોકળાશની અનુભૂતિ માટે. અહીં મુકતતા પણ હોય અને શિસ્તબદ્ધતા પણ. અહીં પરંપરા પણ હોય અને આધુનિક તાપમાન. અહીં કળાત્મક અભિવ્યક્તિ પણ રહે અને તકનિકી જ્ઞાન પણ પ્રયોજાય. એકંદરે એમ કહી શકાય કે સ્થાપત્યની જગ્યા એટલે એવું સ્થાન કે જ્યાં વ્યવહારૂ ઉકેલ હોય, વ્યક્તિગત સંવેદનાઓ હોય, સામાજિક સમીકરણનું પ્રતિબિંબ હોય, વ્યક્તિગત અભિવ્યક્તિની સંભાવના હોય, તકનિકી જાણકારી સાથે પ્રયોજાયેલી કળા હોય, થોડું નિર્ધારણ હોય તો થોડીક મસ્તી હોય. સ્થાપત્યના આત્માની આ ખાસિયત છે. અહીં મર્યાદામાં રહીને સપનાને સાકાર કરવાની વાત છે. સ્થાપત્ય એ સ્વપ્ન અને વાસ્તવિકતાનો સમન્વય છે, સ્થાપત્યના આત્માની આ ભૂમિકા છે.

સ્થાપત્યના આત્માની - આ જગ્યાની ગુણવત્તા તેના પ્રમાણમાપ, ત્યાં સુધી પહોંચવાના માર્ગના પ્રકાર, પ્રયોજવામાં આવેલ કુદરતી તેમજ કૃત્રિમ પ્રકાશ વ્યવસ્થા, જરૂરી અન્ય સવલતોનો તર્કબદ્ધ સમાવેશ, મનોવૈજ્ઞાનિક જરૂરિયાત પ્રમાણે કરાયેલ કેટલુંક સંવેદનશીલ આલેખન તથા આજુબાજુની પરિસ્થિતિ સાથે તેનો સુ-સંવાદ; જેવી બાબતો પર આધાર રાખે છે. આ બાબતોની સફળતાને નિર્ધારિત કરી શકાય તેવો કોઈ માપદંડ નથી. આ જગ્યાની ગુણવત્તાનો નિર્ણય પ્રવર્તમાન સામાજિક પ્રવાહ, વ્યક્તિગત મૂલ્યો તેમજ સ્થાપિત કરાયેલ અગ્રતાક્રમ પર આધાર રાખે.

સ્થાપત્યમાં આ સારું જ છે અને આ જ સારું છે તેમ નથી કહી શકાતું. અહીં દરેક રચનામાં અમુક સારપ હોય છે અને અમુક ખામી હોય છે. જેમ અહીં કશું સંપૂર્ણતામાં સારું નથી તેમ સંપૂર્ણતામાં કશું જ અસ્વીકૃત પણ નથી. અહીં દરેક રચનાની કોઈ ઉપયોગીતા છે અને સાથે સાથે તે ઉપયોગિતામાં મર્યાદા પણ છે. અહીં સુંદરતાની કોઈ નિર્ધારિત પરિભાષા નથી, છતાં રચનાકાર સાંપ્રત સમયમાં સ્વીકૃત એવી એક સૌંદર્યની પરિભાષા આલેખે છે. અહીં કેટલીક બાબતો ઉપયોગિતા પ્રમાણે જરૂરી હોય છે જ, પણ તે સિવાય પણ ક્યાંક ઉદ્દેશ્ય જળવાઈ જતો હોય છે. આ આમ જ હોવું જોઈએ તેવું સ્થાપત્યમાં નથી કહી શકાતું. સ્થાપત્યની આ એક મહાન શક્તિ પણ છે અને નબળાઈ પણ. જો પરિસ્થિતિનો હકારાત્મક ઉપયોગ થયો હોય તો તે યથાર્થ કહેવાય અને તેનાથી વિપરીત સંજોગોમાં તે ગોઠવાણ કહેવાય. બંનેની સમાન સંભાવનાઓ છે અને તેથી સ્થાપત્યમાં બધું જ લગભગ સ્વીકારી લેવામાં આવે છે.

છતાં પણ ક્યાંક મર્યાદાઓ છે જેમાં નબળાઈ છતી થઈ જાય. જો મકાનનું બંધારણ નબળું હોય અને માળખાકીય રચનામાં તકલીફ હોય, જો મકાનની જે તે જગ્યાની ઉપયોગિતામાં સગવડતા કરતાં અગવડતા વધારે અનુભવાતી હોય, જો જે તે જગ્યામાં માનવી વ્યક્તિ ઝડપથી ત્રસ્ત થઈ જતો હોય, જો ઉપયોગકર્તાને મકાનની જે તે પરિસ્થિતિ સંવેદનાહીન - મશીન સમાન જણાતી હોય, જો સામાજિક મૂલ્યોનું હનન થતું હોય, તો તે મકાનનું મૂલ્યાંકન નિમ્ન રહેવાનું. આ રીતનું મૂલ્યાંકન જગ્યાનું થવાનું છે. જગ્યા વિના મકાન સંભવી જ ન શકે અને મકાન હોય ત્યાં જગ્યા હોય જ. આત્મા વિના - આ જગ્યા વિના બધું જ નકામું. આ જગ્યા છે તો સ્થાપત્ય છે. આ જગ્યા છે તો મકાનની ઉપયોગિતા છે. આ જગ્યા છે એટલે મકાન સાથે તાદાત્મ્યતા છે. આ જગ્યા છે એટલે સ્થાપત્યનું અસ્તિત્વ છે. ■

## પ્રકરણ-૨૯




'એ છોકરીનું આખું જીવન દુઃખોથી ભરેલું હતું, એવું પડોશીઓનું કહેવું છે... અને બિચારીનું મૃત્યુ પણ પીડાજનક રહ્યું હશે!'

બોલતી વખતે સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગરના અવાજમાં વેદના છલકાતી હતીઃ 'ગરીબ પરિવારની હતી અંજુ. જોગેશ્વરીના ઘરમાં એકલી રહેતી હતી.'

બંડગરની વાત પરથી ગોહિલ સમજી ગયો કે એ યુવતીનું નામ અંજુ હતું. અંજુનું શબ જમીનમાંથી કાઢવામાં આવ્યું હતું. શબ કોહવાયું ન હોવાથી તેનો ચહેરો સાબૂત હતો, જેને આધારે તેની ઓળખ થઈ હતી. મહિલા કોન્સ્ટેબલ સાથે બંડગર અંજુના ઘરે પહોંચ્યો હતો અને પડોશીઓ પાસેથી તેની વિગતો જાણી લાવ્યો હતો.

'એકલી રહેતી હતી એટલે?' ગોહિલે પ્રશ્ન કર્યો.

'મા-બાપનું એકમાત્ર સંતાન હતું અને ગરીબીથી કંટાળીને તેના પિતાએ આપઘાત કર્યો હતો!'

બંડગરે વિગતો આપવાનું ચાલુ રાખ્યુંઃ 'પતિના વિયોગમાં અંજુની માતાની માનસિક સ્થિતિ બગડી. ધીરે ધીરે એવા સ્ટેજ પર આવી કે તેને પાગલખાનામાં લઈ જવી પડી.'

'ઓહ!'

'હાં... સર. થાણેની મેન્ટલ હૉસ્પિટલમાં એની સારવાર ચાલે છે!' બંડગરે કહ્યું.

'...તો પછી અંજુ ગુમ થયાની કોઈએ નોંધ પણ લીધી નહીં હોય?' શિંદેને પ્રશ્ન થયો.

'ના... એના પડોશીઓ સારા છે. એ લોકો જ અંજુનું ધ્યાન રાખતા હતા. અચાનક તે ગુમ થઈ તો પડોશીએ જ જોગેશ્વરી પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી!'

'ત્યાંની પોલીસે કોઈ તપાસ કરી? તેમને અંજુ વિશે કંઈ હાથ લાગ્યું હતું?' ગોહિલે પૂછ્યું.

'એક્ચ્યુઅલી સર... ગુમ થયાની ફરિયાદ ત્રણ દિવસ પહેલાં જ નોંધાવાઈ હતી.' બંડગરે કહ્યું.

'કેમ?'

'પહેલાં બે દિવસ તો પડોશીઓને થયું, કોઈ કામ અર્થે તે બહાર ગઈ હશે, પણ તેનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ આવતો હોવાથી શંકા જવા લાગી.'

'આખરે આપસમાં ચર્ચા કરીને પડોશીઓ પોલીસ સ્ટેશને ગયા!' બંડગરે વાત પૂરી કરતાં કહ્યું.

'તેના મોબાઈલનો કૉલ રેકોર્ડ પણ નથી કઢાવ્યો... એટલે કે લાસ્ટ લૉકેશન?' શિંદેએ પૂછ્યું.

'હું ત્યાંના ઑફિસરને મળી આવ્યો... કૉલ ડિટેઈલ મગાવી છે, પણ હજુ આવી નથી.'

'તો એને જોગેશ્વરીમાં મારીને અહીં દાટી હશે?' ગોહિલને પ્રશ્ન થયો.

'ના. મને લાગે છે કે એને જંગલમાં જ મારી હશે!' બંડગરે અનુમાન લગાવ્યું.

'એવું શેના પરથી લાગે છે?' ગોહિલનો પ્રશ્ન.

'સર... એ આરેમાં યોજાતા મેડિકલ કેમ્પમાં પણ સેવા આપતી!'

ગોહિલ આશ્ચર્યથી બંડગર સામું જોઈ રહ્યો. બંડગરે જે કહ્યું તેનાથી ગોહિલ તાણાવાણા જોડવા લાગ્યો.

'આદિવાસીઓની 'કૃપાળુ' એટલે કે ડૉ. વિશ્વાસ ભંડારીની સેક્રેટરી કૃપા ગોડબોલે અંજુની બહેનપણી હતી. કૃપા સમયાંતરે અંજુના ઘરે જતી અને એના કહેવાથી જ અંજુ મેડિકલ કૅમ્પમાં પણ જતી!'

* * * * * *

કામણગારી કાયાની માલકણ આકૃતિ બંગારા કૅબિનમાં આવીને ઊભી હતી, પણ ડૉ. વિશ્વાસ ભંડારીએ તેની કોઈ નોંધ ન લીધી. આવું તો આજ સુધી ક્યારેય થયું નહોતું. ડૉક્ટરના બદલાયેલા વર્તનથી આકૃતિને આશ્ચર્ય થયું.

'સર... ક્યાં ખોવાયા છો?' માદક અવાજે આકૃતિએ ધ્યાન ખેંચવા ડૉક્ટરને કહ્યું, પણ તે મોબાઈલમાં માથું મારીને બેઠા હતા. આકૃતિ જ્યારે પણ સામે આવતી ડૉ. ભંડારી લટુડાપટુડા કરવા માંડતા. તેની નજીક જવાની એકેય ક્ષણ ડૉક્ટર ચૂકતા નહીં, પણ અત્યારે ડૉ. ભંડારી કંઈ અલગ જ જણાતા હતા.

'શું થયું... કઈ ચિંતામાં છો?' આકૃતિએ પાછું પૂછ્યું.

'કંઈ નહીં. આ જંગલની જંજાળમાં ફસાયો છું... એટલે વિચાર કરી રહ્યો છું!' ડૉ. ભંડારીએ હવે મોં ખોલ્યું.

'ચિંતા શેની? પોલીસ માગે તે માહિતી આપી દેવાની!' આકૃતિએ નિર્દોષ ભાવે કહ્યું.

'એટલું સરળ નથી હોતું. પોલીસ ફરી ફરીને ઊલટાસૂલટા પ્રશ્નો કરતી હોય છે.'

'પણ તમે કંઈ કર્યું ન હોય તો ડરવાનું શા માટે?' આકૃતિની વાતથી ડૉ. ભંડારી તેને તાકી રહ્યા.

'ચા મગાવું... ટેન્શન ઓછું થઈ જશે!' આકૃતિએ પૂછ્યું, પણ તે જ સમયે કૃપા ગોડબોલે આવી પહોંચી. કાચના દરવાજે ટકોરા મારી તે કૅબિનમાં પ્રવેશી.

'કેમ છે, કૃપા?' આકૃતિએ હસીને આવકાર આપ્યો.

'મજામાં. તમે?' કૃપાએ પરાણે હાસ્ય સાથે જવાબ આપ્યો, પણ કોઈ વાતને લઈ ટેન્શનમાં હોવાનું તેના ચહેરા પર સ્પષ્ટ દેખાતું હતું, જે ડૉ. ભંડારીએ પણ નોંધ્યું.

'શું થયું બોલ... તને અર્જન્ટ કામ હતુંને?' ડૉ. ભંડારી સીધા મુદ્દા પર આવ્યા.

વાત શરૂ કરતાં પૂર્વે કૃપાએ આકૃતિ તરફ જોયું એટલે ડૉ. ભંડારી સમજી ગયા. ડૉ. ભંડારીએ ઇશારો કરતાં આકૃતિ કૅબિન બહાર ગઈ.

'હવે બોલીશ... કેમ આટલા ટેન્શનનો બોજ માથે લઈને ફરે છે?' ડૉ. ભંડારીએ ફરી પૂછ્યું.

'પોલીસને કારણે...'

'એ લોકોએ તો મને પોલીસ સ્ટેશને બોલાવ્યો છે... અને ટેન્શન તને છે?' આમ તો ડૉ. ભંડારી પણ ચિંતામાં હતા, પણ ખુશ હોવાનો ડોળ કરતા હતા.

'તમારી વાતને લઈ ચિંતા નથી... પોલીસને અંજુની બધી માહિતી મળી ગઈ છે અને અધિકારીઓ તેના ઘર સુધી પહોંચી ગયા છે!' કૃપાએ ચિંતાનું ખરું કારણ કહ્યું.

'તો શું થયું?'

'એ મારી બહેનપણી હતી એની જાણ થશે તો પોલીસ મને આ કેસમાં ફસાવી દેશે!'

'એમ કંઈ કોઈને પણ ફસાવી દેવું સહેલું નથી. તું નાહક ચિંતા કરે છે.' ડૉ. ભંડારીએ આશ્વાસન આપ્યું.

'અંજુની લાશ મળી ત્યારે તારે સામે ચાલીને પોલીસને મદદ કરવી જોઈતી હતી. ઠીક છે હવે...'

શ્વાસ લેવા રોકાયા પછી ડૉ. ભંડારી બોલ્યાઃ 'અને પોલીસ કંઈ પૂછે તો કઈ વાત કેટલા પ્રમાણમાં અને કઈ રીતે કહેવાની એ તો તું જાણે જ છે.'

**સર... જંગલના રહેવાસીઓ કહે છે કે અમુક રાશિના લોકોને ચોક્કસ ચોઘડિયાંમાં ભૂત દેખાય છે!**

'...પણ મારી વાત પર પોલીસને ભરોસો થશે? મને એય ખબર નહોતી કે અંજુની લાશ જંગલમાં દટાયેલી છે!'

'તારે એ જ તો પોલીસને કહેવાનું છે.'

'હા, પણ એ લોકો તો એમ જ કહેશે કે મેં જ તેને ત્યાં દાટી હતી!' કહીને કૃપા ફરી ચિંતામાં પડી.

* * * * * *

સબ-ઈન્સ્પેક્ટર બંડગરે કૃપા ગોડબોલે અને અંજુ વચ્ચેની મિત્રતાની મહત્ત્વની જાણકારી આપી પછી ગોહિલ જમીનમાંથી શબ મળવાના કેસ સાથેનું તેમનું કનેક્શન ગોઠવી રહ્યો હતો. બન્ને ડૉક્ટર... ભંડારી અને મંદિરાની સાથે કૃપાના ગળે પણ પૂછપરછનો ગાળિયો ભેરવવો પડશે, એવું તે વિચારી રહ્યો હતો ત્યારે આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર સુધીર સાવંત કૅબિનમાં પ્રવેશ્યો.

'બોલ... સાવંત.'

'સર, હમણાં ડૉક્ટર સાથે વાત થઈ... પેલો નીલ સત્રા હવે ઘણો સ્વસ્થ છે અને આપણી સાથે વાત કરવાની સ્થિતિમાં છે.' સાવંતે કહ્યું.

ગોરેગામમાં રહેતો નીલ સત્રા પત્ની ભૂમિકાને સાયનમાં તેના પિયરે મૂકી કારમાં પાછો ફરી રહ્યો હતો. ઘરે પહોંચવાની ઉતાવળમાં તેણે આરે કોલોનીના માર્ગે જવાનું નક્કી કર્યું હતું. આરેના મુખ્ય માર્ગ પરથી પસાર થતી વખતે યુનિટ-૧૬ પાસે ભૂતડી દેખાતાં એટલો ડરી ગયો કે તેને હૉસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. જોકે આવી ઘટનાઓમાં જીવિત બચેલો તે એકમાત્ર વાહનચાલક હતો.

'તેને આજે હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ પણ આપી દેશે.' સાવંતે વાત આગળ વધારી.

'આપણે માત્ર વાતચીત નથી કરવી, એને યુનિટ સોળમાં લઈ જવો છે!' યુનિટ-૧૬ પાસે એવું તે શું છે કે વાહન ચલાવનારા ડ્રાઈવરોને હાર્ટ અટેક આવે છે એ ગોહિલને જાણવું હતું.

'ત્યાં આવવા એ તૈયાર થશે? હજુ તેના મનમાં ડર ભરાયેલો છે.' શંકાને પગલે સાવંતે પૂછ્યું.

'એને મનાવવો પડશે, કારણ કે આપણે રાઉન્ડ માર્યો ત્યારે કંઈ ન મળ્યું... કદાચ સત્રા યોગ્ય સ્થળે આપણને લઈ જાય તો ભૂતની અસલિયત જાણી શકાશે!' ગોહિલ વિચાર કરીને બોલતો હતો.

'અમુક સમયે અમુક લોકોને જ કેમ ભૂત દેખાય છે?' ગોહિલનો પ્રશ્ન નિરર્થક નહોતો.

'સર... જંગલના રહેવાસીઓ કહે છે કે અમુક રાશિના લોકોને ચોક્કસ ચોઘડિયાંમાં ભૂત દેખાય છે!' સાવંતે ધીમા અવાજે કહ્યું.

'ના... સાવંત. જંગલમાં કંઈક તો છે, જે આ બધી ઘટનાઓને સાંકળે છે અને હજુ આપણી નજરમાં નથી આવ્યું.'

ગોહિલે કહ્યુંઃ 'આમ માણસો ગુમ થાય... એમનાં શબ જમીનમાં દાટેલાં મળે... હાર્ટ અટેક અને ડ્રગ્સ... કોઈ તો કડી હોવી જ જોઈએ!'

'ડૉક્ટર ભાવિક માજીવડેએ પણ તો સુનિયોજિત ષડ્યંત્ર તરફ ઇશારો કર્યો હતો!'

ગોહિલ સાવંત તરફ જોવા લાગ્યોઃ 'પણ એ ષડ્યંત્ર છે શું અને કોણ એનો સૂત્રધાર છે એ સમજાતું નથી!'

'સર... એક વાત કહું, તમે માણસો ગુમ થવાની વાત કરી એટલે યાદ આવ્યું...'

સાવંત શબ્દો ગોઠવીને બોલતો હતોઃ 'પેલા બન્ને ગાંડાની પણ કોઈ ભાળ મળતી નથી!'

'એટલે?'

'તમે જૉની-બૉની પર નજર રાખીને તેની માહિતી કઢાવવા કહ્યું હતુંને?'

'હા... તેનું શું?'

'સર... એ બન્ને ક્યાંથી આવ્યા છે અને તેમના આ નામ સાચાં છે કે નહીં... એની કોઈ જ ખાતરી મળતી નથી!' સાવંત ધીમા સાદે બોલતો હતો.

'આ શિંદેને પૂછી જુઓ... અમે આસપાસનાં યુનિટોમાં તપાસ કરી, પણ કોઈને જ તેમના વિશે જાણકારી નથી!'

જૉની-બૉનીની માહિતી કઢાવવાનું અને તેમની હિલચાલ પર નજર રાખવાનું કામ ગોહિલે શિંદે અને સાવંતને સોંપ્યું હતું.

'પણ આમ એકાએક બન્ને ક્યાં જતા રહ્યા? તેમનું કોઈ તો પગેરું હશે? તમે કેમ તેમના પર નજર ન રાખી શક્યા?'

'સર... અમારો અંદાજો છે કે રાતના સમયે બન્ને જંગલમાંથી છૂ થઈ ગયા હશે અને તેની કોઈને જાણ નહીં થઈ હોય!'

'કોઈને જાણકારી નથી કે આપવા રાજી નથી? રહેવાસીઓને કંઈ તો ખબર હશે જ!' ગોહિલે પ્રશ્ન કર્યો.

'સર, જ્યારથી આપણી તપાસે વેગ પકડ્યો છે... એ બન્ને ભગવાન જાણે ક્યાં ગાયબ થઈ ગયા!' ક્યારના ચૂપચાપ બેસેલા શિંદેએ કહ્યું.

'એ ક્યાંય પણ ગયા હોય, મને બન્ને જોઈએ. તેમની પાછળ શિકારી કૂતરાની જેમ લાગી જાઓ. બને એટલા વહેલા બન્ને મારી સામે હોવા જોઈએ!'

થોડું વિચારી ગોહિલે અનુમાન લગાવ્યુંઃ 'બન્ને આપમેળે ગાયબ થયા છે કે તેમને પણ મારીને જંગલમાં દાટી દેવાયા છે?'

(ક્રમશઃ)■

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે.
**પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.**
**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.**
**ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ધગવું | ગોદડી |
| ધગશ | ઉકળાટ |
| ધખારો | ભય |
| ધડક | ઉત્સાહ |
| ધડકી | સળગવું |

### ઓળખાણ પડી?



યુએસના 'ડેકલેરેશન ઓફ ઈન્ડિપેન્ડન્સ'ના રચયિતા પ્રેસિડેન્ટની ઓળખાણ પડી? તેમણે વાઈસ પ્રેસિડેન્ટનું પદ પણ શોભાવ્યું હતું.

અ) ફ્રેન્કલિન રૂઝવેલ્ટ
બ) અબ્રાહમ લિંકન
ક) જેમ્સ મનરો
ડ) થોમસ જેફરસન

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ | સા | ૨ હ | ૩ તી | ■ | ૪ કા | ય | દે | ૫ સ | ૬ ર |
| ળા | ■ | ૭ જ | ન | ૮ હિ | ત | ■ | ■ | ૯ કા | મ |
| ૧૦ મ | ર | મ | ■ | ૧૧ જ | ર | ■ | ૧૨ આ | ર | તિ |
| ણાં | ■ | ■ | ૧૩ ચ | ર | ■ | ૧૪ સ | ર | ■ | યા |
| ■ | ૧૫ હો | ૧૬ ના | ર | ત | ■ | વ | ■ | ૧૭ વા | ળ |
| ૧૮ દે | વા | દા | ર | ■ | ૧૯ બો | લ | ૨૦ બા | લા | ■ |
| શ | ■ | ન | ■ | ૨૧ બુ | ■ | ૨૨ ત | બ | ■ | ૨૩ જો |
| ૨૪ નિ | ૨૪-અ ત | ■ | ૨૫ બૌ | દ્ધિ | ક | ■ | ૨૬ લો | ફ | ર |
| ૨૭ કા | ર | ૨૮ જ | ■ | શા | ■ | ૨૯ બા | ■ | ■ | દા |
| ૩૦ લ | સ | ણ | ■ | ળી | ■ | ૩૧ ધા | ર | દા | ર |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | | ૪ | | ■ | ૫ |
| ૬ | | ■ | ૭ | | ■ | | ■ | ૮ | |
| ૯ | | ૧૦ | ■ | ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | |
| ૧૪ | | | ■ | ■ | | ■ | ૧૫ | | |
| ■ | ■ | ૧૬ | | ૧૭ | | | | ■ | ■ |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | |
| ૨૩ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | ■ | | ■ |
| | ■ | ૨૬ | | | ■ | ૨૭ | ૨૮ | | |
| ૨૯ | ૩૦ | ■ | | ■ | ૩૧ | | | | ■ |
| ૩૨ | | | | | ■ | | ■ | ૩૩ | |

**આડી ચાવી**

૧. સાધન સામગ્રી, વાડમય (૩)
૩. કોતરકામની કલા (૪)
૬. વીતી ગયેલું (૨)
૭. --- ખાવી એટલે ગૂમ થવું (૨)
૮. ચિઠ્ઠી, કાગળ, છાપું (૨)
૯. સ્ત્રી ---ને ઘર બનાવે (૩)
૧૧. પરદેશી, આંગ્લ (૩)
૧૩. તેજ, તડકો (૨)
૧૪. અમેરિકાએ --- વધારી દીધી (૩)
૧૫. રામચંદ્રને નદી પાર કરાવી (૩)
૧૬. ખેલકૂદ (૬)
૧૮. તાત્કાલિક, હમણાં જ (૩)
૨૦. કીડીને ---, હાથીને મણ (૨)
૨૧. ધાન્ય --- મસાલો (૩)
૨૩. --- ચડવો એટલે મમતે ચડવું (૨)
૨૪. કિરાણાનો વેપારી, ભંડારી (૨)
૨૬. અક્કડ, સશક્ત (૩)
૨૭. રબારીની સ્ત્રી (૪)
૨૯. ત્યારે (૨)
૩૧. વંદે --- (૪)
૩૨. નિષ્ફળ રખડપટ્ટી (૫)
૩૩. મસ્ત, ચકચૂર (૨)

**ઊભી ચાવી**

૧. એક સાથે, કુટુંબ કબીલા સાથે (૪)
૨. ફાયદાકારક (૪)
૩. ઓમ નમઃ ---, એક મંત્ર (૩)
૪. કવિતા કરવી તે (૩)
૫. એક જમાનાનું ફિલ્મી સામયિક (૪)
૮. પૂરું કર (૩)
૧૦. ઘૃણા (૪)
૧૨. ભૂતપ્રેત (૪)
૧૫. કેવડો (૩)
૧૭. નસીબ (૪)
૧૮. ગુજરાતનો જાણીતો મોટો મેળો (૫)
૧૯. સ્વાદ, પ્રીતિ, આનંદ (૨)
૨૨. રાજ માટેની રમત (૫)
૨૪. બાપાના મોટાભાઇ (૪)
૨૫. જાદુ, કુનેહ, કાર્ય (૪)
૨૮. બારણું, આંગણું, ડેલી (૨)
૩૦. ચીડ, ખીજ, કંટાળો, ગુસ્સો (૨)

### ગુજરાત મોરી મોરી રે

'ગાંધી' ફિલ્મના કસ્તુરબા અને હિન્દી - મરાઠી ફિલ્મોનાં અભિનેત્રી રોહિણી હટ્ટંગડીએ કયા ગુજરાતી નાટકમાં કામ કર્યું હતું એ જણાવો.

અ) બા તને ક્યાં રાખું   બ) બા રિટાયર થાય છે
ક) બાએ મારી બાઉન્ડરી   ડ) બા બેબાકળા થયાં

### જાણવા જેવું

પાતાળ એટલે પૃથ્વીની નીચેનો કલ્પિત પ્રદેશ, નીચલો પ્રદેશ અથવા અધોલોક તરીકે પણ ઓળખાણ ધરાવે છે. સામાન્ય વ્યાખ્યા અનુસાર આકાશ, પૃથ્વી અને પાતાળ એ ત્રણ લોક કહેવાય છે. પુરાણો અનુસાર પૃથ્વીની નીચે આવેલા સાત માંહેનો છેલ્લો લોક નાગલોક. પાતાળમાં સર્પ, દૈત્ય, દાનવ અને યક્ષ વસતા હોવાનું માનવામાં આવે છે.

### સુડોકુ-૯૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | ૪ | ૨ | | | | |
| ૧ | | | ૯ | | | | ૬ | |
| | | | ૮ | | | | ૯ | |
| ૯ | | | | | | | | ૩ |
| ૩ | ૭ | | | ૫ | | | ૧ | ૯ |
| ૪ | | | | | | | | ૭ |
| | ૪ | | | | ૮ | | | |
| | ૫ | | | | ૨ | | | ૮ |
| | | | | ૧ | ૪ | ૫ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૬ | ૮ | ૯ | ૭ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૮ | ૯ | ૫ |
| ૫ | ૯ | ૩ | ૮ | ૧ | ૨ | ૬ | ૭ | ૪ |
| ૬ | ૭ | ૪ | ૨ | ૯ | ૮ | ૩ | ૫ | ૧ |
| ૯ | ૩ | ૧ | ૭ | ૫ | ૪ | ૨ | ૮ | ૬ |
| ૨ | ૮ | ૫ | ૬ | ૩ | ૧ | ૯ | ૪ | ૭ |
| ૩ | ૫ | ૯ | ૧ | ૨ | ૭ | ૪ | ૬ | ૮ |
| ૮ | ૨ | ૭ | ૪ | ૬ | ૩ | ૫ | ૧ | ૯ |
| ૧ | ૪ | ૬ | ૫ | ૮ | ૯ | ૭ | ૨ | ૩ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

પશ્ચિમ એશિયાના દેશ ટર્કીનો કેટલોક વિસ્તાર યુરોપમાં પણ છે. ટર્કીનું કયું શહેર યુરોપમાં સ્થિત છે એ કહી શકશો ખરા?

અ) કાયશેરી
બ) કૈરો
ક) ઈસ્તંબુલ
ડ) અંકારા

### નોંધી રાખો

દુનિયાની સૌથી મોંઘી વસ્તુ વિશ્વાસ છે. મેળવવામાં વર્ષો વીતી જતા હોય છે, જ્યારે એને ગુમાવવામાં ક્યારેક કેટલીક મિનિટ લાગતી હોય છે.

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૮, ૧૮, ૩૦, ૪૪, ૬૦, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૬૦ પછી કઈ સંખ્યા આવે?

અ) ૭૨   બ) ૭૮
ક) ૮૪   ડ) ૯૦

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| હો રંગલો જામ્યો | કાલિંદરીને ઘાટ |
| ચાચરના ચોકમાં | હું તો ગરબે રે ઘૂમતી |
| તમે થોડા થોડા થાવ | વરણાગી, ઓ ભાભી |
| મારા હાથ કેરા કડલા રે | વીરો મારો લેવા આવ્યો |
| સગી નણદલના વીરા | રૂમાલ મારો લેતા જાજો |

ગુજરાત મોરી મોરી રે: ભાવનગર

ઓળખાણ પડી: શ્રીલંકા

માઈન્ડ ગેમ: નવ

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: હારલો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ભારતી બુચ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) પુષ્પા પટેલ (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) મીનળ કાપડિયા (૧૪) લજિતા ખોના (૧૫) હર્ષા મહેતા (૧૬) વિપીન શાહ (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) પ્રવીણ વોરા (૨૪) જયવંત પદમશી ચિખલ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) મહેશ દોશી (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) ભાવના કર્વે (૩૦) અરવિંદ કામદાર (૩૧) નયના મિસ્ત્રી (૩૨) શિલ્પા શ્રોફ (૩૩) અંજુ ટોલિયા (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) નિતીન જયંતિલાલ બજરિયા (૩૬) શિલ્પા શ્રોફ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) હિનાબેન દલાલ (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) મહેશ સંઘવી

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# મારી વેણીમાં ચાર ચાર ફૂલ...

## નેધરલેન્ડ્સ માટે 'વાર્ષિક ફ્લાવર પરેડ' આનંદ સાથે ગર્વનો અવસર છે

ફૂલ એટલે? કુદરતનું સુશોભન. પ્રભુની માળા, સ્ત્રીનો શણગાર અને પુરુષના પ્રેમનું પ્રતીક. સુકુમારતા, કોમળતા અને સૌંદર્ય માટે ફૂલ કવિઓમાં પ્રસિદ્ધ છે. સન્નારીના શણગારની સ્તુતિ છે 'મારી વેણીમાં ચાર ચાર ફૂલ, અંબોડલે સોહે, સોહામણી ઝૂલ.' હરીન્દ્ર દવે લખી ગયા છે કે 'ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં, માધવ ક્યાંય નથી મધુવનમાં.' રમેશ પારેખ રોમેન્ટિક અંદાજમાં કહે છે કે 'ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ.' તો વળી ચિત્રપટ ગીતકાર ઇન્દીવર 'ફૂલ તુમ્હે ભેજા હૈ ખત મેં, ફૂલ નહીં મેરા દિલ હૈ' એવી રંગોળી કરે છે. મધુ રાયના એક નાટકનું નામ છે 'કોઈ પણ એક ફૂલનું નામ બોલો તો.' ભાષામાં 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' નજીવા ઉપહાર માટે હાજર છે. 'ફૂલ ગયું ને ફોરમ રહી' ઉપમા વ્યક્તિ કરતા વ્યક્તિત્વના માહાત્મ્યનું નિરૂપણ કરે છે... આમ ફૂલનો મહિમા અનંત છે.

ઈશ્વરની માળામાં કે સ્ત્રીના અંબોડામાં કે પછી લગ્નની સજાવટમાં નજરે પડતાં છૂટાછવાયાં ફૂલોની પરેડ, એનું સરઘસ નીકળે તો? પરેડ કે સરઘસ તો રાજકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલી હોય અથવા કોઈ ધાર્મિક કે વ્યક્તિગત ઉજવણીના ભાગરૂપે હોય... પણ ફૂલોનું સરઘસ? ફ્લાવર પરેડ?

જી હા, ફૂલ અને ફોરમ માટે વિશ્વ વિખ્યાત યુરોપિયન દેશ નેધરલેન્ડ્સમાં ૭૮ વર્ષથી દર સાલ એપ્રિલ મહિનામાં ફ્લાવર પરેડનું આયોજન કરવામાં આવે છે. આઠ - દસ હજાર લોકોના સહભાગ સાથે શરૂ થયેલી આ પરેડને એવો ફાંકડો પ્રતિસાદ મળ્યો કે ૧૯૫૦ના દાયકામાં જ પરેડમાં સામેલ થનારા નિસર્ગ પ્રેમીઓની સંખ્યા લાખને આંબી ગઈ અને આજની તારીખમાં દેશ - વિદેશના ૧૦ લાખથી વધુ લોકો આ અનન્ય ફ્લાવર પરેડનો હિસ્સો બની રહ્યા છે. સહભાગી થવા રીતસરનું આયોજન થાય છે અને લોકો પરેડ નીકળવાના રૂટ પર કેટલાક કલાક અગાઉ આવી ફોલ્ડિંગ ટેબલ ને ખુરશીઓ મૂકી જમાવટ કરી લે છે. આ શો નરી આંખે જોયા પછી, એનો જાત અનુભવ લીધા પછી આ વાર્ષિક આયોજન ડચ લોકો માટે કેવળ એક આનંદ - ઉત્સવનું પ્રતીક નથી, બલકે જીવનનો, એમની સંસ્કૃતિનો એક અંતરંગ - અભિન્ન હિસ્સો છે અને એમાં હાજર રહેવું એ આનંદ સાથે ગર્વની બાબત છે એ વાત સુપેરે સમજાય છે.

નેધરલેન્ડ્સમાં પ્રાકૃતિક સૌંદર્ય ઠાંસી ઠાંસીને ભર્યું છે અને એ વિદેશી સહેલાણીઓની આંખમાં વસી જાય એનો હરખ દેશવાસીઓને થાય જ ને.

આવી ફ્લાવર પરેડનું આયોજન કેમ, ક્યારે અને કોણે કર્યું હશે એવો સવાલ થવો સ્વાભાવિક છે. બીજા વિશ્વયુદ્ધએ યુરોપને છિન્નભિન્ન કરી નાખ્યું હતું. ઉદ્યોગ અને વાહન વ્યવહારની દુર્દશા થઈ હતી, વેપાર ધંધા ભાંગી પડ્યા હતા, પશુધન સફાચટ થઈ ગયું હતું અને કાચા માલની તેમ જ ધાન્યની અછત બરાડા પાડી રહી હતી. ચારેકોર હતાશા અને મૂંઝવણનો માહોલ હતો. આ માહોલમાંથી મુક્ત થવા કોઈ એવા ધાગાની જરૂર હતી જેમાં સાગમટે બધા પરોવાઈ જાય.





વહેલ આકારનું જાંબુડી રંગના ફૂલથી બનેલું સૌપ્રથમ ફ્લોટ







'એમેરીલીસ' તરીકે ઓળખાતા બહુરંગી ફૂલ ઉગાડતા વિલેમ વોર્મેનહોવેન નામની વ્યક્તિના દિમાગમાં ફ્લાવર પરેડ જેવું કશુંક કરવાનો વિચાર ઝબક્યો. ખુશ્બુદાર જાંબુડી રંગના ઘંટડી આકારના ફૂલ (અંગ્રેજી નામ હાયસીન્થ)ના ઉપયોગથી ફ્લાવર ફ્લોટ (ફૂલોની વિશિષ્ટ પ્રકારે સજાવટ) તૈયાર કર્યો. વહેલ આકારના આ ફ્લોટ ફૂલના ગોઠવણમાં સર્જનાત્મકતા અને વસંત ઋતુના સંયોજનનું દર્શન થતું હતું. આ પ્રયાસની સોડમ એક શહેરમાંથી બીજા - ત્રીજા અને અન્ય ઠેકાણે ફેલાવા લાગી અને મજરૂહ સુલતાનપુરીની કાવ્ય પંક્તિ 'મૈં અકેલા હી ચલા થા જાનિબ - એ - મંઝિલ મગર, લોગ સાથ આતે ગએ ઔર કારવાં બનતા ગયા'ની જેમ ફ્લાવર પરેડએ ઉત્સવનું સ્વરૂપ ધારણ કરી લીધું. ફૂલનું સૌંદર્ય જનમાનસને એકત્રિત કરવામાં નિમિત્ત બન્યું અને ફ્લાવર પરેડ એકતા અને નવોન્મેષનું પ્રતીક બની ગઈ. એક નાનકડા મેળાવડા તરીકે થયેલી શરૂઆત એક ગૌરવવંતી પરંપરાનું સ્વરૂપ ધારણ કરી લીધું... જગવિખ્યાત બની ગયેલી આ ફ્લાવર પરેડ નેધરલેન્ડ્સની ડચ ભાષામાં Bloemencorso Bollenstreek (Bloemencorso means Flower Parade and Bollenstreek means region where flowers grow in abundance - ટૂંકમાં ચોક્કસ વિસ્તારમાં ઊગેલાં ફૂલોનું સરઘસ) તરીકે પ્રચલિત છે. ફૂલોની સજાવટની આ પરંપરાએ ક્રિએટિવિટીની સાથે સાથે ડચ લોકોના સાંસ્કૃતિક વારસાનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. આ પરંપરા વિકસી, ફૂલીફાલી અને ટકી રહી છે એમાં સ્થાનિક રહેવાસીઓનું મહત્તમ યોગદાન છે. દર વર્ષે બાળકોથી માંડીને મુરબ્બીઓ સુધીના સ્વયંસેવકો ભેગા મળી આ ફ્લોટની રૂપરેખા બનાવી, એની ગોઠવણ અને સજાવટ કરવા પરેડના એક મહિના પહેલાથી શરૂઆત કરી દે છે. શાળા અને વિવિધ સંસ્થાઓ પણ હાથ લંબાવે છે.

આવા ફ્લાવર પરેડમાં 'ઉત્ક્રાંતિ' પણ જોવા મળી છે. પ્રારંભના વર્ષોમાં સામાન્ય સાધન સગવડ ઉપલબ્ધ હોવાથી ફૂલોના હાર અને મૂળભૂત શણગાર જોવા મળતા હતા. જેમ જેમ પરેડની ખ્યાતિ વધતી ગઈ એમ એમ ડિઝાઈનમાં પરિવર્તન આવવા લાગ્યા. ૧૯૫૦ના દાયકાના અંત સુધીમાં પરેડમાં ફૂલોની સજાવટમાં ભવ્યતા નજરે પડવા લાગી. આજની તારીખમાં તો એમાં ભારોભાર કલાત્મકતા જોવા મળે છે. રોબોટિક મિકેનિઝમ જેવી મોડર્ન ટેકનોલોજીની મદદ મળવાથી ફ્લાવર પરેડ વધુ નયનરમ્ય હોવાની સાથે પર્યાવરણલક્ષી પણ બની ગઈ છે.

૪૨ કિલોમીટર આવરી લેતી આ પરેડ નજરે ૨૦૨૨માં જોવાનો લહાવો મળ્યો ત્યારે લોકોના ઉત્સાહમાં મોટી ભરતી આવી હતી. એનું પ્રમુખ કારણ એ હતું કે ૨૦૨૧માં 'યુનેસ્કો' તરફથી એને વિશેષ સન્માન પ્રાપ્ત થયું હતું. આ સન્માન વિશ્વના નંબર વન ફૂલના નિર્યાત (ફ્લાવર એક્સપોર્ટર) દેશની ખ્યાતિ ધરાવતા નેધરલેન્ડ્સનું વિશ્વને આપેલા સાંસ્કૃતિક યોગદાનનું પ્રમાણપત્ર છે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ઘરાહાર માળીયે ચડાવે એ જ સાચી ઘરવાળી



રાતના મોડે કાર્યક્રમ પતાવી અને સરસ ઊંઘ ખેંચી રહેલો પતિ સવારના સમયમાં માંડ હજુ તો સ્વપ્નમાં સરતો હોય ત્યાં એક મોબાઈલ ફોનના વાર્તાલાપથી નાનો છોકરો જેમ ભયાનક સપનું જોઈ અને જબકીને જાગી જાય તેમ પત્નીની પિયર ટોક સાંભળી હું જાગી ગયો.

'હાં મમ્મી, નવરાત્રિ તો બહુ સરસ રહી. અમારે તો નવરાત્રિ પછી પણ સાત આઠ દિવસ ગરબા ચાલે પહેલેથી છેલ્લે સુધી રમવાનું ચાલે, પણ હવે પગ બહુ દુખે છે.'

'આટલા દિવસ તો માતાજી એ લાજ રાખી. ત્યાં હવે માથે આ દિવાળી આવી.

આખા ઘરની સાફ-સફાઈ મારી ઉપર જ છે. એ તો તમારા જમાઈ સારા છે કે હારોહાર કામ કરાવે. બસ, જો હમણાં જાગશે અને અમારું સફાઈ અભિયાન શરૂ થશે.'

મને અંદાજ આવી ગયો કે ગાળીયો તૈયાર થઈ રહ્યો છે. ચાલુ ફોને તેમના ચરણસ્પર્શથી મારા ચરણોને તેમની વ્યાખ્યા પ્રમાણે હળવો સ્પર્શ કર્યો. મારા અંગત અભિપ્રાય પ્રમાણે પ્રહાર કરવામાં આવ્યો હતો.

પત્નીએ ફોન પૂરો કરતા તેના મમ્મીને કહ્યું 'ચાલો હવે ફોન મૂકું એ જાગી ગયા છે એટલે ચા- પાણી-નાસ્તો કરાવી અમે કામે લાગીએ.'

મેં પથારીમાં સુતા સુતા જ કહ્યું કે 'કોઈ એજન્સીવાળાને કહી દે.'

તરત જ અવાજના ડેસિબલ વધી ગયા અને તેમના મતે હળવા સાદે કહ્યું, 'અમને નહીં ખબર પડતી હોય? આખા ઘરની સફાઈના ૨૦,૦૦૦ રૂપિયા કીધા. મારી પાસે એવા ફાલતુ રૂપિયા નથી. અને આપણે બંને ૧૦, ૧૦,૦૦૦ બચાવીશું. ચાલો યુનિફોર્મ તૈયાર છે.'

મારા જૂના જીન્સ પેન્ટને ગોઠણથી કાપી સરસ મજાનો ચડ્ડો અને એક કાણાવાળું ગંજી પકડાવ્યા.

માળીયે ચડવા માટે ટેબલ ગોઠવી આપ્યું. જૂના નેપકિનના કટકાને દાંડિયા સાથે બાંધી જાપટીયું તૈયાર કર્યું હતું. મોઢા પર રૂમાલ બંધાવ્યો. અને કોઈ ઘરફોડ ચોરીનો માહિર માણસ દબાતા પગલે સીફતથી ઘરમાં ઉતરે તેમ હું માળિયામાં પ્રવેશ કરી ગયો.

ત્રણ-ચાર કલાકે ઝાપટ ઝુપટ કરી અને સફાઈ કરી.

મને એમ થયું કે હવે પેરોલ મળશે ત્યાં તો બીજું કામ હાજર જ હતું.

ઘરના તમામ કાચના વાસણોનો ઢગલો કરી અને એક ટબમાં સાબુનું પાણી તથા બીજા ટબમાં સાદું પાણી ભરાવી બાજુમાં પાટલો ગોઠવી મારું સ્થાપન કર્યું :

'ચાલુ પડી જાવ ત્યાં હું શીતલને ફોન કરી લઉં...' આવું કહી તે અદ્રશ્ય થઈ ગઈ.

મને જિંદગીમાં પહેલીવાર મારું જ નુકસાન કરવાનો વિચાર આવ્યો પરંતુ ચાણક્યની રફ બુકમાં વાંચેલું કે કામ ન કરવું હોય તો જે કામ સોપાયું હોય તેમાં નુકસાન કરો એટલે તમારા હાથમાંથી એ કામ લઈ લે.

મેં આ પ્રયોગ પ્રમાણે હાથમાંથી તેનો જ રોજબરોજનો કોફી પીવાનો મગ પાડ્યો, અવાજ આવ્યો, અને તેનાથી મોટો અવાજ પત્ની નો આવ્યો :

'એક કામ ઠીકથી થતું નથી. કરી દીધુંને નુકસાન?'

હું પાછળના વાક્યની રાહ જોતો રહ્યો. તે બોલી 'સારું થયું ચાલો જૂનું ગયું હવે નવું આવશે અને આમ પણ કાચનું તૂટવું તે શુકનની નિશાની છે.'

મારી ફરિયાદ શીતલને ફોનમાં કરતી રહી કે 'એકાદ કામ પણ સોંપીએ તો વ્યવસ્થિત ન કરે. હું તો આખો દિવસ કામ કરી અને થાકી જાઉં છું.'

રાજા હરિશ્ચંદ્રના આત્માને કેટલું દુઃખ થયું હશે?

અત્યારે રાતના આઠ વાગ્યા છે. શ્રીમતીજીને આજે ખૂબ કામ હોય રસોઈ બનાવી ન હતી. ખાલી સેવ-મમરા ખવડાવી મને તાત્કાલિક કામ પૂરું કરી તૈયાર થવાનું કહે છે.

કારણ કે તે થાકી ગઈ છે અને ઘરે રસોઈ કા મારે બનાવવી પડે અને નહિતર બહાર જમવા જવું તેવું ફરમાન છે.

મેં પણ તેને કહી દીધું કે, 'હવે વધારે હેરાન ના થઈશ. આખો દિવસ કામ કરી તું થાકી ગઈ હોઈશ. અને ખરેખર તે મારા ૨૦૦૦૦ રૂપિયા બચાવ્યા. મેં તો ૨૦૦૦નું કામ કર્યું ૧૮,૦૦૦ નું તો તે કર્યું છે. ચાલ ખાતર માથે દીવો કરીએ.'

ઘરમાં રાંધવાની એટલે ના પાડી કે આટલું કામ કર્યા પછી સારું ખાવાનું ન મળે તો કેમ ચાલે? મારા મનમાં આ એક જ ભાવના. ■

**વિચારવાયુઃ**

*બહેનો માટે પાણીપૂરી એ માત્ર પાણીપૂરી નથી. શક્તિ મેળવવા માટેના બાટલા છે. દર ૧૦ દિવસે બાટલા ચડાવી દો એટલે સ્ફૂર્તિમાં રહે...*

## ભાત ભાત કે લોગ

જવલંત નાયક
feedback@bombaysamachar.com

# 'કડકે કડકે... પણ નવાબ કે લડકે' જેવી હાલતમાં પીસાતી મહાસત્તા

## ટૅરિફ વૉરમાં ડફણા ખાધા બાદ 'શટડાઉન' વેઠી રહેલું અમેરિકા સાવ કડકાબાલુસ થઇ જશે?

**સમાચાર** છે કે વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતી આર્થિક અને લશ્કરી મહાસત્તા હાલમાં પોતાને જ ઘરઆંગણે 'શટડાઉન' તરીકે ઓળખાતી આર્થિક વિટંબણા વેઠી રહી છે. અમેરિકા માટે આ પ્રકારનું શટડાઉન કંઈ બહુ મોટી નવાઈની વાત નથી. તમે ગૂગલ પર સર્ચ કરશો તો જણાશે કે વીતેલા દાયકાઓ દરમિયાન અમેરિકા અનેકવાર આ પ્રકારની પરિસ્થિતિ વેઠી ચૂક્યું છે.

શું છે આ શટડાઉન? અમેરિકાના માથે કેટલું દેવું છે અને અમેરિકાના લેણિયાત દેશો કોણ કોણ છે?

'એન્ટીડેફિસિયન્સી એક્ટ' એટલે એવો ફેડરલ કાયદો જે યુએસ સરકારના ખર્ચ અને નાણાકીય વ્યવસ્થાપનને નિયંત્રિત કરતો હોય. આ કાયદો ખાસ કરીને ફેડરલ એજન્સીઓને બજેટની મર્યાદાઓનું પાલન કરવા અને ગેરકાયદેસર ખર્ચને રોકવા માટે બનાવવામાં આવ્યો છે. ભારતમાં કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (CAG) એટલે કે 'કેગ' કંઈક અંશે આવું જ કામ કરે છે. જો કે 'કેગ'ની સરખામણીએ અમેરિકન કાયદો વધુ કડક છે. એન્ટીડેફિસિયન્સી એક્ટ અમેરિકન સરકારની વિવિધ એજન્સીઓના આર્થિક વ્યવહારો ઉપર વોચ ડોગની જેમ નજર રાખે છે, જેથી દેશનું દેવું અનિયંત્રિત રીતે વધી ન જાય. રાષ્ટ્રીય દેવું વકરીને વધારે ઊંચા સ્તરે ન પહોંચે એ માટે ઘણી વાર સરકારી એજન્સીઝના ખર્ચ પર મોટો કાપ મૂકવામાં આવે છે. આ માટે આવશ્યક સિવાયની ઘણી સેવાઓ બંધ કરી દેવાય છે. આમાં ઘણા કર્મચારીઓના પગાર બંધ થઇ જાય છે. આ પરિસ્થિતિ એટલે શટડાઉન.

બીજી રીતે કહીએ તો અમેરિકાની સંઘીય શાસન વ્યવસ્થામાં શટડાઉન એક એવી સ્થિતિ છે, જ્યારે કૉંગ્રેસ એટલે કે અમેરિકન પાર્લામેન્ટ નાણાકીય વર્ષ માટે જરૂરી ભંડોળના બિલ પસાર કરવામાં નિષ્ફળ જાય છે.(એન્ટીડેફિસિયન્સી એક્ટને કારણે બિલ પાસ નથી થઇ શકતું.) આના કારણે અનેક સરકારી વિભાગો અને કર્મચારીઓને અસર થાય છે. અમેરિકાનું નાણાકીય વર્ષ ૧ ઓક્ટોબરથી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલે છે. જો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ભંડોળના બિલ પસાર ન થાય તો ૧ ઓક્ટોબરથી શટડાઉન લાગુ પડી જાય જે હાલમાં ચાલી રહ્યું છે. અમેરિકાની આર્થિક અને રાજકીય પરિસ્થિતિ જોતા હાલનું શટડાઉન કેટલું લાંબું ખેંચાશે એની કોઈ આગાહી હાલમાં થઇ શકે એમ નથી.




હવે વાત કરીએ અમેરિકાના દેવાની. યુનાઇટેડ સ્ટેટ્સ વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને તેનું રાષ્ટ્રીય દેવું (નેશનલ ડેટ) પણ વિશ્વના બીજા કોઈ પણ દેશ કરતાં વધુ છે. ટૂંકમાં જે સૌથી ધનિક છે એ જ સૌથી દેવાદાર છે!

આવું બને કઈ રીતે? અર્થતંત્રની આંટીઘૂંટીઓ આસાનીથી સમજી શકાય એવી નથી હોતી. ૨૦૨૫માં અમેરિકાનું રાષ્ટ્રીય દેવું ૩૬.૭૨ ટ્રિલિયનના સ્તરે પહોંચ્યું છે. ૧ ટ્રિલિયન એટલે ૧૦૦ અબજ. સવાલ એ છે કે દુનિયામાં એવા તે વળી કયા દાનેશ્વરી દેશો છે, જેમણે દુનિયા આખીના નગરશેઠ જેવા અમેરિકાને લોન આપી હોય? વાત એવી છે કે આ જંગી દેવા પાછળ અમેરિકાનો પોતાનો જ ખેલ જવાબદાર છે.

૧૯૭૦ના દાયકામાં યુ.એસ. અને સાઉદી અરેબિયા વચ્ચે એક કરાર થયો. એ મુજબ સાઉદી અરેબિયાએ સંમતિ આપી કે તે ઓઈલના વેચવા માટે ફક્ત યુ.એસ. ડૉલર્સનો જ ઉપયોગ કરશે. બદલામાં અમેરિકા સાઉદી અરેબિયાને સૈન્ય સુરક્ષા આપશે. આ કરાર 'પેટ્રો ડૉલર સિસ્ટમ' તરીકે ઓળખાય છે. બીજા પેટ્રોલિયમ ઉત્પાદક દેશો પણ આ જ સિસ્ટમ ફોલો કરે છે.

હવે ખેલ જુઓ. ભારતે જો પેટ્રોલિયમ ખરીદવું હોય તો પહેલા અમેરિકન ડૉલર્સ ખરીદવા પડે. એ ડૉલર્સ સાઉદી અરબને આપીએ એટલે આપણને પેટ્રોલિયમ મળે. આ પ્રકારની વ્યવસ્થાને પરિણામે એક તરફ વૈશ્વિક બજારમાં અમેરિકન ડૉલર્સની માગ સતત જળવાઈ રહે છે. બીજી તરફ પેટ્રોલિયમ ઉત્પાદક દેશો પાસે મોટા પ્રમાણમાં અમેરિકન ડૉલર્સ જમા થતા રહે છે.

આ ડૉલર્સનું કરવું શું? વેરી સિમ્પલ. આ દેશો પોતાની પાસેનો ડૉલર્સનો મોટો દલ્લો ફરી અમેરિકાને જ આપી દે અને સામે અમેરિકન ટ્રેઝરી બોન્ડ્સ મેળવે છે. પેટ્રોલિયમ ઉત્પાદક દેશો માટે આ એક પ્રકારનું ઇન્વેસ્ટમેન્ટ ગણાય. બીજી તરફ અમેરિકાને તો બંને હાથમાં લાડવો મળે. દુનિયા આખીના દેશોને પેટ્રોલિયમની ખરીદી માટે અમેરિકન ડૉલર્સની જરૂર પડે એટલે ડૉલરના ભાવમાં સદા તેજી રહે. બીજી તરફ આ વેચાયેલા ડૉલર્સ પેટ્રોલિયમ ઉત્પાદકો મારફત ફરી પાછા અમેરિકન ઇકોનોમીમાં જ ઠલવાય! અમેરિકા જે વિશ્વની નંબર વન ઇકોનોમી બની શક્યું એમાં પેટ્રો ડૉલર સિસ્ટમનો બહુ મોટો ફાળો છે.

જોકે, અર્થતંત્ર કદી સીધુંસાદું નથી હોતું. ડૉલર્સના સતત વધતા ભાવ અને અમેરિકન અર્થતંત્રની સ્થિરતા-તેજી જોઈને પેટ્રોલિયમ ઉત્પાદકો સિવાયના વિશ્વના બીજા દેશો પણ અમેરિકન ટ્રેઝરી બોન્ડ્સ લેવા માંડ્યા. અમેરિકન ટ્રેઝરી બોન્ડ ખરીદવાનો સીધો અર્થ થાય અમેરિકન અર્થતંત્રમાં રોકાણ કરવું. અને કોઈ દેશ જો અમેરિકન અર્થતંત્રમાં રોકાણ કરતો હોય તો અમેરિકાએ ભવિષ્યમાં એને વળતર આપવું જ પડે. બસ, અહીં જ લોચો પડે છે.

ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં જુદા જુદા દેશોએ અમેરિકા પાસેથી ૮.૬ ટ્રિલિયન ડૉલર્સના (લગભગ ₹૭૦૦ લાખ કરોડ) ટ્રેઝરી બોન્ડ્સ લીધા છે. સૌથી વધુ ટ્રેઝરી બોન્ડ્સ જાપાન (૧,૦૬૦ અબજ ડોલર્સ) પાસે છે. તમને લાગતું હશે કે ચીન અને રશિયા જેવા દુશ્મન અમેરિકામાં રોકાણ નહિ જ કરતા હોય, પણ આર્થિક હિતોની વાતમાં દોસ્તી-દુશ્મની ભૂલાઈ જતી હોય છે. અમેરિકી બોન્ડ્સમાં રોકાણ કરનારાઓની યાદીમાં ચીન ૭૫૯ અબજ ડૉલર્સ સાથે બીજા ક્રમે છે. ભારતે પણ રિઝર્વ ફંડ તરીકે ૨૩૨ અબજ ડૉલર્સના બોન્ડ્સ ખરીદી રાખ્યા છે. મોરલ ઓફ ધી સ્ટોરી એ છે કે આજની તારીખે અમેરિકાના કુલ દેવાના ત્રીસેક ટકા જેટલી રકમ તો આ ટ્રેઝરી બોન્ડ્સને કારણે જ છે.

એક તરફ અમેરિકાને પોતાને ઘરઆંગણે ઇન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન વધારીને ફરી એક વાર મહાન રાષ્ટ્ર તરીકે સ્થાપિત થવું છે. બીજી તરફ વિશ્વમાં યુરોપિયન સહિતના દેશો અમેરિકાની અસરથી મુક્ત હોય એવી પોતીકી આર્થિક નીતિઓ ઘડવા ઈચ્છે છે. ભારત જેનું સભ્ય છે એવા BRICS દેશોનો સમૂહ આંતરરાષ્ટ્રીય વેપાર માટે પોતાનું ચલણ લાવવા ઈચ્છે છે. ત્યાં વળી ટ્રમ્પનો ઝોક ક્રિપ્ટોકરન્સી તરફ હોવાનું કહેવાય છે.

ટૂંકમાં આવનારો સમય અમેરિકન તેમ જ વૈશ્વિક અર્થતંત્ર માટે નાજુક રહેવાનો છે. રોકેટ ગતિએ વધતા સોનાના ભાવ એનો જ નિર્દેશ આપે છે. શું હાલમાં શટડાઉન થઇ ગયેલું અમેરિકા આવનારા દાયકાઓમાં કડકાબાલુસ થઈને દેવા હેઠળ કચડાઈ જશે?

રામ જાણે...! ■

## હવા બગડી: એક્યુઆઈ ૧૦૦ને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ચોમાસાની વિદાયની સાથે જ વાતાવરણમાં હવાની ગુણવત્તામાં ઘટાડો થયો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી એર ક્વોલિટી ઈન્ડેકમાં સતત વધારો થઈ રહ્યો છે અને હવાની ગુણવત્તામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. શુક્રવારે નૈર્ઋત્યાના ચોમાસાની સત્તાવાર વિદાય સાથે જ તે જ દિવાળીનો તહેવાર નજીક હોવાથી આગામી દિવસમાં હવાની ગુણવત્તામાં હજી ઘટાડો થવાની ભારોભાર શક્યતા છે.

ચોમાસાના ચાર મહિના દરમ્યાન મુંબઈમાં જૂન અને સપ્ટેમ્બર દરમ્યાન હવાની ગુણવત્તા સારી શ્રેણીમાં રહી હતી. ગયા અઠવાડિયામાં ચાર ઑક્ટોબર સુધી શહેરની

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં ચોમાસાની વિદાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં શુક્રવારે દિવસ દરમ્યાન ગરમી અને ઉકળાટ સાથે મુંબઈગરાએ એત તરફ ઓક્ટોબર હીટનો અનુભવ કર્યો હતો. તો બીજી તરફ હવામાન વિભાગે શુક્રવાર, ૧૦ ઑક્ટોબરના મુંબઈમાંથી નૈર્ઋત્યના ચોમાસાએ સત્તાવાર રીતે વિદાય લીધી હોવાની જાહેરાત કરી હતી. મુંબઈમાં સત્તાવાર રીતે આઠ ઓક્ટોબરના ચોમાસું વિદાય લેતું હોય છે.

મુંબઈમાં આ વર્ષે નૈર્ઋત્યના ચોમાસાનું આગમન પણ તેના નિયત સમય કરતા વહેલું ૨૬ મેના જ થઈ ગયું હતું. એ અગાઉ ૧૯૫૦ની સાલમાં મુંબઈમાં ચોમાસાનું આગમન વહેલું થયું હતું અને

(જુઓ પાનું ૪) ▶▶

### સાત વર્ષ બાદ વહેલું ખેંચાયું

મુંબઈમાં ૨૦૧૮ બાદ આ વર્ષે ચોમાસાની વિદાય વહેલી થઈ છે. હવામાન વિભાગના આંકડા મુજબ ૨૦૧૮ની સાલમાં છ ઑક્ટોબરના તો ૨૦૦૬ની સાલમાં નવ ઑક્ટોબરના ચોમાસાએ વિદાય લીધી હતી. છેલ્લા સાત વર્ષથી મુંબઈમાં ચોમાસાની વિદાયમાં વિલંબ થઈ રહ્યો છે. ગયા વર્ષે ૧૫ ઑક્ટોબરના અને ૨૦૨૩ અને ૨૦૨૨ની સાલમાં બે અઠવાડિયાથી વધુ વિલંબ થયો હતો અને બંને વર્ષે ૨૩ ઑક્ટોબરના ચોમાસાએ વિદાય લીધી હતી. ૨૦૨૧માં ૧૪ ઑક્ટોબરના, ૨૦૨૦ની સાલમાં તો ચોમાસું ૨૮ ઑક્ટોબર સુધી લંબાઈ ગયું હતું. તો ૨૦૧૯ની સાલમાં ૧૪ ઑક્ટોબરના ચોમાસાએ વિદાય લીધી હતી. ■

## ‘રાજકારણીઓ ચૂંટણી જીતવા લોન માફીનાં વચનો આપે છે’

### અજિત પવાર જૂથના નેતાનું વિવાદાસ્પદ નિવેદન

મુંબઈ: મહારાષ્ટ્રના સહકાર પ્રધાન બાબાસાહેબ પાટીલે કથિત ટિપ્પણીથી વિવાદ ઊભો કર્યો છે. તેમણે કહ્યું કે લોકો લોન માફીથી ભ્રમિત થઈ ગયા છે, અને તેમણે સ્પષ્ટપણે સ્વીકાર્યું કે રાજકારણીઓ ચૂંટણી જીતવા માટે આવા વચનો આપે છે. પાટીલે એમ પણ કહ્યું હતું કે લોકોએ નક્કી કરવું જોઈએ કે તેઓ મત માંગવા આવતા નેતાઓ પાસેથી ખરેખર શું ઇચ્છે છે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) ના પ્રધાને એક જાહેર કાર્યક્રમ દરમિયાન આ ટિપ્પણી કરી હતી.

તેમના આ નિવેદનની શાસક સાથી પક્ષો સહિત વિવિધ પક્ષો તરફથી ટીકા થઈ હતી. ભાજપના નેતા અને મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ કહ્યું હતું કે રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને પૂરને પગલે ખેડૂતો ગંભીર નાણાકીય સંકટનો સામનો કરી રહ્યા છે, તેથી કોઈએ પણ લોન માફીના મુદ્દા

(જુઓ પાનું ૪) ▶▶

## ‘સચિન ઘાયવળને લાઇસન્સ આપવામાં આવ્યું જ નથી’

### ફડણવીસની યોગેશ કદમને ‘ક્લીનચીટ’

મુંબઇ : પુણેનો કુખ્યાત ગેંગસ્ટર નિલેશ ઘાયવળ લંડન ભાગી ગયા પછી, તેના ભાઈ સચિન ઘાયવળને ગૃહ રાજ્ય પ્રધાનની સહી સાથે હથિયારોનું લાઇસન્સ આપવામાં આવ્યું હોવાનો વિપક્ષે આરોપ લગાવ્યો હતો. પુણે પોલીસ કમિશનરે ઉપરોક્ત શસ્ત્ર લાઇસન્સ નામંજૂર કર્યા પછી પણ ગૃહ રાજ્યપ્રધાને શસ્ત્ર લાઇસન્સ મંજૂર કર્યું હોવાથી વિપક્ષે યોગેશ કદમના રાજીનામાની માગ કરી હતી. વિપક્ષે એવો પણ આરોપ લગાવ્યો હતો કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ હંમેશા યોગેશ કદમને ટેકો આપે છે. હવે મુખ્ય પ્રધાને આ મામલે એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે.

નાશિકની મુલાકાત દરમિયાન મુખ્ય પ્રધાનને મીડિયા સાથે વાતચીત દરમિયાન સચિન ઘાયવળને આપવામાં આવેલા હથિયાર લાઇસન્સ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ પ્રશ્નનો જવાબ આપતાં મુખ્ય પ્રધાને કહ્યું કે ગૃહ રાજ્યપ્રધાને આ બાબતે સુનાવણી યોજી હતી, પરંતુ પોલીસ કમિશનરે આ બાબત ધ્યાન પર લાવી હતી, તેથી લાઇસન્સ આપવામાં આવ્યું નહોતું. જો લાઇસન્સ આપવામાં આવ્યું હોત તો આવા આરોપ વાજબી હોત, પરંતુ

(જુઓ પાનું ૪) ▶▶

### ગૅંગસ્ટર ઘાયવળ વિવાદ

## કાયદો તોડનારા સામે કડક કાર્યવાહી કરવાનો અજિત પવારનો આદેશ

પુણે: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે પુણે પોલીસને ભાગેડુ ગેંગસ્ટર નિલેશ ઘાયવળ દ્વારા ગેરકાયદેસર રીતે પાસપોર્ટ મેળવવાના મામલામાં શક્ય તેટલી કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

હત્યા અને ખંડણી સહિતના અનેક કેસોમાં વોન્ટેડ ઘાયવળ વિદેશ ભાગી ગયો હોવાની શંકા છે, જેના કારણે વિપક્ષ સરકાર પર નિશાન સાધી રહ્યો છે. પોલીસનો દાવો છે કે તેણે ગેરકાયદેસર રીતે પાસપોર્ટ મેળવ્યો હતો. ભાગેડુ ગેંગસ્ટર નિલેશ ઘાયવળના વિવાદ પર પ્રતિક્રિયા આપતા પવારે કહ્યું, મેં પુણે પોલીસ કમિશનરને સ્પષ્ટ સૂચના આપી છે કે નિયમોનું ઉલ્લંઘન કરવાનો અને કાયદો પોતાના હાથમાં લેવાનો પ્રયાસ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

પુણે શહેરમાં રોડ રેજની ઘટનામાં ઘાયવળના સાથીઓએ એક વ્યક્તિને ગોળી મારીને ઘાયલ કર્યા બાદ તાજેતરમાં જ તેના વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. તેનો ભાઈ સચિન તાજેતરમાં બંદૂકના લાઇસન્સ વિવાદમાં ચર્ચામાં આવ્યો હતો. પુણે પોલીસ દ્વારા નકારાત્મક નોંધ છતાં સચિનને હથિયાર લાઇસન્સ જારી કરવાની મંજૂરી આપ્યા બાદ

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ ગ્રાહક પંચાયતની દેશભરમાં ‘કોલ્ડ્રિફ’ પાછું ખેંચવાની માગણી

મુંબઈ : ગ્રાહક અધિકાર સંગઠન મુંબઈ ગ્રાહક પંચાયત (એમજીપી) એ શુક્રવારે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (સીસીપીએ) ને વિનંતી કરી છે કે તેઓ દેશભરમાં કોલ્ડ્રિફ અને આવા અન્ય ખતરનાક અને અસુરક્ષિત કફ સિરપ પાછા ખેંચે. સીસીપીએના ચીફ કમિશનર નિધિ ખરેને લખેલા પત્રમાં એમજીપીએ મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ડાયથિલિન ગ્લાયકોલ (ડીઇજી) મિશ્રિત કફ સિરપને કારણે તાજેતરમાં થયેલા બાળકોનાં મૃત્યુના પ્રતિભાવમાં તાત્કાલિક પગલાં લેવાની માગ કરી છે. એમજીપીએ પત્રમાં જણાવ્યું હતું કે,

(જુઓ પાનું ૪) ▶▶

## બીકેસી અને નરીમાન પોઈન્ટની જેમ થાણેમાં બનશે ભવ્ય ગ્રોથ સેન્ટર

થાણે - મેટ્રો, બુલેટ ટ્રેન, મુંબઈ-વડોદરા હાઈવે, વિશેષ માલવાહક રેલવે લાઇન જેવા ઘણા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્ પૂર્ણ થવાને આરે છે અને સમૃદ્ધિ મહામાર્ગને પણ જિલ્લા સાથે જોડવામાં આવ્યો છે. આ જ ધોરણે હવે આમણેમાં પણ ગ્રોથ સેન્ટ બનાવવામાં આવશે. આ ગ્રોથ સેન્ટરમાં કુલ ૧૭૬ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુંબઈમાં નરીમાન પોઈન્ટ, બીકેસી, સીપ્ઝ જેવું આ મહત્વાકાંક્ષી ગ્રોથ સેન્ટર હશે. તેને તાજેતરમાં રાજ્ય સરકારે મંજૂરી આપી છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, થાણે જિલ્લામાં પરિવહન વ્યવસ્થા સહિત અન્ય માળખાકીય વિકાસ પ્રોજેક્ટ્સનો પાયો નાખવામાં આવ્યો છે. આ તમામ પ્રોજેક્ટ્સનું કામ ઝડપી ગતિએ ચાલી રહ્યું છે. જિલ્લામાં ઔદ્યોગિક વિસ્તારના વિસ્તરણ માટે પણ વિવિધ પગલાં અમલમાં મૂકવામાં આવી રહ્યા છે. આ સંદર્ભમાં, સમૃદ્ધિ હાઇવે હવે થાણેના આમનેમાં શરૂ થઈ રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા હવે અહીં એક મોટું વિકાસ કેન્દ્ર સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. આ વિકાસ સેન્ટરમાં કુલ ૧૭૬ ગામોનો સમાવેશ થાય છે, જેમાં ઔદ્યોગિક ઉદ્યાનો, લોજિસ્ટિક્સ હબ, ટેક્સટાઇલ પાર્ક, ફાર્મા અને બાયોટેક પાર્ક, ફૂડ પ્રોસેસિંગ પાર્ક, ઇનોવેશન પાર્ક, મેડિસિટી, સ્પોર્ટ્સ અને રિક્રિએશન હબ, હેલ્થકેર ક્લસ્ટર, એગ્રીકલ્ચર હબ, હોલસેલ ટ્રેડ સેન્ટર, રહેણાંક અને વાણિજ્યિક ઇમારતો અને થીમ પાર્કનો સમાવેશ થશે. ■

### દિવાળીમાં મ્હાડાના ફ્લેટની લોટરી

## ૧૯ વર્ષ પછી ‘વહેલો તે પહેલો’ ધોરણના આધારે વેચાણ

મુંબઈ: મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)નું મુંબઈ વિભાગ દિવાળી સ્પેશિયલ સેલ પાંચ હજાર ઘરની લોટરીની જાહેરાત કરવાનું આયોજન હતું. જોકે, પૂરતા ઘર ઉપલબ્ધ ન હોવાને કારણે એ લોટરીનો ડ્રો મુલતવી રાખવામાં આવ્યો હતો. જોકે મુંબઈવાસીઓને દિવાળી દરમિયાન મ્હાડાનું ઘર ખરીદવાની તક મળવાની છે. દિવાળી દરમિયાન વહેલો તે પહેલોનાં ધોરણે ઘર વેચાણ માટે જાહેરાત પ્રકાશિત કરશે. મ્હાડા બોર્ડે આ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ યોજનામાં ઊંચી આવક ધરાવતા લોકો માટે તાડદેવમાં ૭ કરોડ રૂપિયાના ફ્લેટ ઉપરાંત તુંગા પવાઈ અને અન્ય સ્થળના ફ્લેટનો સમાવેશ થશે. આ ફ્લેટની સંખ્યા ૨૦૦ની આસપાસ હોવાની સંભાવના છે.

સામાન્ય માણસને પોસાય તેવા મકાનો આપવા મ્હાડા વિભાગીય બોર્ડ લોટરી જાહેર કરે છે. જોકે, છેલ્લાં કેટલાક વર્ષોથી કોંકણ મંડળ, પુણે મંડળ અને અન્ય મંડળોમાં ફ્લેટને વિવિધ કારણોસર પ્રતિસાદ ન મળી રહ્યો હોવાથી ફ્લેટ વેચાયા વિના ધૂળ ખાય છે. મ્હાડાના ધોરણ અનુસાર બે કે એનાથી વધુ વાર લોટરી ડ્રો કર્યા પછી પણ ફ્લેટ વેચાયા ન હોય તો વહેલો તે પહેલો ધોરણે આ ફ્લેટનું વિતરણ કરવાની જોગવાઈ છે. પરિણામે મ્હાડા હવે ખાલી રહેલા ફ્લેટને પ્રાર્થમિકતા આપી વેચવા પર ભાર આપી રહ્યું છે. તદનુસાર, કોંકણ અને પુણે સર્કલમાં હજારો ફ્લેટ આ જોગવાઈ હેઠળ વેચવામાં આવી રહ્યા છે.

છેલ્લાં ૧૯ વર્ષથી મુંબઈમાં ’વહેલો તે પહેલો’ના ધોરણે ફ્લેટના વેચાણ નથી થયા. ૨૦૦૬ પહેલા મુંબઈમાં ફ્લેટ પ્રાથમિકતાના ધોરણે વેચવામાં આવતા હતા. ત્યારબાદ ૨૦૦૭થી મુંબઈ મંડળના ફ્લાઇટોને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. કેટલાક હજાર ઘરો માટે લાખો અરજીઓ આવતી હોય છે. આજે પણ મુંબઈ મંડળના ઘરોને સારો પ્રતિસાદ મળે છે. જોકે ઉચ્ચ અને મધ્યમ વર્ગના ફ્લેટ મોંઘા હોવાના કારણે કેટલાક ફ્લેટ વેચાયા નથી. આ કારણસર ૧૯ વર્ષ પછી, મુંબઈ વિભાગમાં ‘વહેલો તે પહેલો’ના આધારે ફ્લેટ વેચવામાં આવશે. ■

## એનડીએ કૅડેટનો મૃતદેહ હૉસ્ટેલ રૂમમાંથી મળ્યો: કોર્ટ ઑફ ઈન્ક્વાયરીનો આદેશ

### સિનિયર્સની સતામણીને કારણે જીવ આપ્યાનો પરિવારનો આક્ષેપ

પુણે: પ્રતિષ્ઠિત નૅશનલ ડિફેન્સ એકેડેમી (એનડીએ)ના પ્રથમ વર્ષના કૅડેટનો મૃતદેહ હૉસ્ટેલની રૂમમાંથી શુક્રવારની વહેલી સવારે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. કૅડેટે આત્મહત્યા કરી હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી, પરંતુ પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે સિનિયર્સની સતામણીને કારણે કૅડેટે જીવ આપ્યો હતો.

આ મૃત્યુ પ્રકરણે કોર્ટ ઑફ ઈન્ક્વાયરીનો આદેશ આપવામાં આવ્યો હતો.

કૅડેટ અંતરિક્ષ કુમાર સિંહના કોર્સમેટે વહેલી સવારે તેને ગળાફાંસો ખાધેલી હાલતમાં જોયો હતો. પોલીસને ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ મળી નહોતી, પરંતુ પ્રાથમિક તપાસ સૂચવે છે કે કૅડેટે આત્મહત્યા કરી હશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

જોકે અંતરિક્ષના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો

(જુઓ પાનું ૪) ▶▶

## ડેમ બેકવોટર્સની નજીકનાં સ્થળો પરથી દારૂબંધી હટાવાઈ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે પાંચ વર્ષ જૂની નીતિમાં સુધારો કરીને ડેમના બેકવોટર્સની નજીકના પરિસરમાં દારૂ પીરસવા અને પીવાની મંજૂરી આપી છે જેથી ગેરકાયદેસર દારૂના વેચાણને રોકી શકાય અને આ વિસ્તારોમાં પર્યટનને પ્રોત્સાહન મળી શકે. જળ સંસાધન વિભાગે આ સંદર્ભમાં સરકારી ઠરાવ (જીઆર) જારી કર્યો છે, એમ અધિકારીએ ગુરુવારે જણાવ્યું

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ પોલીસ માટે ટાઉનશિપ પ્રોજેક્ટનો પ્રસ્તાવ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે શહેરમાં ૪૫ હજાર થી વધુ કોન્સ્ટેબલ અને અધિકારીઓને ઘરની ફાળવણી કરવા મહત્વાકાંક્ષી મુંબઈ પોલીસ હાઉસિંગ ટાઉનશિપ પ્રોજેક્ટનો અભ્યાસ કરવા માટે એક સમિતિની રચના કરવાની જાહેરાત કરી હતી. આ યોજના હેઠળ મહાનગરમાં ૭૫ પ્લોટ પર પોલીસ માટે રહેણાંક ક્વાર્ટર્સ બનાવવામાં આવશે. ગૃહ વિભાગે આ પ્રોજેક્ટનો અભ્યાસ કરવા અને ભલામણો રજૂ કરવા માટે અધિક મુખ્ય સચિવ (ગૃહ) ઇકબાલ સિંહ ચહલની અધ્યક્ષતામાં ૧૫ સભ્યની ઉચ્ચસ્તરીય સમિતિની રચવાનો સરકારી ઠરાવ (જીઆર) અથવા આદેશ જારી કર્યો છે. સુચિત પ્રોજેક્ટ હેઠળ સરકાર ૪૦ હજાર કોન્સ્ટેબ્યુલરી સભ્યો, ૫ હાજર પોલીસ સબ-ઇન્સ્પેક્ટર અને ઇન્સ્પેક્ટર તેમજ વરિષ્ઠ અધિકારીઓ માટે ઘર બાંધવાની યોજનાછે.

જીઆર અનુસાર પોલીસ સબ ઇન્સ્પેક્ટર ૪૫ ચોરસ મીટરના ઘર માટે હકદાર હશે, જ્યારે વરિષ્ઠ અધિકારીઓ ૬૦ થી ૧૨૦ ચોરસ મીટર અને તેથી વધુના ઘર માટે પાત્ર હશે. હાલમાં મુંબઈ પોલીસની સંખ્યા ૫૧ હજાર ૩૦૮ છે. આ દળ ૯૪ પોલીસ સ્ટેશન, પાંચ સ્થાનિક શસ્ત્ર વિભાગો અને અન્ય ઘણી વિશિષ્ટ શાખાઓ દ્વારા કાર્યરત છે. જોકે, પોલીસ કર્મચારીઓ માટે માત્ર ૧૯ હજાર ૭૬૨ ક્વાર્ટર્સ ઉપલબ્ધ છે અને એમાં લોકો રહે છે. એમાંથી ૧૬ હજાર ૯૫૮ ક્વાર્ટર્સ માત્ર ૧૦૦ થી ૩૦૦ ચોરસ ફૂટના છે અને તે જૂની બ્રિટિશ યુગની ઇમારતોમાં સ્થિત છે. અડધો અડધ પોલીસ કર્મચારીઓ તેમના કાર્યસ્થળ પર પહોંચવા માટે કરજત, કસારા, રાયગઢ અને પાલઘરથી દરરોજ ૮૦ થી ૧૦૦ કિમીની મુસાફરી કરતા હોવાથી વિલંબ થાય છે અને માનસિક પરેશાની પણ થાય છે. (પીટીઆઈ)

## સોશ્યલ મીડિયા પર ફોટા અને વીડિયોના દુરુપયોગ સામે સુનીલ શેટ્ટી હાઈ કોર્ટમાં

મુંબઈ: આજના એઆઈના જમાનામાં જાણીતી ફિલ્મી હસ્તીઓના ફોટો અને વીડિયોનો ઘણા લોકો દૂરઉપયોગ કરી રહ્યા છે. જેને લઈને ઐશ્વર્યા રાય, અભિષેક બચ્ચન સહિતના ઘણા કલાકારોએ કોર્ટમાં અવાજ ઉઠાવ્યો છે. હવે બોલીવુડના દિગ્ગજ અભિનેતા સુનીલ શેટ્ટીએ પણ બોમ્બે હાઈ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે.

અભિનેતા સુનીલ શેટ્ટીએ પોતાના વ્યક્તિત્વ અને છબીના અધિકારોના રક્ષણ માટે બોમ્બે હાઈ કોર્ટનો સંપર્ક કર્યો છે. તેમણે કોર્ટમાં અરજી દાખલ કરીને તેમની પરવાનગી વિના તેમના નામ, ફોટા, વીડિયો અને ડીપફેક સામગ્રીના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે. જેને શુક્રવારે આજે જસ્ટિસ આરિફ ડોક્ટરની અધ્યક્ષતાવાળી બેન્ચે સુનાવણી હાથ ધરી હતી.

બોમ્બે હાઈ કોર્ટમાં દાખલ કરેલી અરજીમાં જણાવાયું હતું કે, અભિનેતા સુનીલ શેટ્ટીના ફોટાનો ઉપયોગ જાહેરાતો અને પ્રમોશનલ સામગ્રીમાં થઈ રહ્યો છે, જેના કારણે એવી છાપ ઊભી થાય છે કે શેટ્ટી આ બ્રાન્ડ્સ અથવા સેવાઓ સાથે સંકળાયેલા છે, જ્યારે વાસ્તવમાં તેમનો કોઈ સંબંધ નથી. કેટલીક વેબસાઇટ્સે તેમના પૌત્રના ડીપફેક ફોટા પણ બનાવ્યા અને શેર કર્યા છે, જે સંપૂર્ણપણે નકલી છે. અરજીમાં સુનીલ શેટ્ટીએ દાવો કર્યો છે કે આવી સામગ્રી મારી ઇમેજને નુકસાન પહોંચાડી રહી છે. સાથોસાથ મારી ગોપનીયતાનું ઉલ્લંઘન પણ થઈ રહ્યું છે.

અરજીમાં સુનીલ શેટ્ટીએ સ્પષ્ટ કર્યું છે કે, તેઓ વેબસાઇટને સંપૂર્ણપણે બ્લોક કરવાની માગણી નથી કરી રહ્યા, પરંતુ માત્ર તેમના વ્યક્તિત્વના અધિકારોનું ઉલ્લંઘન કરતી લિંક્સ અને પોસ્ટ્સને દૂર કરવાની માગ કરી રહ્યા છે. ■

## મસ્જિદમાં લાઉડસ્પીકર પર ‘અઝાન’ પઢવા બદલ બે જણ સામે ગુનો

મુંબઈ: મુંબઈની એક મસ્જિદમાં લાઉડસ્પીકર પર ‘અઝાન’ પઢવામાં આવ્યા બાદ પોલીસ દ્વારા બે વ્યક્તિ વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ કોન્સ્ટેબલે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે માહિમના વાંજેવાડી વિસ્તારમાં આવેલ મસ્જિદના ટ્રસ્ટી શાહનવાઝ ખાન અને ‘અઝાન’ (વહેલી સવારની નમાઝ) પઢનારા મૌલવી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

અધિકારીના જણાવ્યા અનુસાર હાઉડસ્પીકર પર અઝાન પઢવામાં આવતી હોવાનો વીડિયો પોલીસ કોન્સ્ટેબલને મળ્યો હતો અને આ અંગે કરાયેલી તપાસમાં તેને મૌલવી તરફથી સંતોષકારક જવાબ મળ્યો નહોતો. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

જાન્યુઆરી, ૨૦૨૫માં મુંબઈ હાઇ કોર્ટે પોલીસને ધ્વનિપ્રદૂષણનાં ધોરણો અને નિયમોનું ઉલ્લંઘન કરતા લાઉડસ્પીકર સામે તાત્કાલિક કાર્યવાહી કરવાના નિર્દેશ આપ્યા હતા અને નોંધ્યું હતું કે લાઉડસ્પીકરનો ઉપયોગ કોઇ પણ ધર્મનો કોઇ પણ ધર્મનો અત્યાવશ્યક હિસ્સો ગણી ન શકાય. (પીટીઆઇ) ■

## ઓવૈસીની સભામાં મુસ્લિમ મહિલાના ‘જય શિવરાય’ના નારા!

અહિલ્યા નગર: ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (એમઆઈએમઆઈએમ) દ્વારા ગુરુવારે અહિલ્યા નગરમાં એક મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં પક્ષ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી અને છત્રપતિ સંભાજી નગરના ભૂતપૂર્વ સંસદસભ્ય ઇમ્તિયાઝ જલીલ હાજર હતા. ઓવૈસી અને જલીલે મહારાષ્ટ્રના એઆઈએમઆઈએમના કાર્યકર્તાઓ અને સમર્થકોને સંબોધિત કર્યા હતા. જોકે પક્ષની રુહિનાઝ શેખ નામની મહિલા કાર્યકર્તાના ભાષણે બધાનું ધ્યાન ખેંચ્યું હતું.

રુહિનાઝ શેખએ સ્ટેજ પર આવતાની સાથે ડો. તેમણે બાબાસાહેબ આંબેડકર અને છત્રપતિ શિવાજી મહારાજના નામની ઘોષણા કરી લોકોનું ધ્યાન ખેંચાય એવું બે મિનિટનું ટૂંકું ભાષણ આપ્યું. તેમનું કહેવું હતું કે એક બુરખાધારી મહિલા અહીં સ્ટેજ પર આવી શિવાજી મહારાજના નામનો સૂત્રોચ્ચાર કરે છે એ સાંભળી અનેક લોકોના ભંવા ઊંચકાયા હશે. એમને મારે કહેવું છે કે શિવાજી મહારાજના શાસનકાળમાં અઠરાપગડ જાતિ (મહાત્મા ફુલેએ અઢાર વર્ણની અઢાર પ્રકારની પાઘડી પહેરનારાઓનું વર્ણન અઠરા પગડ જાતિ તરીકે કર્યું છે) અને બાર બલુતેદાર (ખેતી, પૂજાવિધિ, વેપાર વગેરે બાબતની જવાબદારી સંભાળનાર લોકો) હતા અને એમાં મુસ્લિમો પણ તેમની સાથે હતા. જોકે કેટલાક લોકો મુસ્લિમોના યોગદાનને મિટાવી દેવાનો પ્રયાસ કરી અમને બાજુ પર ધકેલી દેવા માંગે છે, પણ હું તેમને સાફ શબ્દોમાં કહેવા માગુ છું કે અમે અહીંથી (મહારાષ્ટ્ર) એક ઇંચ પણ નહીં ખસીએ.

એઆઈએમઆઈએમના પદાધિકારીએ જણાવ્યું હતું કે તાજેતરમાં મહારાષ્ટ્રમાં એક નવું વાતાવરણ સર્જાયું છે. અમારી વિરુદ્ધ નફરત ફેલાવવામાં આવી રહી છે. આ પરિસ્થિતિમાં અમારા મતની ભીખ માંગીને ચૂંટાયેલા લોકો ચૂપ છે અને જેમને અમારો મત નથી મળ્યો તેમના વિશે વાત ન કરવી વધુ સારું છે. ■

## રાજ્યમાં ગેરકાયદે રીતે વાહન વેચાણ સામે કડક કાર્યવાહીનો આદેશ

મુંબઈ: મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે અનધિકૃત મલ્ટિ-બ્રાન્ડ વિક્રેતાઓને વાહનો સપ્લાય કરતા ઓટોમોબાઇલ ડીલરો સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ શુક્રવારે અધિકારીઓને આપ્યો છે. મંત્રાલય ખાતે યોજાયેલી ઓટોમોબાઇલ ડીલર્સ ફેડરેશન સાથેની બેઠક દરમિયાન પરિવહન કમિશનર વિવેક ભીમનવારને આ નિર્દેશો પ્રધાને આપ્યા હતા. (પીટીઆઈ) ■

## વીજ કર્મચારીઓની હડતાળનો અંત: ૨૪ કલાક પછી કામ પર ફર્યા

નાગપુર: વીજળી ક્ષેત્રના ખાનગીકરણ સામે ત્રણ સરકારી વીજ કંપનીઓ, મહાવિતરણ, મહાનિર્મિત અને મહાપારેષણના અધિકારીઓ અને કર્મચારીઓ, મહારાષ્ટ્ર રાજ્ય વીજળી કર્મચારી, ઇજનેરો અને અધિકારીઓ કાર્યવાહી સમિતિના નેતૃત્વ હેઠળ, ૮ ઓક્ટોબરે રાતે ૧૨ વાગ્યાથી ત્રણ દિવસની હડતાળ પર ઉતર્યા હતા. પરંતુ એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ બાદ, આંદોલનકારીઓ ૨૪ કલાકમાં જ કામ પર પાછા ફર્યા હતા. હડતાળ પાછી ખેંચી લેવામાં આવી હોવાથી રાજ્યમાં વીજળી વ્યવસ્થામાં વિક્ષેપનું જોખમ ટળી ગયું હતું.

રાજ્યની ત્રણ સરકારી કંપનીઓના અધિકારીઓ અને કર્મચારીઓ ૮ ઓક્ટોબરે રાતથી હડતાળ પર ઉતરી

ચેતવણી પણ આપી હતી કે તેઓ વીજળી કંપનીઓના ખાનગીકરણને સહન કરશે નહીં. દરમિયાન, મુખ્ય પ્રધાન અને ઉર્જા પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નાગપુર જિલ્લા અને વર્ધા જિલ્લામાં મહાવિતરણના લગભગ સાડા પાંચ હજાર અધિકારીઓ અને કર્મચારીઓ કામ કરી રહ્યા છે. સમિતિએ દાવો કર્યો હતો કે ચૂંટાયેલા ઉચ્ચ અધિકારીઓને બાદ કરતાં ૯૦ ટકાથી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ હડતાળ પર હતા.

ત્રણેય વીજ કંપનીઓના મેનેજમેન્ટ દ્વારા કૃતિ સમિતિના તમામ સંગઠનોને હડતાળ મોકૂફ રાખવા માટે કરવામાં આવેલી અપીલને માન આપીને, મેનેજમેન્ટના પત્ર ક્ર. ૩૨૮૯૧ મુજબ સારાંશમાં સુધારો કરીને કરાયેલી અપીલ અનુસાર હડતાળ સ્થગિત કરવામાં આવી હતી. સમિતિને ૧૪ અને ૧૫ ઓક્ટોબરના રોજ વીજ કંપનીઓ દ્વારા વાટાઘાટો માટેની તારીખ આપવામાં આવી છે. ૭૨ કલાકની હડતાળ હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી રહી છે, તેમ સમિતિએ સ્પષ્ટ કર્યું હતું. ■

## બાન્દ્રાની ફૅમિલી કોર્ટને બૉમ્બની ધમકી

મુંબઈ: બાન્દ્રા પરિસરમાં આવેલી ફૅમિલી કોર્ટમાં બૉમ્બ પ્લાન્ટ કરાયાના ઈ-મેઈલને પગલે કોર્ટ પરિસર ખાલી કરાવી તપાસ હાથ ધરાઈ હતી. જોકે કોર્ટમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ હાથ ન લાગતાં બૉમ્બની માહિતી અફવા સાબિત થઈ હતી.

પોલીસના જણાવ્યા મુજબ ફૅમિલી કોર્ટના અધિકૃત ઈ-મેઈલ આઈડી પર ગુરુવાની સાંજે ધમકીભર્યો મેઈલ આવ્યો હતો. કોર્ટમાં બૉમ્બ પ્લાન્ટ કરાયો હોવાનો દાવો મેઈલમાં કરાયો હતો. એક વ્યક્તિ વિરુદ્ધ પોક્સો ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. તમિળનાડુના વરિષ્ઠ નેતાના દબાણથી આ ગુનો નોંધવામાં આવ્યો હોવાથી આ પ્રકરણ ચેન્નઈ બહાર ટ્રાન્સફર કરવાની માગણી પણ મેઈલમાં કરાઈ હતી. મેઈલની માહિતી પોલીસને આપવામાં આવતાં બૉમ્બ ડિટેક્શન ઍન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ સાથે પોલીસની ટીમ કોર્ટ પહોંચી હતી. કોર્ટ પરિસર ખાલી કરાવવામાં આવ્યા બાદ તપાસ કરાઈ હતી. તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નહોતી. પોલીસ સંબંધિત મેઈલના આઈપી ઍડ્રેસની તપાસ કરી રહી છે. ■

# પહેલો દિવસ યશસ્વીનો, હવે આજે બીજા દિવસે ત્રીજી ડબલ સેન્ચુરી ફટકારશે?

## ઓપનરની રાહુલ સાથે ૫૮ રન, સુદર્શન સાથે ૧૯૩ રન અને ગિલ સાથે ૬૭ રનની અતૂટ ભાગીદારી





નવી દિલ્હી: ભારતે વેસ્ટ ઇન્ડિઝ સામે ગયા અઠવાડિયે પ્રથમ ટેસ્ટ ત્રીજા દિવસે એક દાવથી જીતી લીધી હતી અને ત્યાર બાદ હવે અહીં અરુણ જેટલી સ્ટેડિયમમાં ફિરોજશા કોટલા ગ્રાઉન્ડ પર બીજી અને છેલ્લી ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી)ના પ્રારંભિક દિવસે પણ ભારતીય ટીમે સંભવિત બીજા વિજય માટેનો મજબૂત પાયો નાખ્યો હતો. પહેલા દિવસની રમતના અંત સુધીમાં ભારતે પ્રથમ દાવમાં માત્ર બે વિકેટના ભોગે ૩૧૮ રન કર્યા હતા. યશસ્વી જયસ્વાલ (૧૭૩ નૉટઆઉટ, ૨૫૩ બૉલ, બાવીસ ફોર) શુક્રવારનો સુપરસ્ટાર હતો.

યશસ્વીએ પોતાની દરેક પ્રકારની ટૅલન્ટ દિલ્હીના મેદાન પર પ્રદર્શિત કરી હતી. તેણે એક પણ ખરાબ શૉટ નહોતો માર્યો. લગભગ પોણાબસો રનની તેની ઇનિંગ્સમાં એક પણ સિક્સર નહોતી, પરંતુ બાવીસ ફોર સામેલ હતી. તેણે સાતમી ટેસ્ટ સદી ફટકારી હતી. પાછલી છ સદીમાં બે ડબલ હતી અને હવે આજે તેને ત્રીજી ડબલ સેન્ચુરીનો મોકો છે. સૌથી પહેલાં તો કે. એલ. રાહુલ (૩૮ રન, ૫૪ બૉલ, એક સિક્સર, પાંચ ફોર) સાથે પહેલી વિકેટ માટે તેની ૧૦૫ બૉલમાં ૫૮ રનની, સાઇ સુદર્શન (૮૭ રન, ૧૬૫ બૉલ, ૧૨ ફોર) સાથે બીજી વિકેટ માટે ૩૦૬ બૉલમાં ૧૯૩ રનની અને પછી કૅપ્ટન શુભમન ગિલ (૨૦ નૉટઆઉટ, ૬૮ બૉલ, ત્રણ ફોર) સાથે ત્રીજી વિકેટ માટે ૧૨૯ બૉલમાં ૬૭ રનની અતૂટ ભાગીદારી કરી હતી. વેસ્ટ ઇન્ડિઝના છ બોલરમાંથી માત્ર લેફ્ટ-આર્મ સ્પિનર જૉમેલ વૉરિકેન વિકેટ લેવામાં સફળ રહ્યો હતો. રાહુલ અને સુદર્શનની વિકેટ તેણે લીધી હતી.

### યશસ્વીના ૫૦, ૧૦૦, ૧૫૦ રન કેટલા બૉલમાં?

શુભમન ગિલે ગઈ કાલે સવારે ટૉસ જીતીને બૅટિંગ પસંદ કરી હતી અને યશસ્વી જયસ્વાલે તેના એ નિર્ણયને યોગ્ય સાબિત કર્યો હતો. યશસ્વીએ ૫૦ રન ૮૨ બૉલમાં, ૧૦૦ રન ૧૪૫ બૉલમાં અને ૧૫૦ રન ૨૨૪ બૉલમાં પૂરા કર્યા હતા.

### સતત બીજી મૅચ એક દાવથી જીતવાનો મોકો


ભારતે અમદાવાદમાં કૅરિબિયનો સામેની પ્રથમ મૅચ એક ઇનિંગ્સ અને ૧૪૦ રનથી જીતી લીધી હતી. હવે દિલ્હીમાં પણ એક દાવથી વિજય મેળવીને નવી સિદ્ધિ મેળવવાની ટીમ ઇન્ડિયાને તક છે.

### સુદર્શને સિલેક્ટરોનો વિશ્વાસ ખોટો ન પડવા દીધો

ભારતે પ્રથમ ટેસ્ટની જ ટીમ જાળવી રાખી છે. ટીમ મૅનેજમેન્ટે તેમ જ ખાસ કરીને સિલેક્ટરોએ વન-ડાઉન બૅટ્સમૅન સાઇ સુદર્શન (૮૭ રન)ની ટૅલન્ટ પર જે વિશ્વાસ જાળવી રાખ્યો એને તેણે ખોટો ન પડવા દીધો, કારણકે શુક્રવારે યશસ્વીની ત્રણમાંથી સૌથી મોટી ભાગીદારી સુદર્શન સાથેની હતી. કે. એલ. રાહુલની વિકેટ પડ્યા બાદ સુદર્શને યશસ્વીને બહુ સારો સાથ આપ્યો હતો અને તેમણે ભારતની શરૂઆતની સાવચેતીભરી ઇનિંગ્સને વેગવાન બનાવી હતી. સુદર્શન પ્રથમ સેન્ચુરી ૧૩ રન માટે ચૂકી ગયો હતો, પણ ભારત જો આ મૅચ આસાનીથી જીતશે તો એમાં સુદર્શનનું નામ જરૂર લેવાશે. ■

# યશસ્વીએ શૉટ માર્યો અને પછી ગિલ કૅરિબિયન વિકેટકીપર સાથે જોરદાર અથડાયો











નવી દિલ્હી: અહીં અરુણ જેટલી સ્ટેડિયમના ઐતિહાસિક ફિરોજશા કોટલા મેદાન પર બીજી ટેસ્ટનો પહેલો દિવસ સંપૂર્ણપણે ભારત (૨/૩૧૮)નો હતો, પણ કૅપ્ટન શુભમન ગિલને એક કડવો અનુભવ થયો હતો જેમાં વેસ્ટ ઇન્ડિઝના નવા વિકેટકીપર ટેવિન ઇમ્લૅક સાથે તે ટકરાતાં તેને (ગિલને) ચક્કર આવી ગયા હતા. સારવાર માટે બન્ને ટીમે પોતપોતાના ફિઝિયોથેરપિસ્ટને મેદાન પર બોલાવવા પડ્યા હતા. ભારતની ઇનિંગ્સની ૮૫મી ઓવરમાં આ ઘટના બની હતી જેને પગલે થોડી વાર માટે રમત અટકાવી દેવી પડી હતી. આ સિરીઝમાં પહેલી વાર ટીમમાં સમાવવામાં આવેલા પેસ બોલર ઍન્ડરસન ફિલિપના બૉલમાં શુભમન ગિલ સામા છેડેથી જ્યારે સિંગલ લેવા દોડ્યો ત્યારે ટેવિન સાથે તેની ટક્કર થઈ હતી.

યશસ્વીએ ફિલિપના એક બૉલને ફ્લિકમાં મિડ-વિકેટ તરફ મોકલી દીધો હતો અને તેણે અને ગિલે રન લેવાની શરૂઆત કરી હતી. જેડન સીલ્ઝે સ્ટ્રાઇક-એન્ડ તરફ બૉલ થ્રો કરીને ગિલને રનઆઉટ કરવાનો પ્રયાસ કર્યો હતો. જેડનના થ્રોમાં બૉલ સ્ટમ્પ્સ પર નહોતો એટલે વિકેટકીપર ટેવિને બૉલ કલેક્ટ કરવા ડાબી તરફ જવું પડ્યું હતું. ત્યારે દોડી આવેલો ગિલ બીજી જ ઘડીએ ટેવિન સાથે અકસ્માતે અથડાયો હતો. આ ટક્કરમાં બન્ને ખેલાડી નીચે પડ્યા હતા. બન્ને ટીમે પોતાના ફિઝિયોથેરપિસ્ટને તાબડતોબ મેદાન પર મોકલ્યા હતા. ગિલને આ ટક્કરની માથામાં વધુ ખરાબ અસર થઈ હતી. તેણે હેલ્મેટ તરત કાઢી નાખી હતી. ઇમ્લૅકને હાથમાં વાગ્યું હતું. નસીબજોગે, બન્નેની ઈજા ગંભીર નહોતી અને પ્રાથમિક સારવાર બાદ બન્ને ખેલાડી ઈજા ભૂલીને પાછા રમવા લાગ્યા હતા. ■

# ભારત ૩૮ વર્ષથી દિલ્હીમાં ટેસ્ટ નથી હાર્યું: છેલ્લે ૧૯૮૭માં વેન્ગસરકરની સદી સામે રિચર્ડ્સની સેન્ચુરી મૅચ-વિનિંગ બનેલી

## ટીમ ઇન્ડિયાને ૨-૦થી ક્લીન સ્વીપ કરવાની તક





દિલ્હીના મેદાન પર ૧૯૯૯માં પાકિસ્તાન સામે એક દાવમાં તમામ ૧૦ વિકેટની મહાન સિદ્ધિ મેળવનાર સ્પિન-લેજન્ડ અનિલ કુંબલેને ગઈ કાલે મૅચના આરંભના અવસરે બેલ વગાડવાનું બહુમાન મળ્યું હતું.

નવી દિલ્હી: ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે ગઈ કાલે અહીં સિરીઝની જે બીજી અને છેલ્લી ટેસ્ટ શરૂ થઈ એમાં વિજય મેળવીને શુભમન ગિલને કૅરિબિયનો સામે આ મેદાન પરની ૩૮ વર્ષ જૂની પરંપરા જાળવી રાખવાની તક છે.

ભારત દિલ્હીમાં છેલ્લે નવેમ્બર ૧૯૮૭માં (૩૮ વર્ષ પહેલાં) ટેસ્ટ હાર્યું હતું. ત્યાર પછી કોઈપણ દેશ ભારતને દિલ્હીમાં ટેસ્ટ મૅચમાં પરાજિત નથી કરી શક્યો. આજે શરૂ થઈ રહેલી ટેસ્ટ પણ જીતીને વેસ્ટ ઈન્ડિઝ સામે ૨-૦થી ક્લીન સ્વીપ કરવાની ભારતને તક છે.

### છેલ્લો પરાજય રિચર્ડ્સની ટીમ સામે

છેલ્લે અહીં ફિરોજશા કોટલા ગ્રાઉન્ડ પર ૧૯૮૭માં ભારત જે ટેસ્ટ હાર્યું હતું એ ટેસ્ટ યોગાનુયોગ વેસ્ટ ઇન્ડીઝ સામે હતી.

ત્યારે દિલીપ વેન્ગસરકર ભારતના કેપ્ટન હતા અને તેમની બીજા દાવની શાનદાર સેન્ચુરી (૧૦૨ રન) છતાં ભારતનો વિવ રિચર્ડ્સની ટીમ સામે પાંચ વિકેટે પરાજય થયો હતો.

ખુદ વિવ રિચર્ડ્સે એ મૅચના બીજા દાવમાં મૅચ-વિનિંગ અણનમ ૧૦૯ રન કર્યા હતા.

### દિલ્હીનું ગ્રાઉન્ડ ભારત માટે ફેવરિટ

દિલ્હીમાં અરુણ જેટલી સ્ટેડિયમનું ફિરોજશા કોટલા ગ્રાઉન્ડ વેસ્ટ ઇન્ડિઝ સામે ભારત માટે ફેવરિટ છે. છેલ્લે અહીં ભારતની વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ ૨૦૧૧માં ટેસ્ટ રમાઈ હતી જેમાં એમએસ ધોનીના સુકાનમાં ભારતે ડૅરેન સૅમીની ટીમને પાંચ વિકેટે હરાવી હતી. અત્યારે ડૅરેન સૅમી વેસ્ટ ઇન્ડિઝની ટીમનો હેડ-કોચ છે.

### ૨૪માંથી ૧૨માં જીત ૧૨ ડ્રો

૧૯૮૭ના એ પરાજય બાદ દિલ્હીમાં ભારત ૨૪ ટેસ્ટ રમ્યું છે જેમાંથી ૧૨ મૅચમાં ભારતનો વિજય થયો છે અને ૧૨ મૅચ ડ્રોમાં પરિણમી છે.

### જાડેજાને દિગ્ગજોની હરોળમાં આવવાનો સુવર્ણ મોકો

ભારતનો નંબર વન ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા ૧૦ રન કરશે એટલે ટેસ્ટ ક્રિકેટમાં તેના ૪,૦૦૦ રન પૂરા થશે. એ સાથે તે ટેસ્ટ ક્રિકેટમાં ૪૦૦૦ રન તેમ જ ૩૦૦ વિકેટની ડબલ સિદ્ધિ મેળવનાર ઈયાન બોથમ, કપિલ દેવ અને ડેનિયલ વેટોરી પછીનો વિશ્વનો ચોથો ખેલાડી બનશે.

### બંને દેશની પ્લેઇંગ ઈલેવન

ભારત: શુભમન ગિલ (કેપ્ટન), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, કે. એલ. રાહુલ, સાઇ સુદર્શન, રવીન્દ્ર જાડેજા, નીતીશ રેડ્ડી, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ.

વેસ્ટ ઇન્ડિઝ: રોસ્ટન ચેઝ (કેપ્ટન), તેજનારાયણ ચંદરપૉલ, જૉન કૅમ્પબેલ, અલિક ઍથાનેઝ, શાઇ હોપ, ટેવિન ઇમ્લૅક (વિકેટકીપર), જસ્ટિન ગ્રીવ્ઝ, જૉમેલ વૉરિકેન, ખેરી પીઅર, ઍન્ડરસન ફિલિપ અને જેડન સીલ્ઝ. ■

# અમદાવાદના મનનને ગઈ સીઝનની પાંચ ઈનિંગ્સ ફળી, ગુજરાતની કૅપ્ટન્સી મળી

## મુંબઈની ટીમનું સુકાન શાર્દુલને સોંપાયું: ટીમમાં સૂર્યકુમાર નથી

અમદાવાદ: ૨૭ વર્ષના લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન મનન અશોકકુમાર હિંગરાજિયાને રણજી ટ્રોફીની ૨૦૨૫-'૨૬ની સીઝન માટેની ગુજરાત ટીમની કૅપ્ટન્સી સોંપવામાં આવી છે. ૨૦૨૪-'૨૫ની ગઈ સીઝનમાં ગુજરાતને સેમિ ફાઇનલ સુધી પહોંચાડવામાં ટીમના અન્ય કેટલાક ખેલાડીઓ ઉપરાંત મનનનું પણ મોટું યોગદાન હતું.

મનન ૨૪ ફર્સ્ટ-ક્લાસ મૅચમાં ત્રણ સેન્ચુરી અને સાત હાફ સેન્ચુરીની મદદથી ૪૦.૫૫ની સરેરાશે કુલ ૧,૩૭૮ રન કરી ચૂક્યો છે. મનને રણજી ટ્રોફીની ગઈ સીઝનમાં ખાસ કરીને પાંચ ઇનિંગ્સમાં બૅટિંગમાં જે પર્ફોર્મ કર્યું હતું એ તેને ફળ્યું છે.

મનનની આ પાંચ ઇનિંગ્સ ખૂબ સફળ હતી અને એમાં ગુજરાતની ટીમે વિજય મેળવ્યો હતો: (૧) ઑક્ટોબર, ૨૦૨૪: હૈદરાબાદ સામે ૧૮૧ રન અને પચીસ રન, ગુજરાતનો ૧૨૬ રનથી વિજય (૨) ઑક્ટોબર ૨૦૨૪: આંધ્ર સામે ૪૮ રન, ગુજરાતનો એક વિકેટે વિજય (૩) જાન્યુઆરી, ૨૦૨૫: ઉત્તરાખંડ સામે ૧૧૬ રન, ગુજરાતનો એક દાવથી વિજય (૪) જાન્યુઆરી, ૨૦૨૫: હિમાચલ સામે ૪૫ રન, ગુજરાતનો નવ વિકેટે વિજય (૫) ફેબ્રુઆરી, ૨૦૨૫: સૌરાષ્ટ્ર સામે ૮૩ રન, ગુજરાતનો એક દાવથી વિજય.

૨૦૨૪ની રણજી ટ્રોફીની દિલધડક સેમિ ફાઇનલમાં ગુજરાતનો કેરળ સામે પરાજય થયો હતો. એ મૅચમાં મનને ૩૩ રન કર્યા હતા. હવે મનન ગુજરાતનો કૅપ્ટન છે અને ૧૫મી ઑક્ટોબરથી અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાતની સીઝનની પ્રથમ મૅચ આસામ સામે રમાશે.

દરમ્યાન, મુંબઈની ટીમનું સુકાન શાર્દુલ ઠાકુરને સોંપવામાં આવ્યું છે. આ ટીમમાં ભૂતપૂર્વ સુકાની અજિંક્ય રહાણે છે, પરંતુ સૂર્યકુમાર યાદવ નથી. ઑસ્ટ્રેલિયામાં આ મહિને વન-ડે શ્રેણી બાદ ભારતની ટી-૨૦ સિરીઝ પણ રમાવાની હોવાથી બની શકે કે એ શ્રેણી અગાઉ ટી-૨૦ના કૅપ્ટન સૂર્યકુમાર યાદવને કોઈ ગંભીર ઈજા થાય તો ભારતની યોજના ખોરવાઈ જાય અને એવી સંભાવનાને કારણે જ સૂર્યાને હમણાં મુંબઈની ટીમમાં નહીં સમાવવામાં આવ્યો હોય. ગુજરાતની રણજી ટીમ: મનન હિંગરાજિયા (કૅપ્ટન), આર્ય દેસાઈ, અભિષેક દેસાઈ (વિકેટકીપર), ઉર્વિલ પટેલ (વિકેટકીપર), જયમીત પટેલ, હેમાંગ પટેલ, ઉમંગ કુમાર, પ્રિયેશ પટેલ, રવિ બિશ્નોઈ, સિદ્ધાર્થ દેસાઈ, અર્ઝાન નાગવાસવાલા, ચિંતન ગજા, વિશાલ જયસ્વાલ, ક્ષિતીજ પટેલ અને રિન્કેશ વાઘેલા. મુંબઈની રણજી ટીમ: શાર્દુલ ઠાકુર (કૅપ્ટન), આયુષ મ્હાત્રે, આકાશ આનંદ (વિકેટકીપર), અજિંક્ય રહાણે, સિદ્ધેશ લાડ, સરફરાઝ ખાન, શિવમ દુબે, શમ્સ મુલાની, તનુશ કોટિયન, તુષાર દેશપાંડે, સિલ્વેસ્ટર ડિસોઝા, હાર્દિક તમોરે (વિકેટકીપર), ઇરફાન ઉમેર, મુશીર ખાન, અખિલ હર્વાડકર અને રૉયસ્ટન ડાયસ. ■

# ટીમ ઈન્ડિયાના હકની એશિયા કપની ટ્રોફી એસીસીના કબાટમાં બંધ

## નક્ફટ નકવીએ સ્ટાફને કહી દીધું છે કે મારા વગર કોઈને પણ આ ટ્રોફી આપતા નહીં

લાહોર: ૨૮મી સપ્ટેમ્બરે દુબઈમાં પાકિસ્તાનને સતત ત્રીજી કડક લપડાક આપ્યા બાદ ભારતીય ટીમે એશિયા કપ ટૂર્નામેન્ટ જીતી લીધી હતી અને પછી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના પાકિસ્તાની ચીફ મોહસિન નકવીના હાથે જે ટ્રોફી સ્વીકારવાની ના પાડી હતી એ ટ્રોફી દુબઈમાં એસીસીના હેડક્વૉર્ટરના બંધ કબાટમાં રાખવામાં આવી છે અને એના પર દેખરેખ રાખનાર સ્ટાફને કહેવામાં આવ્યું છે કે એસીસીના ચૅરમૅન નકવીની પરવાનગી વિના એ ટ્રોફી બીજે ક્યાંય પણ ન મૂકવી અને કોઈને આપવી પણ નહીં.

સૂર્યકુમાર યાદવ અને તેના સાથીઓએ નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની મનાઈ કરી ત્યાર બાદ મેદાન પર વિજેતા ટીમ ઇન્ડિયાને ઘણી વાર સુધી રાહ જોવડાવવામાં આવી હતી અને નકવીના કહેવાથી અધિકારીઓ ટ્રોફી તેમ જ કેટલાક મેડલ લઈને મેદાન પરથી જતા રહ્યા હતા. ત્યારથી એ ટ્રોફી એસીસીના કપબોર્ડમાં પડી છે.

નકવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના ચીફ અને પાકિસ્તાનના આંતરિક બાબતોને લગતા ખાતાના પ્રધાન પણ છે.

નકવીએ એસીસીના સ્ટાફને સ્પષ્ટ શબ્દોમાં આદેશ આપ્યો છે કે જ્યારે ટ્રોફી માગવામાં આવશે ત્યારે માત્ર તેઓ (નકવી) જ ભારતીય ટીમને અથવા બીસીસીઆઇને ટ્રોફી સુપરત કરશે.

બની શકે કે નકવી જ્યાં સુધી એસીસીના અધ્યક્ષસ્થાને હશે ત્યાં સુધી આ ટ્રોફી પર કબજો જાળવી રાખશે અને તેમને હોદ્દા પરથી દૂર કરાશે ત્યારે બની શકે કે તેઓ ભારતના હકની આ ટ્રોફી ક્યાંક ગુમ કરી નાખશે કે જેથી કરીને તેમના અનુગામી કે બીજું કોઈ ભારતને આ ટ્રોફી ક્યારેય આપી જ ન શકે.

આવતા મહિને આઇસીસીની બેઠકમાં બીસીસીઆઇ નકવીના આ ગેરવર્તન વિશે સત્તાવાર ફરિયાદ કરશે અને તેને આઇસીસીમાંથી ડિરેક્ટરના હોદ્દા પરથી પણ હટાવી લેવાશે.

ભારતીય ટીમ કે બીસીસીઆઇ કોઈ પણ કાળે નકવીના હાથે ટ્રોફી નહીં સ્વીકારે, કારણકે તેઓ દુશ્મન-દેશ પાકિસ્તાનના છે અને પાકિસ્તાન આતંકવાદીઓને પંપાળતો દેશ છે. ■

# ધમકી બાદ રિન્કુ સિંહના ઘર પર પોલીસની સુરક્ષા

અલીગઢ/મુંબઈ: ભારતના હાર્ડ-હિટર અને તાજેતરમાં પાકિસ્તાન સામેની એશિયા કપની ફાઇનલમાં વિનિંગ ફોર ફટકારનાર રિન્કુ સિંહને આ વર્ષના ફેબ્રુઆરી-એપ્રિલ દરમ્યાન પાંચથી દસ કરોડ રૂપિયાની ખંડણીની ધમકી મળી હોવાના અહેવાલોની સાથે એક રિપોર્ટમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે અલીગઢમાં રિન્કુના નિવાસસ્થાનની બહાર પોલીસની સુરક્ષા ગોઠવી દેવાઈ છે.

રિન્કુને છેલ્લા થોડા દિવસ દરમ્યાન કરોડો રૂપિયાની ખંડણીની ધમકી મળી હતી અને તાજેતરમાં તેણે તેણે પાકિસ્તાન સામે ભારતને વિજય અપાવ્યો એટલે આ ધમકીને લગતા અહેવાલો વધુ ઝડપથી પ્રસરી ગયા છે.

અલીગઢ નિવાસી રિન્કુને ૨૮મી સપ્ટેમ્બરે દુબઈમાં પાકિસ્તાન સામેની ફાઇનલ સાથે પૂરા થયેલા એશિયા કપમાં એક જ મૅચ રમવા મળી અને એમાં તેને એક જ બૉલ રમવા મળ્યો હતો જેમાં તેણે ચોક્કો ફટકારીને ભારતને પાકિસ્તાન સામે વિજય અપાવ્યો હતો. ■

# વિશ્વ બજાર પાછળ ચાંદીમાં વધુ ₹ ૪૯૫૦ની આગઝરતી તેજી, સોનામાં તેજીને બ્રેક, ₹ ૧૧૦૪નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ચાંદીના ભાવમાં ૨.૬ ટકાનો ઝડપી ઉછાળો આવવાની સાથે ભાવ ઔંસદીઠ ૫૦ ડૉલરની ઉપર ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સોનામાં ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ભાવ ઘટી આવ્યા બાદ ધીમો સુધારો આવ્યો હોવાના નિર્દેશો હતો.

આમ વૈશ્વિક બજારને અનુસરતા આજે સ્થાનિકમાં ખાસ કરીને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૯૫૦ની આગઝરતી તેજી આગળ ધપી હતી અને ભાવ ૧.૬૪ લાખની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે સોનામાં તેજીને બ્રેક લાગતા ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૦૦થી ૧૧૦૪નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૯૫૦ના ઉછાળા સાથે રૂ. ૧,૬૪,૫૦૦ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી માત્ર રોકાણલક્ષી છૂટીછવાઈ માગ જોવા મળી હતી અને જ્વેલરી ઉત્પાદકો તથા ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહી હતી. વધુમાં આજે સોનામાં ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૧૦૦ના ઘટાડા સાથે રૂ. ૧,૨૧,૦૩૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૧૦૪ના ઘટાડા સાથે રૂ. ૧,૨૧,૫૨૫ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગત બુધવારે વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૫૯.૦૫ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ ગઈકાલે ઈઝરાયલ-હમાસ વચ્ચેની યુદ્ધ વિરામની યોજનાને પગલે સલામતી માટેની માગમાં ઘટાડો થતાં ભાવમાં પીછેહઠ જોવા મળ્યા બાદ આજે લંડન ખાતે ઘટ્યા મથાળેથી હાજરમાં સોનાના ભાવ ૦.૬ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૩૯૯૮.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આ સપ્તાહમાં અત્યાર સુધીમાં ભાવમાં સાપ્તાહિક ધોરણે ૨.૯ ટકાનો ઉછાળો આવ્યો છે. તેમ જ વાયદામાં ભાવ એક ટકો વધીને ઔંસદીઠ ૪૦૧૨.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે હાજર ચાંદીમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૨.૬ ટકા વધીને ઔંસદીઠ ૫૦.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# ફાર્મા અને બૅન્કિંગ શૅરોમાં લેવાલીને ટેકે સેન્સેક્સમાં ૩૨૯ પૉઈન્ટની અને નિફ્ટીમાં ૧૦૩ પૉઈન્ટની તેજી વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૪૫૯.૨૦ કરોડની ચોખ્ખી લેવાલી

મુંબઈ: વૈશ્વિક સ્તરે ખાસ કરીને ઈઝરાયલ અને હમાસ વચ્ચે સીઝ ફાયરનાં પહેલા તબક્કા માટે સહમતી થવાના નિર્દેશો અને ભારત તથા અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થવાના આશાવાદ વચ્ચે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ખાસ કરીને ફાર્મા અને બૅન્કિંગ ક્ષેત્રના શૅરોમાં લેવાલીને ટેકે સતત બીજા સત્રમાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું, બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૨૮.૭૨ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૦૩.૫૫ પૉઈન્ટનો સુધારો આગળ ધપ્યો હતો. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૦,૨૩૬.૦૭ કરોડની ખરીદી અને રૂ. ૯૭૭૬.૮૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૪૫૯.૨૦ કરોડની ચોખ્ખી લેવાલી જોવા મળી હતી.

એક્સચેન્જ તરફથી પ્રાપ્ત થયેલી આંકડાકીય માહિતી અનુસાર આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૨,૧૭૨.૧૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૨,૦૭૫.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૨,૦૭૨.૯૩ અને ઉપરમાં ૮૨,૬૫૪.૧૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૦ ટકા અથવાતો ૩૨૮.૭૨ પૉઈન્ટ વધીને ૮૨,૫૦૦.૮૨ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૫,૧૮૧.૮૦ના બંધ સામે ૨૫,૧૬૭.૬૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૫,૧૫૬.૮૫ અને ઉપરમાં ૨૫૫,૩૩૦.૭૫ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૦.૪૧ ટકા અથવા તો ૧૦૩.૫૫ પૉઈન્ટ વધીને ૨૫,૨૮૫.૩૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે સરકારે ખાનગી ક્ષેત્રનાં પ્રોફેશનલોને સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં આમંત્ર્યા હોવાના નિર્દેશો સાથે રોકાણકારોના સેન્ટિમેન્ટમાં બદલાવ આવતા મુખ્યત્વે બૅન્કિંગ શૅરોમાં અને અમેરિકાએ ખાસ કરીને ચાઈનીઝ સહિતની વિદેશી કંપનીઓના બાયોટેક જોડાણમાં કાપ મૂકવા માટે બાયોસિક્યોર એક્ટમાં ફેરફાર કર્યાના અહેવાલ સાથે ફર્માસ્યુટિકલ શૅરોમાં રોકાણકારોની વ્યાપક લેવાલી નીકળતાં ભારતીય ઈક્વિટી માર્કેટની તેજીને ટેકો મળ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

વધુમાં મોતીલાલ ઓસ્વાલ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિ.નાં વેલ્થ મેનેજમેન્ટના રિસર્ચ હેડ સિદ્ધાર્થ ખેમકાએ જણઆવ્યું હતું કે ઈઝરાયલ અને હમાસ સીઝ ફાયરના પહેલા તબક્કાનાં પ્લાન માટે સહમત થતાં ભૂરાજકીય તણાવ હળવો થવાથી બજારનાં સેન્ટીમેન્ટમાં સુધારો આવતાં નિફ્ટીમાં ૧૦૪ પૉઈન્ટનો સુધારો જોવા મળ્યો હતો. વધુમાં છેલ્લાં ત્રણ સત્રમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૮૩૦ કરોડની લેવાલી રહી હોવાના નિર્દેશો અને યુકેએ શિક્ષણ, મહત્ત્વપૂર્ણ ખનીજો, ક્લાઈમેટ ચેન્જ અને સંરક્ષણ સહિતનાં ક્ષેત્રોમાં સહયોગની જાહેરાત કરતાં બજારનાં સુધારાને ટેકો મળ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે બીએસઈ ખાતે અંદાજે ૪૩૪૩ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાંથી ૨૪૨૪ શૅરના ભાવ સુધારા સાથે, ૧૭૬૬ શૅરના ભાવ ઘટીને અને ૧૫૩ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૭૧ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૦૫ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યાના અહેવાલ હતા. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી બાવીસ શૅરના ભાવ વધીને અને આઠ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. આજે મુખ્ય વધનાર શૅરોમાં સૌથી વધુ ૨.૧૬ ટકાનો સુધારો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે મારુતિ સુઝુકીમાં ૧.૮૭ ટકાનો, એક્સિસ બૅન્કમાં ૧.૦૮ ટકાનો, એનટીપીસીમાં ૧.૦૭ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૦૫ ટકાનો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૦.૯૪ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં ટાટા સ્ટીલમાં ૧.૪૭ ટકાનો, ટીસીએસમાં ૧.૧૦ ટકાનો, ટૅક મહિન્દ્રામાં ૦.૬૨ ટકાનો, ટિટાનમાં ૦.૫૪ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૦.૪૬ ટકાનો અને ટાટા મોટર્સમાં ૦.૧૫ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં રિઅલ્ટી ઈન્ડેક્સમાં સૌથી વધુ ૧.૭૨ ટકાનો ઉછાળો આવ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૧.૧૩ ટકાનો, હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૦.૯૯ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૦.૯૮ ટકાનો, બૅન્કેક્સમાં ૦.૯૭ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૦.૭૧ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૦.૭૦ ટકાનો અને સર્વિસીસ ઈન્ડેક્સમાં ૦.૬૬ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મેટલ, કોમોડિટી, ઑઈલ અને ગૅસ તથા ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સમાં નરમાઈ રહી હતી.

દરમિયાન આજે એશિયાની બજારોમાં હૉંગકૉંગનાં હેન્ગસેન્ગ, ટોકિયોના નિક્કી ૨૨૫ અને શાંઘાઈનો એસએસએઈ કોમ્પોઝિટ ઈન્ડેક્સ નરમાઈ સાથે બંધ રહ્યો હતો, જ્યારે સિઉલના કોસ્પીમાં સુધારો હતો. તેમ જ આજે મધ્યસત્ર દરમિયાન યુરોપના બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો સાત પૈસા ઊંચકાયો

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૩૦૮.૧૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશ હોવાથી તેમ જ આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યા હોવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૨૯ પૈસા સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાત પૈસા ઊંચકાઈને ૮૮.૭૨ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધીને ૯૯ની સપાટી પાર કરી ગયો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૮.૭૯ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૮.૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૮.૮૦ અને ઉપરમાં ૮૮.૫૦ સુધી મજબૂત થયા બાદ અંતે સાધારણ સાત પૈસાના સુધારા સાથે ૮૮.૭૨ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં નરમાઈ, અમેરિકી ગવર્મેન્ટ શટડાઉનને કારણે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કપાતની શક્યતાઓ પ્રબળ બની હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે ડૉલર સામે રૂપિયાની રેન્જ ૮૮.૪૦થી ૮૮.૮૫ આસપાસની રહે તેમ જણાય છે.

# નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં નફારૂપી વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં ખાસ કરીને કોપરમાં પુરવઠાખેંચની ભીતિ હેઠળ ચોક્સ ધાતુઓમાં મક્કમ વલણ રહ્યું હોવાના નિર્દેશો છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે નિકલ ઉપરાંત કોપર વાયરબાર, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને ટીનમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૫ સુધીનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. એકનો ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે નિકલ,કોપર વાયરબાર અને ટીનમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ વધુ રહેવાની સાથે વપરાશકાર ઉદ્યોગની માગ પણ ખપપૂરતી રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૩૬૩, રૂ. ૧૧ ઘટીને રૂ. ૧૦૩૫ અને રૂ. સાત ઘટીને રૂ. ૩૩૪૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું

# મિડિયમ ગ્રેડની ખાંડમાં પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૮૮૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં ક્વિન્ટલે રૂ. ૬થી ૧૨નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

જોકે, આજે હાજરમાં મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૦૨થી ૪૦૬૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છ અને ઉપલા મથાળેથી રૂ. ૧૨ના ઘટાડા સાથે રૂ. ૪૦૫૬થી ૪૧૧૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# ચા ઉદ્યોગમાં બેવડું માળખું સક્ષમ હોવું જોઈએ: આસામ ચીફ સક્રેટરી

કોલકાતા: ચા ઉદ્યોગમાં હાલનું બેવડુ માળખું નાના અને મોટા સંગઠિત ઉત્પાદકો માટે લાંબા સમયગાળા સુધી ચાલે તેવું સક્ષમ હોવું જોઈએ એમ આસામના ચીફ સેક્રેટરી રવિ કોટાએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આસામ દેશનું સૌથી મોટું ચા ઉત્પાદક રાજ્ય છે અને કુલ ચાના પાક પૈકી ૫૦ ટકા જેટલો હિસ્સો ધરાવે છે.

એકંદરે ચા ઉદ્યોગમાં બેવડા માળખા અર્થાત્ મોટા સંગઠિત ખેલાડીઓ અને નાના ચા ઉત્પાદકો (સ્મોલ ટી ગ્રોઅર્સ)ની હાજરી સક્ષમ હોવી જોઈએ અને બન્ને પક્ષોએ એકબીજાને અન્ડરકટિંગ કર્યા વિના સહઅસ્તિત્વ જાળવી રાખવું જોઈએ, એમ રવિ કોટાએ ઈન્ડિયન ટી એસોસિયેશનની વાર્ષિક સામાન્ય સભાને સંબોધતા જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે સંગઠિત ક્ષેત્રએ પ્લાન્ટેશન એક્ટ હેઠળ અમુક કલ્યાણક જવાબદારીઓ અદા કરવી જોઈએ, જે નાના ચા ઉત્પાદકોએ આવશ્યક નથી હોતી. બન્ને સેગ્મેન્ટ સાથે રહીને પોસાણક્ષમ રહેવા જોઈએ. પ્રાપ્ત અહેવાલ અનુસાર દેશમાં ચાના કુલ ઉત્પાદનમાં નાના ઉત્પાદકો ૫૦ ટકા કરતાં વધુ હિસ્સો ધરાવે છે. વધુમાં કોટાએ ચાના લઘુતમ ટકાઉ ભાવની હાકલ કરવાની સાથે એક વાજબી મૉડેલ તૈયાર કરવું જોઈએ જણાવવાની સાથે આયાત સંદર્ભે કહ્યું હતું કે આયાતના મૂળ સ્રોત અથવા તો ઓરિજિનની ઓળખ ફરજિયાત ધોરણે થવી જોઈએ.

એસોસિયેશનનાં ચેરમેન હેમંત બાંગુરે જણાવ્યું હતું કે હાલમાં ભાવમાં સ્થગિતતા, શ્રમિકોની ઉપલબ્ધિ અને હવામાનમાં થઈ રહેલા પરિવર્તનો જેવાં કંઈક પડકારોનો સામનો ચા ઉદ્યોગ કરી રહ્યો છે. સંગઠિત ક્ષેત્રમાં ખાસ કરીને ઊંચા ઈનપૂટ ખર્ચને કારણે કામકાજો પોસાણક્ષમ નથી રહ્યા આથી લેવલ પ્લેઈંગ ફિલ્ડની આવશ્યકતા છે. ખાસ કરીને ઓર્થોડોક્સ ચાનાં ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાની જરૂર છે અને આરઓડીટીઈપી (રેમિસન ઑફ ડ્યૂટીઝ ઍન્ડ ટેક્સિસ ઓન એક્સપોર્ટેડ પ્રોડક્ટ્સ)માં વધારો કરવાની જરૂર હોવાનું તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે બદલાઈ રહેલા હવામાનની ચા ઉદ્યોગ પર અસર પડી રહી છે. તાજેતરમાં ઉત્તર બંગાળમાં ભારે વરસાદ અને ભેખડો ધસી પડતા ખાસ કરીને દાર્જિલિંગ, ડુઆર્સ અને તેરાઈ વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. તેમ જ દાર્જિલિંગ ચા ઉદ્યોગે કટોકટીમાંથી બહાર આવવા નાણાકીય સહાયનો અનુરોધ કર્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## દેશ-વિદેશ

# બરફના તોફાનનો ભોગ: વધુ એક જવાનનું શબ મળ્યું

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુ: દક્ષિણ કાશ્મીરના કોકરનાગના પર્વતીય વિસ્તારમાંથી વધુ એક પેરાટ્રૂપરનું શબ મળી આવ્યું હતું. ત્રણ દિવસ અગાઉ બંને પેરાટ્રૂપર બરફના ભીષણ તોફાન વચ્ચે આ વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા આતંકવાદવિરોધી અભિયાન દરમિયાન ગુમ થઈ ગયા હતા. અધિકારીઓના જણાવ્યાનુસાર ખરાબ હવામાનને કારણે બંને જવાનો સાથેનો સંપર્ક તૂટી ગયાનાં તુરંત બાદ આરંભી દેવામાં આવેલા તપાસ અને બચાવ અભિયાન દરમિયાન જવાનનું શબ મળી આવ્યું હતું. આ બંને જવાન કોકરનાગના બર્ફીલા પહાડી વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા એક વિશેષ અભિયાનનો હિસ્સો હતા. બીજો મૃતદેહ મળવાની સાથે જ તપાસ અને બચાવ અભિયાન સમાપ્ત કરી દેવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર ઔપચારિક ઓળખ બાદ પાર્થિવ શરીરને સૈન્ય સમ્માન માટે મોકલી આપવામાં આવશે.

# ગાઝામાં યુદ્ધવિરામનો અમલ શરૂ

### જો કે હમાસને નિઃશસ્ત્ર કરવાના, ગાઝાના શાસનના મુદ્દે હજી અસ્પષ્ટતા

વાડી ગાઝા (ગાઝા પટ્ટી): ઇઝરાયલના લશ્કરે ગાઝામાં ઇઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધવિરામનો અમલ શરૂ થયો હોવાનો દાવો કર્યો હતો. તેના થોડાં કલાક પહેલાં ઇઝરાયલનું પ્રધાનમંડળ લડાઇ બંધ કરવા અને યુદ્ધકેદીઓ તેમ જ અન્ય બંધકોની આપલે માટે સહમત થયું હતું. આમ છતાં, હમાસને નિઃશસ્ત્ર કેવી રીતે કરાશે અને ગાઝામાં કોણ શાસન કરશે? એવા કેટલાક સવાલ અંગે હજી અસ્પષ્ટતા છે.

ઇઝરાયલના લશ્કરે મધ્યાહ્નને યુદ્ધવિરામની જાહેરાત કરી, તે પછી મધ્ય ગાઝાના વાડી ગાઝા વિસ્તારમાં ભેગા થયેલા હજારો લોકોએ ઉત્તર ગાઝા તરફ સ્થળાંતર શરૂ કર્યું હતું. ગાઝામાં શુક્રવારે મધ્યાહ્ન પહેલાં એટલે કે સવારે ભારે બૉમ્બમારો કરાયો હતો. બે વર્ષ કરતાં વધારે સમયથી ચાલતા યુદ્ધમાં પેલેસ્ટાઇનના હજારો લોકો માર્યા ગયાં હતાં અને અન્ય હજારો લોકો ઘાયલ થયાં હતાં. આ લડાઇમાં અનેક લોકોને બંધક કે યુદ્ધકેદી તરીકે રખાયા છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દરમિયાનગીરી કરીને કરાવ્યું હોવાનું કહેવાતા આ યુદ્ધવિરામ બાદ પણ હમાસને નિઃશસ્ત્ર કરવાની અને ગાઝા પર કોનું શાસન રહેશે, તે અંગે હજી સુધી અસ્પષ્ટતા રહી છે. ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામીન નેતન્યાહુએ શુક્રવારે ટેલિવિઝન પર જણાવ્યું હતું કે હવે હમાસને નિઃશસ્ત્ર કરાશે અને ગાઝામાંથી લશ્કર પાછું ખેંચાશે, પરંતુ જો તેમાં મુશ્કેલી આવશે તો કડક (લશ્કરી) કાર્યવાહી કરતા નહિ અચકાઇએ. ઇઝરાયલના લશ્કરી પ્રવક્તાએ દાવો કર્યો હતો કે ઇઝરાયલના સૈનિકોને શુક્રવારના મધ્યાહ્નથી ગાઝામાંથી પાછા ખેંચવાનું શરૂ કરાયું છે.(એજન્સી)

### કરુર નાસભાગ

# એસઆઈટીની રચનાને પડકારતી અરજી પરનો સુપ્રીમનો આદેશ મોકૂફ

નવી દિલ્હી: ૪૧ વ્યક્તિનો ભોગ લેનાર કરુર નાસભાગની ઘટનાની તપાસ માટે એસઆઈટીની રચના કરવાનો આદેશ આપતા મદ્રાસ હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી તમિળ અભિનેતા વિજયના રાજકીય પક્ષ, તમિળગા વેટ્રી કળગમ (ટીવીકે) અને અન્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનો ચુકાદો સુપ્રીમ કોર્ટે શુક્રવારે મોકૂફ રાખ્યો હતો. ન્યાયાધીશ જે. કે. મહેશ્વરી અને એન. વી. અન્જારિયાની બનેલી ખંડપીઠે પક્ષ, અસરગ્રસ્તો, તમિળનાડુ સરકાર અને અન્યો વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલની દલીલ સાંભળી હતી. ૨૭ સપ્ટેમ્બરે બનેલી નાસભાગની ઘટનાને મામલે સીબીઆઈ તપાસની માગણીને નકારતા હાઈ કોર્ટના આદેશને પડકારતી ભાજપના નેતા ઉમા આનંદનની અરજીની સુનાવણી કરવાની મુખ્ય ન્યાયાધીશના વડપણ હેઠળની ખંડપીઠે મંગળવારે સહમતી દર્શાવી હતી.

તમિળનાડુસ્થિત ભાજપના નેતા જી. એસ. મણિએ પણ ઘટનાને મામલે સીબીઆઈ તપાસ યોજવાની માગણી કરતી અરજી દાખલ કરી હતી.

# કફ સિરપકાંડની સીબીઆઈ તપાસ કરાવવાનો સુપ્રીમ કોર્ટનો ઇનકાર

નવી દિલ્હી: દેશનાં બે રાજય મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં કફ સિરપથી બાળકોમાં મોત અંગે સીબીઆઈ તપાસની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. આ અંગે એક એડવોકેટે આ સમગ્ર કેસની તપાસ સીબીઆઈને સોંપવાની જાહેર હિતની અરજી કરી હતી. આ અંગે સોલિસિટર જનરલે વાંધો ઉઠાવ્યો હતો તેની બાદ અરજી ફગાવી દેવામાં આવી હતી. આ અંગે સોલિસિટર જનરલે તુષાર મહેતાએ કોર્ટે જણાવ્યું છે કહ્યું કે અરજદારો અખબાર વાંચે છે અને અરજી દાખલ કરવા માટે કોર્ટમાં આવે છે. બેન્ચે શરૂઆતમાં વિચાર્યું કે નોટિસ ઇશ્યુ કરવી જોઈએ બાદમાં અરજી ફગાવી દીધી. તેમજ અરજકર્તા હાલમાં કોઈ રાજ્યનું પ્રતિનિધિત્વ નથી કરી રહ્યા. જયારે તમિલનાડુ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યો ગંભીરતા સાથે કાર્યવાહી કરી રહ્યા છે. તેમણે કહ્યું કે રાજ્યોમાં યોગ્ય કાયદા ના અમલ માટેના તંત્ર અસ્તિત્વમાં છે.

# સોશ્યલ મીડિયા અકાઉન્ટ બ્લોક્નો મામલો: સુપ્રીમ કોર્ટ આઘી રહી

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે શુક્રવારે સોશ્યલ મીડિયા અકાઉન્ટ્સને સસ્પેન્ડ અને બ્લોક કરવા સંબંધમાં આ પ્રકારની સેવાઓ આપતી કંપનીઓને નિયમન કરવા માટે સમગ્ર ભારતમાં માર્ગદર્શિકા જાહેર કરવાની માગ કરતી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે બે અરજદારોને અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી હતી અને કહ્યું હતું કે તેઓ કોઈપણ યોગ્ય મંચ પર કાયદા હેઠળ ઉપલબ્ધ કોઈપણ અન્ય ઉપાયનો ઉપયોગ કરવા માટે સ્વતંત્ર છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠને અરજીકર્તાઓ તરફથી હાજર રહેલા વકીલે જણાવ્યું હતું કે તેમના વોટ્સએપ એકાઉન્ટને બ્લોક કરવામાં આવ્યું છે. આ એકાઉન્ટનો ઉપયોગ તેઓ ગ્રાહકો સાથે વાતચીત કરવા માટે કરતા હતા. ખંડપીઠે કહ્યું હતું કે અન્ય કોમ્યુનિકેશન એપ્સ પણ છે, તમે તેનો ઉપયોગ કરી શકો છો. ખંડપીઠે પૂછ્યું હતું કે અરજદારોના વોટ્સએપને કેમ બ્લોક કરવામાં આવ્યું છે. જેના જવાબમાં અરજદારોના વકીલે કહ્યું હતું કે તેમને કોઈ કારણ આપવામાં આવ્યું નથી.

# એફઆઈઆરમાં ફેરફાર કરો: સુસાઈડ કરનાર આઈપીએસની પત્નીની માગ

ચંડીગઢ: હરિયાણાના વરિષ્ઠ પોલીસ અધિકારી વાય. પૂરણકુમારની કથિત આત્મહત્યા સંબંધિત ગુનો દાખલ કર્યાના એક દિવસ બાદ તેમની અમલદાર પત્નીએ અપૂરતી માહિતી અંગે પોલીસને પ્રશ્ન કર્યા હતા અને તમામ આરોપીઓનાં નામનું એફઆઈઆરમાં પ્રતિબિંબ પડે તે માટે તેમાં સુધારો કરવા જણાવ્યું હતું.

ચંડીગઢ પોલીસ એસએસપી કનવરદીપ કૌર, વરિષ્ઠ આઈએએસ ઑફિસર અમનિત પી. કુમારે પણ એસસી-એસટી ઍક્ટની હળવી કરીને ઉમેરાયેલી કલમ ધરાવતા એફઆઈઆરમાં સુધારો કરવાની માગણી કરી હતી. આત્મહત્યા કરવા પ્રેરવાનો આક્ષેપ કરતી અને એ માટે અનેક આઈપીએસ અધિકારીઓના નામ ધરાવતી સુસાઈડ નૉટને આધારે ચંડીગઢ પોલીસે ગુરુવારે મોડી સાંજે ઘટનાને મામલે એફઆઈઆર દાખલ કર્યો હતો.

# પીએસયુ બૅન્કોના ટોચના હોદ્દાઓએ ખાનગી ક્ષેત્રમાંથી નિમણૂક: યુનિયનોમાં ભારે આક્રોશ

નવી દિલ્હી : નવ યુનિયનોના એક પ્રમુખ સંગઠન યુનાઇટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (યુએફબીયુ) એ શુક્રવારે જાહેર ક્ષેત્રની બૅન્કોમાં ટોચના પદો પર ખાનગી ક્ષેત્રના ઉમેદવારોની પસંદગી કરવાના સરકારના નિર્ણય સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો.

યુએફબીયુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સ્ટેટ બૅન્ક ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૫૫, બૅન્કિંગ કંપની (એક્વિઝિશન એન્ડ ટ્રાન્સફર ઓફ અંડરટેકિંગ્સ) એક્ટ, ૧૯૭૦ અને ૧૯૮૦ અને લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન એક્ટ, ૧૯૫૬ જેવા કાયદાઓમાં કોઈ સુધારો કર્યા વિના જાહેર કરાયેલ માર્ગદર્શિકામાં ફેરફાર એક ગંભીર કાનૂની અને બંધારણીય ઉલ્લંઘન છે. યુએફબીયુએ માગ કરી હતી કે આ સંદર્ભમાં તમામ સંશોધિત એસીસી માર્ગદર્શિકાઓને વ્યાપક સમીક્ષા સુધી તાત્કાલિક અસરથી સ્થગિત રાખવામાં આવે.

તેમણે તમામ જાહેર ક્ષેત્રની બૅન્કો અને ભારતીય સ્ટેટ બૅન્ક માટેના નેતૃત્વ-નિમણૂક માળખાની સમીક્ષા કરવા માટે નાણાકીય સેવાઓ વિભાગ, રિઝર્વ બૅન્ક ઓફ ઈન્ડિયા, ફેડરલ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ, યુએફબીયુ અને સ્વતંત્ર ન્યાયશાસ્ત્રીઓની બનેલી સંયુક્ત હિસ્સેદાર સમિતિની રચના કરવાની પણ માગ કરી હતી. યુનિયનોએ સાર્વજનિક ક્ષેત્રોની બેન્કોમાં આંતરિક ઉત્તરાધિકાર માટે પણ ભાર મુક્યો હતો.



રાજકોટ મહાનગરપાલિકા ખાતે સ્ટેન્ડિંગ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રૂ. ૪૧૮.૭૪ કરોડના વિકાસલક્ષી કામોને મંજૂરી અપાઈ હતી. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ક્રિપ્ટો કરન્સીમાં નફાના નામે સાયબર ક્રિમિનલોની જાળમાં સપડાયેલા ગાંધીધામમાં રહેતા આધેડે ૫૬ લાખ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ક્રિપ્ટો કરન્સી પ્રત્યે રોકાણકારોમાં રુચિ વધવાની સાથે ટીપ આપીને વધુ નફો કમાવી આપવાના નામે બની બેઠેલા ટ્રેડિંગ ગુરુઓ કમ ઓનલાઇન ચીટરોનો વ્યાપ પણ સતત વધી રહ્યો છે તેવામાં ગાંધીધામ શહેરમાં રહેનારા મૂળ મહારાષ્ટ્ર બાજુના એક આધેડને રોકાણ કરાવી, નફો રળી અપાવવાના નામે રૂ.૫૬,૪૭,૬૭૨ની સાયબર ક્રિમિનલોએ ઠગાઈ આચરી હતી.

ગાંધીધામની એફ.સી.આઈ. કોલોનીમાં રહેતા મૂળ પુના મહારાષ્ટ્રના કિશોર શિવજી નરગુંદર નામના આધેડે સાયબર ફ્રોડ અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજથી ત્રણેક મહિના અગાઉ તેમના ટેલિગ્રામ પર દીપા નામની અજ્ઞાત મહિલાએ તેમને એક લિંક મોકલાવી હતી, જેને ઓપન કરતાં કોન ફોર્જ ફાઈનાન્સ નામના ટેલિગ્રામ ગ્રૂપમાં આપોઆપ જોડાઈ ગયા હતા.

આ ગ્રૂપના સેંકડો મેમ્બર્સ પોતાને શૅરબજારમાં થયેલા નફાની લલચામણી ચેટ કરતા રહેતા હતા. દીપાએ આ ગ્રૂપને ફોલો કરી, ટાસ્ક પૂર્ણ કરીને માત્ર શોટ મોકલવાના જેમાં તમને નફો મળશે, એવું તેમને જણાવ્યું હતું.

આ મહિલાએ જાળમાં ફસાવવા માટે તેમને થોડો-ઘણો નફો આપ્યા બાદ તમે સારું કામ કરો છો હવે ક્રિપ્ટો કરન્સીમાં પૈસા રોકવા જણાવ્યું હતું.

ફરિયાદીને લાલચ જાગતાં તેમણે નામ, સરનામું, બેંક ખાતાં વગેરે વિગતો આપી શરૂઆતમાં ૨૬ લાખ આસપાસનું રોકાણ કર્યું જેમાં ફર્જી વેબસાઈટ પર ૨૦થી ૩૦ ટકા નફો બતાવતો હતો, જેને ઉપાડવાનો પ્રયાસ કરતા એરર આવતી હતી.

આ અંગે ગ્રૂપમાં તથા દીપાને જાણ કરતાં વધુ પૈસા ભરવાનું તેમને કહેવાયું હતું.

બાદમાં અનુભવ ગોયલ અને આશુતોષ કુમાર, કોનફોર્જ ફાઈનાન્સ, કોઈન બેઝ ગ્રૂપના કહેવાતા એડમીને પણ લાલચ આપી પૈસા રોકવાનું કહેતાં તેમણે તેમાં પણ પૈસા રોક્યા હતા. ફરિયાદીએ આ ઠગ ટોળકીના કહેવાથી ૨૫ જૂનથી ૪ સપ્ટેમ્બર સુધી ૩૮ જુદા-જુદા ટ્રાન્ઝેકશન કરીને કુલ રૂ. ૫૬,૪૭,૬૭૨ જમા કરાવી દીધા હતા.

આ જમા રકમ પરત મેળવવા તેમણે કહેતાં ઠગ ટોળકીએ વધુ રૂ. ૧૩ લાખ જમા કરાવવાનું જણાવી દેતાં પોતે છેતરાઈ ગયા હોવાનું ભાન થતાં તેમણે સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ ઉપર ફરિયાદ કરી હતી, જેના આધારે પોલીસે આઈ.ટી. એક્ટ તળે ગુનો દર્જ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# પાલનપુરથી સામખિયાળી સુધી રેલવેની ચાર લાઈન થશે, રાજ્ય સરકાર અને રેલવે મંત્રાલય વચ્ચે કરાર થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વિનાશક ભૂકંપ બાદ જેટ ગતિથી વિકાસ પામી રહેલા કચ્છ જિલ્લામાં રેલવે નેટવર્કને અપગ્રેડ કરવાના વિવિધ પ્રકલ્પો હાથ ધરાઈ રહ્યા છે, જેમાં ખાસ કરીને રેલવે સેવાઓથી વંચિત છેવાડાના વિસ્તારોને પણ જોડવા માટેના કેટલાક મહત્ત્વના પ્રકલ્પોને મંજૂરી આપવામાં આવી હતી.

કેન્દ્રીય રેલવે મંત્રીની મુલાકાત દરમ્યાન બે મહાબંદરો ધરાવતા કચ્છમાં કાર્ગોના પરિવહન અને પંચરંગી પ્રજા માટે પ્રવાસી ટ્રેનની સુવિધાનાં માળખાંને વધુ મજબૂત બનાવતા પ્રકલ્પ અંગે રેલવે મંત્રાલય અને રાજ્ય સરકાર વચ્ચે એમઓયુ કરાર થયા હતા. કેન્દ્રીય રેલવે મંત્રીની અમદાવાદ ખાતેની મુલાકાત દરમ્યાન રાજ્ય સરકાર અને રેલવે મંત્રાલય વચ્ચે વિવિધ રેલવેની પરિયોજનાઓ અંગેના કરાર થયા હતા, જેમાં અગાઉ મંજૂર કરાયેલી અને સુરક્ષા માટે મહત્ત્વપુર્ણ એવા સામખિયાળી પાલનપુર સેક્સનમાં કવચ ઈન્સ્ટોલેશનનો સમાવેશ કરાયો હતો.

રેલવે અને રાજ્ય સરકાર વચ્ચે લાઈન વિસ્તૃતિકરણના સર્વેને મંજૂરી આપવામાં આવી છે જેના માટે ૧૩.૦૬ કરોડની રકમ ફાળવવામાં આવી છે, જેમાં ૨૪૮ કિલોમીટર સુધીના પાલનપુરથી સામખિયાળી સુધી ત્રીજી અને ચોથી લાઈન માટેના સર્વેનો પણ સમાવેશ કરાયો છે.

હાલ સામખિયાળીથી ગાંધીધામ, આદિપુર સુધી ચાર લાઈનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે, ત્યારે પાલનપુર સામખિયાળી સુધી ચાર લાઈન નાખવાની કામગીરીનો સર્વે કરાતા પાલનપુરથી ગાંધીધામ સુધી ચાર લાઈન પથરાશે. કચ્છ રેલવે કંપની હસ્તકના સિંગલ લાઈન ટ્રેક બાદ ડબલ લાઈન કરાઈ હતી. ત્યારબાદ હવે ચાર લાઈન માટે સર્વે કરાતા કચ્છના માલવાહક ટ્રેન અને પ્રવાસી ટ્રેનનું આવાગમન વધુ સરળ બનશે.

પાલનપુર રેવાડી ડેડિકેટેડ ફ્રન્ટ કોરીડોર સુધી આ લાઈન ઉપરજ માલગાડીઓ દોડી રહી છે, તેવામાં આ મહત્ત્વના રૂટ ઉપર વધુ બે ટ્રેક પથરાયા બાદ નજીકના ભવિષ્યમાં રેલવે માર્ગે વ્યાપક માત્રામાં સુગમતાપૂર્વક માલનું પરિવહન થઈ શકશે તેવું જાણકારો જણાવી રહ્યા છે. ■

# ભચાઉની મુખ્ય બજારમાં મોબાઈલની દુકાનમાં વીજ શોક લાગતા યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કમોસમી વરસાદ બાદ પ્રવર્તમાન રહેલાં ભેજિયા વાતાવરણને પગલે વીજશોક લાગવાની ઘટનાઓમાં સતત ઇજાફો નોંધાઈ રહ્યો છે. પૂર્વ કચ્છના ભચાઉ શહેરની મુખ્ય બજારમાં મોબાઈલ રિપેરિંગની દુકાનમાં કામ કરતા વિષ્ણુચંદ્દુ લુહાર (ઉં.વ.૨૬) નામના યુવાનને વીજ શોક ભરખી જતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી.

આ કરુણાંતિકા અંગે જાણવા મળતી વિગતો મુજબ, ભચાઉના દરબારગઢ ઉપલાવાસમાં રહેનાર વિષ્ણુ લુહાર નામનો હતભાગી મુખ્ય બજારમાં આવેલી જસ્ટવન મોબાઈલ નામની દુકાનમાં બેસીને સ્માર્ટફોનના રિપેરિંગનું કામ કરી રહ્યો હતો એ વેળાએ તેને જોરદાર વીજ શોક લાગતા તેનું સારવાર મળે એ પહેલાં જ મોત નીપજ્યું હતું. ભચાઉ પોલીસે આ ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે. ■

# ભુજમાં જાણીતા ફૂટવેરના શો-રૂમમાંથી મેફેડ્રોન ડ્રગ્સ સાથે માલિકની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી નશીલા દ્રવ્યોનો વ્યાપ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. તેવામાં ભુજ શહેરના ટ્રાફિકથી સતત ધમધમતા રહેતા ન્યુ સ્ટેશન રોડ પર આવેલી જાણીતી ફૂટવેરની દુકાનમાંથી ૭૫ હજારની કિંમતના ૭.૫ ગ્રામ મેકડ્રોન ડ્રગ્સ સાથે એક શખ્સને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે ઝડપી લેતાં શહેરભરમાં ચકચાર મચી ગઈ હતી.

કાર્યવાહી અંગે પશ્ચિમ કચ્છ એસ.ઓ.જી.ના પી.આઇ. કે. એમ. ગઢવીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પેટ્રોલિંગ દરમ્યાન મળેલી પૂર્વ બાતમીના આધારે ભુજના સ્ટેશન રોડ પર એસ.બી.આઈ બેંકની બાજુમાં આવેલા રિયલ ફૂટવેર નામના શો-રૂમમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ વેળાએ અહીં હાજર મળી આવેલા શો-રૂમના માલિક અબ્દુલગની અકબરઅલી મેમણ (રહે. રોયલ સિટી ભુજ)ને સાથે રાખી હાથ ધરેલા સર્ચ દરમ્યાન જૂતાના બોક્સ વચ્ચે સંતાડવામાં આવેલું ૭.૫ ગ્રામ એમ.ડી ડ્રગ્સ મળી આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં અબ્દુલગનીએ આ માદક પદાર્થ તેણે પોતાના અંગત વપરાશ માટે તેના મિત્રો સલુ શેખડાડા અને ઉમરશા શેખડાડા (રહે. બંને શેખ ફળિયા ભુજ) પાસેથી રૂપિયા ૨૭,૦૦૦માં ૧૧ ગ્રામ ખરીદી, થોડું સેવન કર્યું હતું.

આ દરોડા દરમ્યાન ૭.૫ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ કિં. રૂ. ૭૫,૦૦૦ અને ત્રણ સ્માર્ટ ફોન કિં.રૂ. ૪૫,૫૦૦ અને રોકડા ૧૫,૫૩૦ અને સીસીટીવી કેમેરાનું ડી.વી.આર. કિં. રૂ.૨૦૦૦ સહિત કુલે રૂ. ૧,૩૮,૦૩૦ના મુદ્દામાલને અંકે કર્યો હતો અને ભુજના એ-ડિવિઝન પોલીસ મથકે ત્રણ આરોપીઓ વિરુદ્ધ એનડીપીએસ એક્ટ તળે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કેસના આરોપી અબ્દુલગનીને પોલીસે ચીફ કોર્ટમાં પાંચ દિવસના રિમાન્ડની માગ સાથે રજૂ કરતાં જજ જે.વી. બુધે રિમાન્ડની ગ્રાહ્ય રાખ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચડીના વિદ્યાર્થીઓએ અનોખો વિરોધ કર્યો



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એક વખત વિવાદમાં આવી હતી. પીએચડીના વિદ્યાર્થીઓએ કરેલો વિરોધ ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો. યુનિવર્સિટીના હ્યુમિનીટીઝ અને સોશ્યલ સાયન્સ ભવનના પીએચડીના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી કેમ્પસમાં માતા સરસ્વતીની પ્રતિમા લઈને રજૂઆત કરવા આવ્યા હતા.

રજૂઆત કરવા આવેલા વિદ્યાર્થીઓના કહેવા મુજબ, લાંબા સમયથી ભવનમા ડીનની જગ્યા ખાલી છે, જેના કારણે અનેક પ્રક્રિયા ખોરંભે પડી છે. જો ટૂંક સમયમાં આ અંગેનો કોઈ નિર્ણય નહીં લેવાય તો નિયમ મુજબ રજિસ્ટ્રેશન રદ થઈ શકે છે, ઉપરાંત તેમની કારકિર્દી પણ જોખમમાં મુકાઈ શકે છે. ઉલ્લેખનીય છે કે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓનો કોંગ્રેસનો પણ સાથ મળ્યો હતો. કોંગ્રેસના નેતાએ કહ્યું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શિક્ષણનું કેન્દ્ર બનવાના બદલે રાજકીય અખાડો બની ગઈ છે, જેના કારણે અનેક વિદ્યાર્થીઓનું ભાવિ જોખમમાં મુકાયું છે. ■

# મુંદરામાંથી ૧૬૩ વિવિધ બેંકના એટીએમ કાર્ડ, બે માઇક્રો એટીએમ મશીન અને ફિંગરપ્રિન્ટ સ્કેનર સાથે શખ્સની અટક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાજેતરમાં ગાંધીધામ શહેરની સોની બજાર ખાતે આવેલા એસ.બી.આઈ બેંકના એટીએમ મશીન સાથે ચેડાં કરીને ત્રણ યુવકોએ બારોબાર રૂ.૪,૬૯,૬૦૦ ઉપાડી લીધા હોવાના બનાવની તપાસ હજુ ચાલી રહી છે તેવામાં મુંદરામાં એટીએમ મશીનોમાંથી વિવિધ બેંકના એટીએમ કાર્ડ વડે નાણાંનો સમયાંતરે ઉપાડ કરતા રહેતા મૂળ મધ્ય પ્રદેશના શંકાસ્પદ શખ્સને પોલીસે ઝડપી લઇ, તેની પાસેથી ૧૬૬ જેટલા એટીએમ કાર્ડ, બે માઇક્રો એટીએમ મશિન અને ફિંગર ડિવાઇસ તેમજ રોકડા રૂ. ૧,૩૧,૦૦૦ મળી આવ્યા હતા.

અલબત્ત પ્રાથમિક તપાસમાં આ શંકાસ્પદ શખ્સ એક કંપનીનો સુપરવાઇઝર હોવાનું અને આ એટીએમ કાર્ડ શ્રમિકોના હોવાનું બહાર આવ્યું હતું. મુંદરા પોલીસના જણાવ્યા મુજબ, શહેરના શકિત નગર સર્કલ પાસેના ફેડરલ બેંકના એટીએમ મશીનમાં જિતેન્દ્રસિંઘ યાદવ (રહે. હાલ મોટા કપાયા, મૂળ મધ્ય પ્રદેશ) નામનો વ્યક્તિ અલગ-અલગ એટીએમ કાર્ડથી નાણાં ઉપાડી રહ્યો હોવા અંગે મળેલી પૂર્વબાતમીના આધારે જિતેન્દ્રસિંઘ વીરેનસિંઘ યાદવને દબોચી લીધો હતો. તેની પાસે રહેલા થેલામાંથી કુલ ૧૬૬ એટીએમ કાર્ડ તેમજ પેક્સ કંપનીના બે માઇક્રો એટીએમ મશીન કિં. રૂ. ૨૦૦૦ તથા મંત્રા કંપનીનું ઓપ્ટિકલ ફિંગલ પ્રિન્ટ સ્કેનર કિં. રૂ. ૧૦૦૦,રોકડા રૂ. ૧,૩૧,૦૦૦ અને એક મોબાઇલ ફોન કિં. રૂ. ૫,૦૦૦ સહીત રૂ. ૧,૩૯,૦૦૦ના મુદ્દામાલ અંકે કરી લેવામાં આવ્યો હતો. આટલા બધા એટીએમ કાર્ડ તથા ડિજિટલ ડિવાઇસ અંગે પોલીસે કરેલી પૂછતાછમાં સંતોષકારક જવાબ ન આપતા તેની અટક કરીને તેની સાથે સંકળાયેલા અન્ય વ્યક્તિઓ અંગેની ઊંડાણપૂર્વકની તપાસ પોલીસે આદરી છે. દરમ્યાન, મુંદરાના પીઆઇ આર.જે. ઠુમ્મરના જણાવ્યા પ્રમાણે જિતેન્દ્ર સિંઘ જિન્દાલ કંપનીમાં સુપરવાઇઝર છે અને આ એટીએમ કાર્ડ કંપની શ્રમિકોના છે અને તેઓએ જ જીતેન્દ્રસિંઘને આપ્યાનું જાણવા મળ્યું છે તેમ છતાં આ વ્યક્તિની હાલ પૂછતાછ ચાલી રહી હોવાનું તેઓએ ઉમેર્યું હતું. ■

# જૂનાગઢમાં દસ્તાવેજમાં ‘એફિડેવિટ’ માગતા નાયબ મામલતદાર પર ચેમ્બરમાં ખુરશી વડે હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ શહેરની તાલુકા સેવા સદનથી ચોંકવનારો બનાવ બન્યો હતો. ઈ-ધરા કેન્દ્રમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર પર એક વ્યક્તિએ ખુરશીનો ઘા કરીને હુમલો કર્યો હોવાની ઘટના બની હતી. એક વ્યક્તિ મામલતદારની ચેમ્બરમાં ધસી આવ્યો હતો અને ખુરશીથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનામાં નાયબ મામલતદારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે નાયબ મામલતદાર ભાર્ગવભાઈ ધામેચા (ઉં.વ. ૩૮) એ જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં રવીભાઈ ઉર્ફે રવીન્દ્ર પ્રવીણચંદ્ર ચંદે સામે સરકારી ફરજમાં રૂકાવટ અને ધમકી આપવાની ફરિયાદ નોંધાવી હતી.

નાયબ મામલતદાર ભાર્ગવભાઈ ધામેચા જૂનાગઢ સિટી ઈ-ધરા કેન્દ્રમાં ફરજ બજાવે છે. બે વ્યક્તિ તેમની ચેમ્બરમાં એક વેચાણ દસ્તાવેજની એન્ટ્રી માટે અરજી લઈને આવ્યા હતા. નાયબ મામલતદારે અરજી અને દસ્તાવેજોની ચકાસણી કરી હતી અને તેમણે જોયું કે જમીનના ગામ નમૂના નંબર-૭ માં પાણી લેવાના તથા રસ્તાના હક લખાયેલા હતા, પરંતુ દસ્તાવેજમાં આ અંગે કોઈ સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. આથી, મામલતદારે હરેશ કાચાને આ બાબતે સ્પષ્ટતા માટે વધારાનું એફિડેવિટ રજૂ કરવા જણાવ્યું હતું.

તેમણે દસ્તાવેજની ઓનલાઇન એન્ટ્રી તો લોક કરી દીધી, પરંતુ એફિડેવિટની વાતથી અરજદારના માણસોએ તેમના શેઠ રવીન્દ્ર ચંદેને ફોન કર્યો હતો અને ફોન પર નાયબ મામલતદાર સાથે વાત કરી હતી, જે બાદ જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. હું તમને જોઈ લઈશ અને આર.ટી.આઈ. કરીશ જેવી ધમકીઓ પણ આપી હતી. નાયબ મામલતદારે પણ તમારે જે કાર્યવાહી કરવી હોય તે કરી શકો છો તેમ કહીને વાત પૂરી કરી હતી. બોલાચાલીના થોડા જ સમયમાં, રવીન્દ્ર ચંદે પોતે ગુસ્સામાં ઑફિસમાં ધસી આવ્યા હતા અને ચેમ્બરમાંથી લાકડાની ખુરશી ઉપાડીને નાયબ મામલતદાર પર ઘા કર્યો હતો. ■

# મોરબી મહાનગરપાલિકા દ્વારા સ્વદેશી મેળો ખુલ્લો મુકાયોઃ

## ૬૦ સ્ટોલથી સ્થાનિક કારીગરોને રોજગારી મળશે

અમદાવાદઃ વિકાસ સપ્તાહ અને શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત વોકલ ફોર લોકલની નેમ સાથે મોરબી મહાનગરપાલિકા દ્વારા ૧૮ ઓક્ટોબર સુધી મોરબી શહેરમાં એલ.ઈ. કૉલેજ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સ્વદેશી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન-વેચાણ મેળાને આજે કલેક્ટર કે.બી. ઝવેરી અને મહાનગરપાલિકાના કમિશ્નર સ્વપ્નિલ ખરેની પ્રેરક ઉપસ્થિતિમાં ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

વિકાસ સપ્તાહ અંતર્ગત દિવાળીના પર્વ પર સ્થાનિક ઉદ્યોગકારો અને હસ્તકલાના કારીગરોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તેવા હેતુથી સ્વદેશીની થીમ સાથે આયોજિત ૧૦ દિવસીય મેળામાં વેચાણ-પ્રદર્શન માટે ૫૦ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. ઉપરાંત ખાણીપીણી માટેના જુદા ૧૦ સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સ્ટોલ પર સ્થાનિક કારીગરો અને સખી મંડળની બહેનો દ્વારા વિવિધ હસ્તકલાની વસ્તુઓનું વેચાણ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. સ્થાનિક કારીગરો માટે રોજગારીનું સર્જન કરવા તથા તેમના દ્વારા બનાવવામાં આવતી કલાત્મક અને વધુ ટકાઉ અને ગુણવત્તાવાળી વસ્તુઓ લોકોને સ્થાનિક કક્ષાએ જ મળી રહે તે માટે આયોજિત આ સ્વદેશી મેળાની વધુને વધુ લોકો મુલાકાત લે. ■

# સિહોર નાયબ કલેક્ટર કચેરીના આઉટસોર્સનો કર્મી લાંચમાં સપડાયોઃ

## વારસાઈમાં નામ ચઢાવવા ૩૨,૦૦૦ની લાંચ માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના ના સિહોરની નાયબ કલેક્ટર કચેરીમાં આઉટ સોર્સ તરીકે ફરજ બજાવતા કર્મચારીએ ફરિયાદીની જમીનમાં વારસાઇ નામોની નોંધ કરાવવા માટે રૂ. ૩૨ હજારની લાંચ લેતા એ.સી.બી. દ્વારા છટકુ ગોઠવી આઉટ સોર્સના કર્મચારીની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના વલભીપુરના તોતણીયાળા ગામે રહેતા એક યુવકના કુટુંબી કાકાના અવસાન બાદ તેમના નામે રહેલી સંયુક્ત જમીનમાં સીધી લીટીના વારસદાર તરીકે ફરિયાદીના કાકી અને તેઓના બાળકોના નામ વારસાઇ નોંધ કરવાવા માટે ફરિયાદીના કાકીએ વલભીપુર મામલતદાર કચેરી ખાતે અરજી કરેલ હતી.જે નામમાં વિસંગતતાને લઇ અરજી નામંજૂર થયેલ જે બાબતે નાયબ કલેક્ટર કચેરી સિહોર ખાતે તેની અપીલ પણ કરવામાં આવી હોય. જે અપીલના ઓર્ડમાં સહી થઇ ગયેલ હોય છતાં ઓર્ડરના નકલની બજવણી કરવા અને વારસાઇ નોંધ દફતરે કરાવવા માટે થઇ નાયબ કલેક્ટર સિહોર ખાતે ફરજ બજાવતો આઉટ સોર્સનો કર્મચારી રસીકભાઇ ઘનશ્યામભાઇ રાઠોડએ ફરિયાદી પાસે રૂ. ૩૨,૦૦૦ની લાંચ માંગેલ હતી.

જે લાંચ ફરિયાદી આપવા ન માંગતા એ.સી.બી. પોલીસનો સંપર્ક કરતા એ.સી.બી. ફિલ્ડ -૧ અમદાવાદના પી.આઇ. એ.કે.ચૌહાણ તેમજ તેમની ટીમ દ્વારા છટકું ગોઠવવામાં આવતા રસીક ઘનશ્યામભાઇ રાઠોડે રૂ. ૩૨,૦૦૦ની લાંચ સ્વીકારતા રંગેહાથે ઝડપી લઇ કાર્યવાહી શરૂ કરી હતી. જો કે, આ મામલે એ.સી.બી.ના હાથે લાગેલા રસીક ઘનશ્યામભાઇ રાઠોડે આ લાંચ સિહોર મામલતદાર વતી લીધી હોવાનો આક્ષેપ કરતા પોલીસે તે દિશામાં પણ તપાસ આરંભી હોવાનું એ.સી.બી.ના અધિકારીએ જણાવ્યું હતું. ■

# અમરેલીના સાવરકુંડલા યાર્ડમાં મગફળીની ધૂમ આવક, પણ ઓછો ભાવ મળતાં ખેડૂતો નિરાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમરેલીના સાવરકુંડલા યાર્ડમાં હાલ મગફળીની ધૂમ ખરીદી થઈ રહી છે. રોજની સરેરાશ ૫૦૦૦ મણ જેટલી મગફળી જુદાં જુદાં ગામોમાંથી ખેડૂતો વેચવા માટે લાવે છે. જો કે, આ વધતી આવકની વચ્ચે ખેડૂતોને રૂ.૬૦૦થી રૂ. ૮૦૦નો ભાવ મળી રહ્યો છે. ઉચ્ચ ગુણવત્તાની મગફળીને જ મહત્તમ રૂ. ૧૦૦૦નો ભાવ મળે છે. આ ભાવોને કારણે ખેડૂતો મોટું નુકસાન ભોગવી રહ્યા છે અને તેઓએ સરકાર તરફથી પોષણક્ષમ ભાવ મળે તેવી માગણી કરી હતી. એપીએમસીમાં મગફળી વેચવા આવેલા ખેડૂતોએ કહ્યું, મગફળીના ઉત્પાદનમાં બિયારણ, દવા, મજૂરી અને અન્ય ખર્ચની ગણતરી કરો તો રૂ. ૬૦૦ થી ૮૦૦ના ભાવે વેચાણથી અમે નુકસાનમાં જઈએ છીએ. હાલ દિવાળીના તહેવારોને કારણે પૈસાની જરૂર છે, તેથી મજબૂરીવશ આ ભાવે વેચવું પડે છે. સૂત્રોએ જણાવ્યું કે, ટેકાના ભાવ હજુ શરૂ થયા નથી અને વરસાદથી મગફળીમાં ભેજ લાગી ગયો છે, જેના કારણે ભાવ વધુ ઘટ્યા છે. સરકાર ભાવાંતર યોજના દાખલ કરે તો ખેડૂતોને ઓછા ભાવની ચિંતા નહીં રહે. મગફળીનું વાવેતર તેઓએ સારા ભાવની અપેક્ષાથી કર્યું હતું, પરંતુ વરસાદે તેમની કમર તોડી નાખી છે. ■



ભાવનગરમાં આઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા વિકાસ સપ્તાહ અંતર્ગત જિલ્લાની તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે પોષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. (તસ્વીરઃ વિપુલ હિરાણી, ભાવનગર)